# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વાસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

12 APRIL, 2026 SUNDAY



પેજ 2 

IPS એસોસિએશનનો ઠરાવ: સુરક્ષાનું કવચ કે અવાજ દબાવવાનું હથિયાર?

પેજ 3 
સાહિલ શેખે 'હાથ' છોડી 'કમળ' પકડ્યું, ભાજપે સીધી ટિકિટ આપી ખેલ પાડ્યો!

પેજ 7 
ઈલોન મસ્કે xAIમાં નવી ભરતી કરી ભારતીય મૂળના ત્રણ યુવાનોને ટોપ જોબ

પેજ 5 
ગોબલજ ગામે ગાય માતાની ગૌચર જમીનને ગેરકાનૂની રીતે વેચી દેતા ગ્રામજનો અને ભૂમાફિયાઓ ઘર્ષણ



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 27 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## તેઓ આ યાત્રામાં મારી સાથે છે; સ્કૂલ પર મિસાઇલ હુમલામાં માર્યા ગયા હતા : ઈરાની સંસદ સ્પીકર મોહમ્મદ બાઘર ગાલિબાફ

# ઈરાની નેતા વિમાનમાં બાળકોના ફોટા સાથે પાકિસ્તાન પહોંચ્યા

### શુક્રવારે મોડી રાત્રે ઈરાનનું ડેલિગેશન અમેરિકા સાથે શાંતિ વાટાઘાટો માટે પાકિસ્તાન પહોંચ્યું હતું

• ઈસ્લામાબાદ

શુક્રવારે મોડી રાત્રે ઈરાનનું ડેલિગેશન અમેરિકા સાથે શાંતિ વાટાઘાટો માટે પાકિસ્તાન પહોંચ્યું હતું. તેનું નેતૃત્વ ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર ગાલિબાફ કરી રહ્યા છે.

ઈસ્લામાબાદ પહોંચ્યા પછી તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો. તેમાં પ્લેનની સીટ પર ચાર બાળકોના ફોટા રાખવામાં આવ્યા છે, દરેક પાસે સ્કૂલ બેગ અને ફૂલો પણ મુકેલા છે.

28 ફેબ્રુઆરીના રોજ યુદ્ધના પહેલા દિવસે, ઈરાનના શહેર મીનાબમાં એક પ્રાથમિક સ્કૂલ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બાળકો અને શાળાના કર્મચારીઓ સહિત 168 લોકો માર્યા ગયા હતા. આ હુમલાના આરોપ અમેરિકા અને ઈઝરાયલ પર લગાવવામાં આવ્યા હતા.

બીજી તરફ, અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ પણ પ્રતિનિધિમંડળ સાથે આજે ઈસ્લામાબાદ પહોંચશે. અમેરિકા અને ઈરાન વચ્ચેની આ મહત્વની બેઠક આજે ઈસ્લામાબાદમાં યોજાવાની છે, જેના પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ વાતચીત પહેલા ઈરાનને ધમકી આપી છે. તેમણે કહ્યું છે કે ઈરાન પાસે ટૂંકા સમય માટે દરિયાઈ માર્ગો પર જબરદસ્તી વસૂલાત કરવા સિવાય બીજો કોઈ દાવ બચ્યો નથી. તેમણે એવી ધમકી પણ આપી કે તેઓ (ઈરાન) એટલા માટે જ જીવતા છે જેથી વાતચીત કરી શકે.



અમેરિકન ગુપ્તચર અહેવાલ મુજબ, ચીન આગામી અઠવાડિયામાં ઈરાનને નવી એર ડિફેન્સ સિસ્ટમ આપવાની તૈયારી કરી રહ્યું છે. આ દાવો CNN દ્વારા એક અહેવાલમાં કરવામાં આવ્યો છે, જેમાં ત્રણ સ્ત્રોતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે ઈરાન વર્તમાન શાંતિ પરિસ્થિતિનો લાભ લઈને પોતાના શસ્ત્રોના ભંડારને ફરી ભરી રહ્યું છે.

બે સૂત્રોના જણાવ્યા અનુસાર, ચીન આ શસ્ત્રો સીધા મોકલશે નહીં, પરંતુ સપ્લાયને છુપાવવા માટે ત્રીજા દેશ દ્વારા મોકલવાની યોજના છે.

જોકે, આ સમાચારની હજુ સુધી ચીન કે ઈરાન દ્વારા સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવી નથી. અલ જઝીરાના અહેવાલ મુજબ ઈઝરાયલે દક્ષિણ લેબનાનના નાબાતિયામાં હવાઈ હુમલા કર્યા છે.

જોકે, ઈઝરાયલી સૈન્ય તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, અને કોઈ જાનહાનિ અંગે હજુ સુધી કોઈ પ્રારંભિક માહિતી જાહેર કરવામાં આવી નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા અવરોધ વચ્ચે, 60થી વધુ ખાલી મોટા ઓઈલ ટેન્કર (VLCC) અમેરિકાના ગલ્ફ કોસ્ટ તરફ રવાના થઈ રહ્યા છે. આ ટેન્કર વિશ્વભરના વિવિધ દેશોના છે. શિપિંગ ડેટા અનુસાર, આ ટેન્કર ત્યાં પહોંચીને અમેરિકન ક્રૂડ ઓઈલ લોડ કરશે.

દરેક ટેન્કર આશરે 20 લાખ બેરલ તેલ લઈ જઈ શકે છે. આનાથી અમેરિકાને એશિયા અને યુરોપના બજારોમાં પુરવઠો વધારવામાં મદદ મળશે, જે ગલ્ફ ક્ષેત્રમાંથી ઘટતા સપ્લાયના કારણે પ્રભાવિત છે.

આ દરમિયાન, હોર્મુઝ સ્ટ્રેટમાં શિપિંગ ટ્રાફિક સામાન્ય કરતા નોંધપાત્ર રીતે ઓછો રહે છે. મર્યાદિત સંખ્યામાં જહાજો આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા છે, અને વિલંબના વારંવાર અહેવાલો આવી રહ્યા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન મદદ કરે કે ન કરે, હોર્મુઝ ટૂંક સમયમાં ફરી ખુલશે. શુક્રવારે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે અન્ય દેશો પણ મદદ કરવા તૈયાર છે. તેમણે સ્વીકાર્યું કે તે સરળ નહીં હોય, પરંતુ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ માર્ગ ટૂંક સમયમાં ફરી ખુલશે.

ટ્રમ્પે એ સ્પષ્ટ કર્યું નહીં કે અમેરિકા તેને કેવી રીતે ખોલશે, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે જો ઈરાન જહાજો પસાર થવા માટે પૈસા (ટોલ) વસૂલવાનો પ્રયાસ કરશે, તો તે સ્વીકારવામાં આવશે નહીં. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વાટાઘાટો માટે પાકિસ્તાનના ઈસ્લામાબાદ પહોંચેલ ઈરાની પ્રતિનિધિમંડળ "મીનાબ 168" નામના વિમાનમાં પહોંચ્યું.

બીબીસીના જણાવ્યા અનુસાર, આ ફલાઈટનું નામ ઈરાની શહેર મીનાબમાં કન્યા શાળા પર થયેલા હુમલાની યાદમાં રાખવામાં આવ્યું છે. હુમલામાં માર્યા ગયેલા મોટાભાગના બાળકો હતા.

ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, 28 ફેબ્રુઆરીના રોજ મીનાબમાં એક પ્રાથમિક શાળા પર મિસાઈલ હુમલો થયો હતો, જેમાં ઘણા બાળકો માર્યા ગયા હતા.

## ચંદ્રની ઐતિહાસિક સફર કરીને પૃથ્વી પર પરત ફર્યા 4 અવકાશયાત્રી

### 11.17 લાખ કિમીની મુસાફરી કરી, સવારે પ્રશાંત મહાસાગરમાં ઉતર્યું NASAનું યાન

• વોશિંગ્ટન

નાસાના આર્ટેમિસ II મિશનના ચાર અવકાશયાત્રીઓ ચંદ્રની નજીક પહોંચીને પૃથ્વી પર પાછા ફર્યા છે. આજે 11 એપ્રિલે સવારે 5:37 વાગ્યે (IST) તેમનું ઓરિયન કેપ્સ્યુલ અમેરિકાના સાન ડિએગોના કિનારે નજીક પ્રશાંત મહાસાગરમાં 'સ્પ્લેશડાઉન' થયું. આ મિશન 2 એપ્રિલે લોન્ચ થયું હતું.

1972 પછી આ પહેલીવાર છે, જ્યારે મનુષ્ય ચંદ્રની આટલો નજીક પહોંચ્યો છે. આર્ટેમિસ II ના અવકાશયાત્રીઓએ 6 એપ્રિલે પૃથ્વીથી સૌથી વધુ અંતર સુધી યાત્રા કરીને કોઈપણ માનવીય અવકાશ મિશનનો રેકોર્ડ તોડ્યો હતો. તેમણે ચંદ્રના અંધારા ભાગની ફોટોગ્રાફી પણ કરી હતી.

આ મિશનનો હેતુ સ્પેસક્રાફટના 'લાઈફ સપોર્ટ સિસ્ટમ'ની તપાસ કરવાનો હતો. નાસા જોવા માંગતું હતું કે અવકાશમાં મનુષ્યોના રહેવા માટે આ કેટલું સુરક્ષિત છે. યાન હજુ ચંદ્રની સપાટી પર ઉતર્યું નથી,



પરંતુ ભવિષ્યમાં ચંદ્ર પર મનુષ્યોના વસવાટનો માર્ગ સરળ બનાવશે. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરતી વખતે ઓરિયન સ્પેસક્રાફટની ઝડપ 40,000 થી 42,000 કિમી પ્રતિ કલાક હતી. આ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) થી પરત ફરતા યાનોની સરખામણીમાં ઘણી વધારે છે. વધુ ઝડપ અને ગુરુત્વાકર્ષણના કારણે ઉત્પન્ન થતા ભારે દબાણ અને ગરમી સહન કરવા માટે આ યાનને ખાસ કરીને મજબૂત બનાવવામાં આવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### સુપ્રીમ કોર્ટે પત્નીથી 16 વર્ષથી અલગ રહેલા પતિને છૂટાછેડા આપવાનો ઇનકાર કર્યો

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે 16 વર્ષથી પત્નીથી અલગ રહેતા 54 વર્ષના એક વ્યક્તિને છૂટાછેડા આપવાનો ઈનકાર કર્યો. કોર્ટે કહ્યું કે તે પોતાની પત્નીને 15,000 માસિક ભરણપોષણ આપતો રહે અને જો છૂટાછેડા જોઈતા હોય તો કાયમી ભરણપોષણનો નક્કર પ્રસ્તાવ આપે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે સુનાવણી દરમિયાન કહ્યું કે 15,000 આજના સમયમાં ખૂબ ઓછી રકમ છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું, "શાંતિથી 15,000 આપતા રહો, ખુશ રહો." આ પહેલા હાઈકોર્ટે પણ આ વ્યક્તિની છૂટાછેડાની અરજી ફગાવી દીધી હતી. પતિ-પત્ની વિશે વધુ માહિતી સામે આવી નથી. કોર્ટે એમ પણ કહ્યું કે પતિએ ક્રૂરતાનો જે આધાર બતાવ્યો છે.

### રાજસ્થાન-છત્તીસગઢમાં તાપમાન 40ને પાર પહોંચશે: MPમાં પારો 1 થી 5.4C સુધી વધ્યો, હીટવેવ નહી

• ભોપાલ

દેશભરમાં ગરમી વધવા લાગી છે. શુક્રવારે રાજસ્થાનના બાડમેરમાં દિવસનું તાપમાન 37.5C સુધી પહોંચ્યું. હવામાન વિભાગ મુજબ રાજ્યમાં આગામી બે દિવસમાં દિવસનું તાપમાન 40Cને પાર જઈ શકે છે.

છત્તીસગઢના બિલાસપુર, રાયપુર અને દુર્ગ સંભાગમાં દિવસનું તાપમાન 42Cથી વધુ જઈ શકે છે. અહીં હીટવેવની સ્થિતિ બની શકે છે. દિવસની સાથે જ રાતનું તાપમાન પણ ઝડપથી વધશે.

મધ્યપ્રદેશમાં વાવાઝોડા-વરસાદ અટકતા જ ગરમી વધવા લાગી છે. શુક્રવારે મોટાભાગના શહેરોમાં દિવસના તાપમાનમાં 1C થી 5.4C સુધીનો વધારો થયો. રતલામમાં સૌથી વધુ 5.4C નો વધારો થયો. જોકે, હીટવેવનું એલર્ટ નથી.

### ગગનયાન મિશનનો બીજો ક્રૂ મોડ્યુલ ટેસ્ટ સફળ:ચિનૂક હેલિકોપ્ટરથી 3 કિમીની ઊંચાઈએથી છોડવામાં આવ્યું

• શ્રીહરિકોટા

ભારતના પ્રથમ માનવ અવકાશ મિશન ગગનયાનની તૈયારીમાં મોટી સફળતા મળી છે. ISRO એ ગુરુવારે બીજો ઈન્ટિગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ (IADT-1) સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. આ ટેસ્ટ ગગનયાન મિશન માટે તૈયાર કરાયેલ પેરાશૂટ સિસ્ટમની વાસ્તવિક પરિસ્થિતિઓની તપાસ કરવા માટે કરવામાં આવ્યો હતો.

તેનો હેતુ ગગનયાન મિશન પહેલા પેરાશૂટ ખુલવાની પ્રક્રિયાને તપાસવાનો હતો. આ પ્રક્રિયા મિશન સમયે અવકાશયાત્રીઓની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરશે. ટેસ્ટ દરમિયાન લગભગ 5.7 ટન વજનના ડમી ક્રૂ કેપ્સ્યુલને વાયુસેનાના ચિનૂક હેલિકોપ્ટરથી 3 કિમીની ઊંચાઈએથી છોડવામાં આવ્યું. કેપ્સ્યુલે સમુદ્રમાં સુરક્ષિત લેન્ડિંગ કર્યું. છેલ્લા 8 મહિનામાં ક્રૂ કેપ્સ્યુલનો આ બીજો એર ડ્રોપ ટેસ્ટ છે. પ્રથમ ટેસ્ટ 24 ઓગસ્ટ 2025ના રોજ કરવામાં આવ્યો હતો. ગગનયાન ISROનું હ્યુમન સ્પેસ મિશન છે.

## મમતા ભત્રીજાને સીએમ બનાવવા માગે છે : ગૃહમંત્રી અમિત શાહ

ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે પશ્ચિમ બંગાળના ડેબ્રામાં એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે મમતા બેનર્જીને બંગાળના લોકોની પરવા નથી. તેમને ફક્ત તેમના ભત્રીજા અભિષેક બેનર્જીને આગામી મુખ્યમંત્રી બનાવવામાં રસ છે.

આ દરમિયાન, બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉત્તર 24 પરગણાના તેંતુલિયામાં એક ચૂંટણી રેલી યોજી હતી. તેમણે કહ્યું, "સાપ પર વિશ્વાસ કરી શકાય છે, પરંતુ ભાજપ પર નહીં."

શુક્રવારે, ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળ માટે પોતાનો મેનિફેસ્ટો એટલે "વિશ્વાસ પત્ર" બહાર પાડ્યો. તેણે મહિલાઓ માટે દર મહિને 3,000, યુવાન બેરોજગારો માટે દર મહિને 3,000,



પહેલા છ મહિનામાં UCC લાગુ કરવાની અને 45 દિવસમાં સરકારી કર્મચારીઓ માટે સાતમો પગાર ધોરણ જાહેર કરવાની જાહેરાત કરી. ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ કહ્યું, "જ્યારે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થઈ રહ્યો હતો અને જ્યારે ચિન્મય પ્રભુને કથિત રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા, ત્યારે અમિત શાહ કે નરેન્દ્ર મોદીએ કંઈ કહ્યું નહીં.

### યમુનામાં બોટ પલટી, 10 પ્રવાસીઓનાં મોત

## લાઈફ જેકેટ નહોતા પહેર્યા, મદદ માટે સેના પહોંચી; તમામ પંજાબના રહેવાસી હતા

• મથુરા

મથુરાના વૃંદાવનમાં યમુના નદીમાં 30 પ્રવાસીઓને લઈ જતી ખાનગી બોટ પલટી ગઈ. આ દુર્ઘટનામાં 10 પ્રવાસીઓ ડૂબી ગયા. જેમાં 7 મહિલાઓ અને 3 પુરુષોનો સમાવેશ થાય છે. મૃતકોમાં એક પતિ-પત્ની અને એક પિતા-પુત્રીનો સમાવેશ થાય છે. બોટ પર સવાર તમામ પ્રવાસીઓ બાંકે બિહારી ક્લબના સભ્યો હતા અને પંજાબથી દર્શન કરવા આવ્યા હતા.

ડીએમ ચંદ્ર પ્રકાશ સિંહે જણાવ્યું હતું કે, શ્રી બાંકે બિહારી મંદિરથી લગભગ 2 કિમી દૂર કેસી ઘાટ પર બપોરે 3 વાગ્યે આ અકસ્માત થયો હતો. રાહત અને બચાવ કામગીરી માટે સેના પહોંચી ગઈ છે. ગાઝિયાબાદથી એનડીઆરએફની ટીમ પણ વૃંદાવન પહોંચી ગઈ છે. પ્રવાસીઓ બે હોડીમાં સવાર હતા. એક હોડી જેમાં 25 થી 27 લોકો સવાર હતા તે પલટી ગઈ. દસ લોકોનાં મોત થયા છે. બાર ઘાયલોને બચાવી લેવામાં આવ્યા છે. ત્રણથી પાંચ લોકો હજુ પણ ગુમ છે. બચાવ ટીમો શોધખોળ કરી રહી છે. અકસ્માત સ્થળે લગભગ 30 ફૂટ પાણી છે. અકસ્માત બાદ બોટમેન ભાગી ગયો. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું કે બોટની ક્ષમતા 15 યાત્રાળુઓ માટે હતી.

### ઈરાનની માગ- લેબનોન પર હુમલા તાત્કાલિક બંધ કરો

## ઈરાન-અમેરિકાનો વાટાઘાટોનો બીજો રાઉન્ડ:47 વર્ષ પછી બંને દેશોની આમને-સામને વાતચીત

• ઈરાન

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ બે કલાક ચાલ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાને લેબનોન પર ઈઝરાયલી હુમલાઓને તાત્કાલિક રોકવાની માંગ કરી. થોડા વિરામ પછી રાત્રે 9-30 વાગ્યે બંને દેશો વચ્ચે બીજો રાઉન્ડ શરૂ થયો છે. એક્સપર્ટ માને છે કે બીજા રાઉન્ડના અંતમાં સુખદ સમાધાન થઈ જાય તેવું લાગે છે. નિષ્ણાતોએ બેઠકમાં સિક્યોરિટી, પોલિટિક્સ, મિલિટરી, ફાયનાન્સ અને કાનૂની મુદ્દાઓ પર ચર્ચા કરી. ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે યુએસ પક્ષનું નેતૃત્વ કર્યું, જ્યારે સંસદના સ્પીકર



મોહમ્મદ બાઘર ગાલિબાફે ઈરાની પક્ષનું નેતૃત્વ કર્યું.ો આ બેઠક આવતીકાલે પણ ચાલુ રહેવાની અપેક્ષા છે. 47 વર્ષ પહેલાં 1979માં ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ પછી આ પહેલી વાર હતું જ્યારે બંને દેશોના નેતાઓએ આટલા મોટા પાયે સામ-સામે વાતચીત કરી હતી. અગાઉ, ઈરાને કહ્યું હતું કે જો ઈસ્લામાબાદમાં ચાલી રહેલી વાટાઘાટો કોઈ નિષ્કર્ષ પર પહોંચવામાં નિષ્ફળ જાય, તો ઈઝરાયલને ફક્ત દોષી ઠેરવી શકાય નહીં. ઈઝરાયલ અને અમેરિકા એકબીજા સાથે જોડાયેલા છે, અને તેથી, જો વાટાઘાટો નિષ્ફળ જાય, તો અમેરિકા પણ જવાબદાર રહેશે.

## કદાવર નેતા સાથે મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ:, અજિત પવાર જેવો અકસ્માત ટળ્યો

### હેલિપેડની જગ્યાએ કાર પાર્કિંગમાં ઉતર્યું છગન ભુજબળનું હેલિકોપ્ટર

• પુણે

મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળનું હેલિકોપ્ટર શનિવારે સવારે પુણેના પુરંદર વિસ્તારમાં હેલિપેડથી એક કિલોમીટર દૂર એક પાર્કિંગ એરિયામાં ઉતર્યું. આ જગ્યા હેલિપેડ માટે નક્કી નહોતી, જેનાથી સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન થયું. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ઘટના ત્યારે બની જ્યારે ભુજબળ પુણેમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા. આ હેલિકોપ્ટર તેમના માટે ભાડે લેવામાં આવ્યું હતું. જોકે, આ ઘટનામાં કોઈના ઘાયલ થવા કે અન્ય નુકસાનની કોઈ માહિતી સામે આવી નથી. હેલિકોપ્ટરના લેન્ડિંગનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં દેખાયું કે પાર્કિંગ એરિયામાં ઘણી કાર લાઈનમાં પાર્ક હતી. ત્યાં જ ગાડીઓની સામે હેલિકોપ્ટરનું લેન્ડિંગ કરવામાં આવ્યું. આ દરમિયાન ધૂળ ઉડતી દેખાઈ રહી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘટના અંગે ભુજબલે જણાવ્યું કે, 'પાઈલટે પાર્કિંગ એરિયા પર ખોટી જગ્યાએ લેન્ડિંગ કર્યું. અમે બધા સુરક્ષિત છીએ.' પાયલટ, ક્રૂ મેમ્બર કે હેલિકોપ્ટર ઓપરેટ કરતી કંપની તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી. જ્યારે પુણે ગ્રામીણ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે તેઓ આ મામલાનો રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)ને આપશે અને પાઈલટ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. નિયમ મુજબ, જ્યારે પણ કોઈ હેલિકોપ્ટરને કોઈ ખાસ વિસ્તારમાં ઉતરવાનું હોય છે, ત્યારે સ્થાનિક લોક નિર્માણ વિભાગ હેલિકોપ્ટરના ક્રૂ મેમ્બરને નિર્દેશ આપે છે. પુણે જિલ્લા પોલીસે જણાવ્યું કે તેમણે હેલિપેડ તૈયાર કર્યું હતું અને ક્રૂ મેમ્બરને તેની જાણકારી હતી.

### નાસિકમાં કોર્પોરેટ જેહાદ: IT કંપનીમાં યુવતીઓનું યૌન શોષણ-ધર્મપરિવર્તનનો આરોપ:6 મુસ્લિમ ટીમ લીડર

• નાસિક

નાસિકની મલ્ટીનેશનલ IT કંપનીમાં હિન્દુ મહિલા કર્મચારીઓનું યૌન શોષણ, ઓફિસમાં બળજબરીથી નમાઝ પઢાવવા, હિન્દુ દેવી-દેવતાઓનું અપમાન અને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ મામલે મુસ્લિમ ટીમ લીડર્સ અને HR મેનેજર સહિત 7 લોકોની ધરપકડ કરી છે. શુક્રવારે હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓએ કંપની કેમ્પસમાં ઘૂસીને હોબાળો કર્યો હતો. મહારાષ્ટ્ર સરકારે મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ માટે SITની રચના કરી છે. મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ કહ્યું- આ કોર્પોરેટ જેહાદ છે. પોલીસ તપાસમાં માસ્ટરમાઈન્ડ અને તેમને ભંડોળ કોણ આપી રહ્યું છે તે સામે આવશે.

મહિલા કર્મચારીઓએ કંપનીના HR મેનેજરને છેલ્લા ચાર વર્ષ દરમિયાન આ અંગે ફરિયાદ કરી હતી, પરંતુ HR એ ફરિયાદને અવગણી હતી. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે કેટલીક મહિલા કર્મચારીઓના પહેરવેશમાં ફેરફાર જોવા મળ્યો. તેમણે રમઝાનમાં રોજા રાખ્યા. તેમની જૂની આદતો અને પરંપરાઓ છોડી દીધી. તેમની જીવનશૈલી બદલી નાખી અને સહેલીઓથી પણ અંતર બનાવી લીધું. તેમનો વ્યવહાર પણ બદલાઈ ગયો. શરૂઆતમાં પીડિત યુવતીઓ ડર અને સમાજના દબાણને કારણે ચૂપ હતી, પરંતુ બાદમાં 9 યુવતી અને એક યુવકે પોલીસમાં ફરિયાદ કરી, ત્યારે આ મામલો સામે આવ્યો. જો કોઈ યુવતી કામ પર ન આવતી, તો આરોપી તેના ઘરવાળાઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા હતા.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# સુરતમાં AAPનો 'ઝાપટો': ટિકિટ મળ્યાના ગણતરીના કલાકોમાં જ પ્રિતી સાદડિયાનું રાજીનામું

## ટિકિટ ફાળવણીમાં પારદર્શિતાનો અભાવ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે

• સુરત | પાક્કો ગુજરાત ન્યૂઝ

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે શહેરના રાજકારણમાં એક મોટો ભૂકંપ આવ્યો છે. શિસ્ત અને સંગઠનની વાતો કરતી આમ આદમી પાર્ટી (AAP) ને મોટો ઝટકો લાગ્યો છે. વોર્ડ નંબર 12 ના ઉમેદવાર તરીકે જાહેર થયેલા પ્રિતી સાદડિયાએ ટિકિટ મળ્યાના ગણતરીના કલાકોમાં જ પાર્ટીને 'રામ-રામ' કહી દીધા છે. આટલું જ નહીં, પ્રિતીબેન પોતાના 500 જેટલા સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાઈ જતાં સુરત AAPમાં મોટી તિરાડ પડી હોવાનું દેખાઈ રહ્યું છે.

★★★ *બપોરે ટિકિટ મળી, સાંજે છેડો ફાડ્યો!*

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે AAPએ બપોરે પ્રિતી સાદડિયાના નામની સત્તાવાર જાહેરાત કરી હતી. પરંતુ સાંજ પડતા સુધીમાં તો રમત પલટાઈ ગઈ. પ્રિતીબેને માત્ર રાજીનામું જ નથી આપ્યું, પરંતુ AAPના નેતાઓ પર ગંભીર આક્ષેપોની ઝડી વરસાવી છે. તેમણે ખુલ્લેઆમ જણાવ્યું કે, પાર્ટીના કેટલાક નેતાઓ માત્ર 'ઉઘરાણી' કરવામાં જ વ્યસ્ત છે અને પક્ષમાં આંતરિક લોકશાહી જેવું કંઈ રહ્યું




નથી.

★★★ *સામૂહિક પક્ષપલટો: AAP માટે લાલબત્તી*

આ ઘટના માત્ર એક વ્યક્તિ પૂરતી સીમિત નથી. પ્રિતી સાદડિયાની સાથે નીતાબેન બલદાણિયા, પંકજ સરખેદિયા, કલ્પેશ વાવડિયા, હિતેશ સેલિયા અને મિતેશ સાવલિયા જેવા અગ્રણીઓએ પણ કેસરિયો કે ઝાડુ છોડી કોંગ્રેસનો હાથ પકડ્યો છે. કોંગ્રેસ શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાની હાજરીમાં થયેલા આ પક્ષપલટાએ કોંગ્રેસના સુષુપ્ત સંગઠનમાં નવો પ્રાણ ફૂંક્યો છે.

★★★ *મુખ્ય મુદ્દાઓ અને આરોપો:*

* *નેતૃત્વ પર સવાલ:* પ્રિતી સાદડિયાએ આરોપ લગાવ્યો કે AAPના નેતાઓ કાર્યકરોની દરકાર કરવાને બદલે નાણાકીય બાબતોમાં વધુ રસ લઈ રહ્યા છે.

* *આંતરિક અસંતોષ:* ટિકિટ ફાળવણીમાં પારદર્શિતાનો અભાવ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

* *કોંગ્રેસની મજબૂતી:* સુરતમાં વિરોધ પક્ષ તરીકે સ્થાપિત થવા મથતી કોંગ્રેસ માટે આ 'લોટરી' સમાન ઘટના છે.

★★★ *રાજકીય વિશ્લેષણ: શું AAP ગઢ બચાવી શકશે?*

ગઈ ચૂંટણીમાં સુરત મહાનગરપાલિકામાં AAPએ જે ધમાકેદાર એન્ટ્રી કરી હતી, તેની સામે આ વખતે અસ્તિત્વ ટકાવવાનો સવાલ ઉભો થયો છે. એક તરફ ભાજપ મજબૂત છે, ત્યારે બીજી તરફ વિરોધ પક્ષના મતોમાં ભાગ પડાવતી AAP પોતે જ અંદરખાને વેરવિખેર થઈ રહી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ચૂંટણી પહેલાનો આ પક્ષપલટો મતદારોના માનસ પર કેવી અસર કરશે? શું AAP હજુ વધુ નેતાઓ ગુમાવશે? આ સવાલો અત્યારે સુરતના ગલી-મહોલ્લામાં ચર્ચાઈ રહ્યા છે. એક વાત તો નક્કી છે કે સુરતની રાજનીતિમાં હવે ખરાખરીનો જંગ જામશે.

*સતત અપડેટ્સ માટે વાંચતા રહો: પાક્કો ગુજરાત ન્યૂઝ*

**સત્તાનો દંડૂકો કે લોકશાહીનું ગળું?** કાયદો બધા માટે સમાન, તો આ સ્પેશિયલ 'ટ્રીટમેન્ટ' કેમ?

# IPS અસોસિએશનનો ઠરાવ: સુરક્ષાનું કવચ કે અવાજ દબાવવાનું હથિયાર?

## શું અસોસિએશન ફક્ત અધિકારીઓના 'પાપ' ઢાંકવા અને જનતાનો અવાજ દબાવવા માટે જ સક્રિય થાય છે?

• મુખપત્ર - પાક્કો ગુજરાત

ગુજરાતના ગૃહવિભાગ અને મુખ્યમંત્રીને સંબોધીને લખાયેલો સુરતના આરટીઆઈ કાર્યકર સંજય ઈઝાવાનો પત્ર માત્ર એક કાગળ નથી, પણ સત્તાના નશામાં ચૂર તંત્ર સામે એક સળગતો સવાલ છે. ગુજરાત IPS અસોસિએશને સોશિયલ મીડિયા પર અધિકારીઓ વિરુદ્ધ 'પાયાવિહોણા આરોપો' સામે પગલાં લેવાનો જે ઠરાવ કર્યો છે, તે સાંભળવામાં શિસ્તબદ્ધ લાગે છે, પરંતુ તેની ઊંડાઈમાં ઉતરો તો લોકશાહીના પાયામાં પડેલી તિરાડ સ્પષ્ટ દેખાય છે.

★★★ *કાયદો બધા માટે સમાન, તો આ સ્પેશિયલ 'ટ્રીટમેન્ટ' કેમ?*

ભારતીય સંવિધાનના અનુચ્છેદ 19(1) મુજબ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. જો કોઈ નાગરિક ખોટા આરોપ લગાવે, તો બદનક્ષીની કલમો અને અદાલતો હાજર જ છે. તો પછી IPS અસોસિએશન જેવી સંસ્થાએ અલગથી ઠરાવ કરીને કોને ડરાવવાની કોશિશ




કરી છે? શું આ ઠરાવ એ વાતનો પુરાવો નથી કે લોકશાહીમાં હવે કેટલાક લોકો 'વધુ સમાન' (More Equal) બની ગયા છે?

★★★ *ભ્રષ્ટાચારના પહાડો સામે મૌન કેમ?*

જ્યારે રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર સામે 75 લાખના તોડના આક્ષેપો ભાજપના જ નેતાઓએ લગાવ્યા, ત્યારે આ અસોસિએશન ક્યાં હતું? જ્યારે જેલના વડાએ આજીવન કેદના કેદીને ટપાલ ટિકિટની જેમ મુક્ત કરી દીધો અને સુપ્રીમ કોર્ટે તેને ફટકાર લગાવી, ત્યારે અસોસિએશનને પોતાની છબી ખરડાતી નહોતી દેખાઈ?

* *સવાલ:* શું અસોસિએશન ફક્ત અધિકારીઓના 'પાપ' ઢાંકવા અને જનતાનો અવાજ દબાવવા માટે જ સક્રિય થાય છે?

* *સત્ય:* સતિષ વર્મા, રજનીશ રાય કે રાહુલ શર્મા જેવા નિષ્ઠાવાન અધિકારીઓ જ્યારે હેરાન થતા હતા, ત્યારે આ અસોસિએશનના હોઠ સિવાઈ ગયા હતા.

★★★ *ખાખીમાં પણ ભેદભાવ: નાના કર્મચારીઓનું કોણ?*

સૌથી મોટો વિરોધાભાસ તો એ છે કે ટોચના અધિકારીઓ પાસે અસોસિએશન છે, જે સરકારને પણ ધમકાવી શકે છે. બીજી તરફ, રાત-દિવસ રસ્તા પર ઊભા રહીને ફરજ બજાવતા કોન્સ્ટેબલ કે હેડ-કોન્સ્ટેબલને પોતાનું યુનિયન બનાવવાનો અધિકાર પણ નથી!

ઉપરી અધિકારીઓના અને નેતાઓના જૂતા સાફ કરવાથી માંડીને તેમનો ઓર્ડર ઉઠાવતા નાના કર્મચારીઓ જ્યારે પોતાના હક માટે અવાજ ઉઠાવે, ત્યારે તેમને શિસ્તના નામે ડામી દેવામાં આવે છે.

» *'અંધેરી નગરી ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા'* - આ કહેવત આજે ગુજરાતના વહીવટી તંત્ર પર સચોટ બેસે છે.

»

★★★ *નિષ્કર્ષ: જાગતે રહો!*

સંજય ઈઝાવાએ ઉઠાવેલો અવાજ એ દરેક ગુજરાતીનો અવાજ છે જે કાયદાના શાસનમાં માને છે. જો આજે IPS અસોસિએશનના આ સામંતશાહી ઠરાવ સામે અવાજ નહીં ઉઠાવવામાં આવે, તો કાલે સોશિયલ મીડિયા પર અન્યાય વિરુદ્ધ બોલવું પણ ગુનો બની જશે.

સત્તાના દંડૂકાથી ડરવાની જરૂર નથી, કારણ કે લોકશાહીમાં આખરી સત્તા જનતાના હાથમાં છે. 'પાક્કો ગુજરાત' આ મુદ્દે પોતાની કલમ લડાવતું રહેશે.

*- પવન માકન*

ગ્રુપ એડિટર, ધાની મીડિયા (પાક્કો ગુજરાત)

**સામાન્ય રીતે મતદાર યાદીની સુધારણા એ લોકશાહીની એક સતત ચાલતી પ્રક્રિયા છે**

# સંઘ પરિવારનું 'SIR' ષડયંત્ર - ગાંધી અને આંબેડકરની ક્રાંતિ પર લોહિયાળ હુમલો?

**હુમલો?** કેન્દ્રમાં બેઠેલા પરિબળો પ્રતિશોધની આગમાં બળી રહ્યા હોય તેવું જણાય છે

• અમદાવાદ / પાક્કો ગુજરાત ન્યૂઝ

ભારતીય લોકશાહીના ઈતિહાસમાં 2024ની લોકસભા ચૂંટણી એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ છે. 400 પારના સપના જોતા સંઘ પરિવારને ભારતીય મતદાતાઓએ 240ની લઘુમતીમાં લાવીને પછાડ્યા છે. પરંતુ, આ હારનો સ્વીકાર કરવાને બદલે હવે સત્તાના કેન્દ્રમાં બેઠેલા પરિબળો પ્રતિશોધની આગમાં બળી રહ્યા હોય તેવું જણાય છે. વિરોધી મતદારોના મતાધિકાર છીનવી લેવા માટે હવે *SIR (Special Investigative Revision)* ના નામે એક નવું 'રાજકીય શસ્ત્ર' ઉગામવામાં આવ્યું છે.

★★★ *શું છે આ SIR નું ગણિત?*

સામાન્ય રીતે મતદાર યાદીની સુધારણા એ લોકશાહીની એક સતત ચાલતી પ્રક્રિયા છે. પરંતુ આક્ષેપ છે કે, 2024 પછી દરેક રાજ્યની ચૂંટણી પૂર્વે આ પ્રક્રિયાનો દુરુપયોગ 'ઘડિયા લગ્ન'ની જેમ યુદ્ધના ધોરણે કરવામાં આવી રહ્યો છે.

* *હેતુ:* જે મતદાર સમૂહ (દલિતો, આદિવાસીઓ, ઓબીસી, શ્રમિકો અને અલ્પસંખ્યકો) સંઘ પરિવારની વિચારધારાની વિરુદ્ધ છે, તેમના નામો સામુહિક રીતે યાદીમાંથી ગાયબ કરવા.

* *અર્થ:* અર્થશાસ્ત્રી પરકલા પ્રભાકરના શબ્દોમાં કહીએ તો, આ *'મતદાતાઓનો નિઃશસ્ત્ર નરસંહાર'* છે.

★★★ *3000 વર્ષની ગુલામી વિરુદ્ધ 75 વર્ષની આઝાદી*

મહાત્મા ગાંધી, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સરદાર પટેલે આ દેશની રૈયતને 'સ્વતંત્ર નાગરિક' બનાવ્યા. મનુવાદી વ્યવસ્થામાં જેમને અધિકારોથી વંચિત રખાયા હતા, તેમને મતાધિકાર આપીને સત્તાના ભાગીદાર બનાવ્યા.

» 'સંઘ પરિવાર માટે 90% શોષિત વર્ગના હિન્દુઓનું જાગૃત થવું એ તેમની મનુવાદી વર્ણવ્યવસ્થા માટે ખતરો છે. 1925 થી જે વિચારધારા સત્તા માટે વલખાં મારતી હતી, તેમણે 2014માં ઈસ્લામિક ફોબિયા અને હિન્દુત્વના જોરે અનૈતિક સત્તા મેળવી, જેને તેઓ પોતાની 'સાચી આઝાદી' ગણાવે છે.'

»

★★★ *લોકશાહી સંસ્થાઓ પર કબજો*

2014 થી 2024 સુધીમાં ED, IT, CBI અને હવે ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાઓને પ્યાદા તરીકે વાપરવાનું ષડયંત્ર તેજ બન્યું છે. જ્યારે જનતાનો જનાધાર મળતો બંધ થયો, ત્યારે હવે 'વોટ ચોરી' અને 'SIR' દ્વારા વિરોધ પક્ષોના મતોને જ નાબૂદ કરવાની રમત રમાઈ રહી છે.

★★★ *જાગૃત નાગરિક એ જ ઉપાય*

આજે જ્યારે દેશના ન્યાયતંત્ર અને સંસ્થાઓ પર દબાણ છે, ત્યારે લોકનાયક રાહુલ ગાંધી અને પ્રગતિશીલ વિચારકો લોકજાગૃતિનું કામ કરી રહ્યા છે. 'પાક્કો ગુજરાત' જનતાને અપીલ કરે છે કે:

1. તમારી મતદાર યાદીમાં નામની ચકાસણી કરો.
2. મતાધિકાર છીનવનારા મનુવાદી ષડયંત્રોને ઓળખો.
3. ગાંધી અને આંબેડકરે આપેલા બંધારણીય અધિકારોની રક્ષા માટે સજ્જ બનો.

*નિષ્કર્ષ:*

SIR એ માત્ર વહીવટી પ્રક્રિયા નથી, પરંતુ ભારતીય નાગરિક અધિકારોનો રક્તહીન રાજકીય નરસંહાર છે. જો આજે જનતા જાગૃત નહીં થાય, તો 3000 વર્ષ જૂની સામાજિક ગુલામી નવા સ્વરૂપે ઉંબરે આવીને ઊભી છે.

*રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ ટીમ*

# ભાજપના 'નો-રિપીટ' અને 'પરિવારવાદ'ના નિયમોના લીરેલીરા: ગાંધીધામમાં એક જ પરિવારમાં 3 ટિકિટની લ્હાણી!

## 'મોદીજી કહે છે પરિવારવાદ હટાવો, પણ ગાંધીધામ ભાજપ કહે છે - પરિવારને ટિકિટ અપાવો!

• ગાંધીધામ

ભારતીય જનતા પાર્ટી હંમેશા કોંગ્રેસ પર 'પરિવારવાદ'ના પ્રહારો કરતી આવી છે, પરંતુ ગાંધીધામ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપનો આ સિદ્ધાંત જાણે હવામાં ઓગળી ગયો હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. 'એક પરિવાર, એક ટિકિટ' ના બણગાં ફૂંકતા નેતાઓના દાવાઓ વચ્ચે ગાંધીધામમાં એક જ પરિવારના ત્રણ સભ્યોને ટિકિટ આપીને ભાજપે કાર્યકરોમાં સોપો પાડી દીધો છે.

★★★ *શું છે આખું ગણિત?*

ગાંધીધામના રાજકારણમાં અત્યારે 'ધુવા પરિવાર' કેન્દ્રસ્થાને છે. ભાજપે ટિકિટ ફાળવણીમાં જે ઉદારતા બતાવી છે તેના આંકડા કંઈક આવા છે:

* *વોર્ડ નંબર ૮:* સુરેશભાઈ ધુવાને ભાજપની ટિકિટ.
* *વોર્ડ નંબર ૭:* વંદનાબેન મહેશ્વરીને ભાજપની ટિકિટ.
* *વોર્ડ નંબર ૭:* મનીષાબેન ધુવાને ભાજપની ટિકિટ.




★★★ *સંબંધોનું 'રાજકીય' નેટવર્ક*

આ ત્રણેય ઉમેદવારો વચ્ચેનો સંબંધ જોતા સામાન્ય કાર્યકર પણ પૂછી રહ્યો છે કે, 'નિયમો શું ફક્ત સામાન્ય કાર્યકરો માટે જ છે?'

1. *સુરેશભાઈ ધુવા* એ *વંદનાબેન* ના જેઠ થાય છે.
2. *મનીષાબેન ધુવા* એ *સુરેશભાઈ* ના નાના ભાઈના પત્ની (ભાભી) થાય છે.

ટૂંકમાં, જેઠ અને બે દેરાણી-જેઠાણી મળીને આખો પરિવાર અત્યારે ભાજપના ભગવા રંગે રંગાઈને ચૂંટણી મેદાનમાં છે.

★★★ *કાર્યકરોમાં છૂપો રોષ: 'અમે તો ફક્ત ઝંડા જ પકડવાના?'*

વર્ષોથી પાર્ટી માટે પરસેવો પાડતા પાયાના કાર્યકરોમાં આ ટિકિટ ફાળવણીને લઈને ભારે નારાજગી જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા પર પણ લોકો પૂછી રહ્યા છે કે, જો ભાજપમાં પણ આ રીતે પરિવારવાદ ચાલવાનો હોય, તો અન્ય પક્ષો અને ભાજપ વચ્ચે તફાવત શું રહ્યો?

» *સવાલ તો એ પણ છે કે:* શું ગાંધીધામ ભાજપ પાસે અન્ય સક્ષમ ઉમેદવારોનો દુકાળ હતો? કે પછી આ 'પરિવાર પ્રેમ' પાછળ કોઈ મોટું રાજકીય દબાણ કામ કરી રહ્યું છે?

» *પંચ લાઈન:*

'મોદીજી કહે છે પરિવારવાદ હટાવો, પણ ગાંધીધામ ભાજપ કહે છે - પરિવારને ટિકિટ અપાવો!'

*- બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત ન્યૂઝ*

# નેશનલ લેવલના મીડિયા ટોક-શોમાં એડવર્ટાઈઝિંગના ટ્રેન્ડ્સ પર ચર્ચા

## Gen Zને ધ્યાનમાં રાખી ઘડાઈ રહી છે સ્ટ્રેટેજી

• અમદાવાદ

અમદાવાદ એડવર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશન (AACA)એ તેની 35મી એનિવર્સરી અનોખી રીતે સેલિબ્રેટ કરી હતી. આ ઉજવણી અંતર્ગત '35 યર્સ સેલિબ્રેશન ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઈઝિંગ' અંતર્ગત વર્ષ ભર વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. જ્યારે ગઈકાલે(11 એપ્રિલ, 2026) નેશનલ લેવલનો મીડિયા ટોક-શો યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના એક્સપટ્ર્સને આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે તેમના અનુભવ અને નોલેજ દ્વારા હાજર એડ એજન્સી મેમ્બર્સ અને ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને માહિતગાર કર્યા હતા. ખાસ કરીને, ડિજિટલ એડવર્ટાઈઝિંગના વધતા પ્રભાવને ધ્યાનમાં રાખીને પણ ચર્ચા કરવામાં આવી હતી. આ સેલિબ્રેશન અંગે એસોસિએશનના પ્રેસિડેન્ટ મનીષ ગાંધીએ જણાવ્યું કે, આ ટોક-શોનો મુખ્ય હેતુ એડવર્ટાઈઝિંગ ક્ષેત્રમાં વિવિધ મીડિયા પ્લેટફોર્મ્સ જેમ કે પ્રિન્ટ, રેડિયો, આઉટડોર એડ, બ્રોડકાસ્ટ અને ડિજિટલની નવી સ્ટ્રેટેજી અંગે માર્ગદર્શન આપવાનો હતો. આજના યુગમાં માત્ર એક જ મીડિયમ પૂરતું નથી, પરંતુ બ્રાન્ડ અને પ્રોડક્ટના આધારે વિવિધ મીડિયાનો સંયોજન કરીને યોગ્ય પ્લાનિંગ કરવું જરૂરી છે. મનીષ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદ એડવર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશનને 35 વર્ષ પૂર્ણ થયા છે. સમગ્ર વર્ષ દરમિયાન ડિફરન્ટ ઈનિશિએટિવ્સને લઈને સેલિબ્રેશન થતા હોય છે. જે અંતર્ગત આ નેશનલ લેવલનો મીડિયા ટોક-શો યોજાયો હતો.આ ટોક શોમાં પ્રિન્ટ, રેડિયો, આઉટડોર, બ્રોડકાસ્ટ અને ડિજિટલ - ચારેય મીડિયમમાં એડવર્ટાઈઝિંગના પ્લાનિંગની ડિફરન્ટ સ્ટ્રેટેજી માટે દેશ-વિદેશના એક્સપટ્ર્સ મિસ્ટર બસંત રાઠોડ, જયેશ યાજ્ઞિક, યતીશ મહર્ષિ, સંતોષ પાત્રા હાજર રહ્યા હતા. આ તમામના જ્ઞાનનો ગુજરાત અને એડવર્ટાઈઝિંગ ઈન્ડસ્ટ્રીના એડ એજન્સી મેમ્બરોને લાભ મળે.

# જેતપુરના ડેડરવા ગામ પાસેથી હથિયાર સાથે એક શખ્સ ઝડપાયો: લોકલ ક્રાઇમ બ્રાન્ચની કાર્યવાહી



• સુરેશ ભાલીયા જેતપુર,

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે હેતુથી ગુનાહિત પ્રવૃત્તિ કરતા ઈસમો વિરુદ્ધ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ખાનગી રાહે મળેલી ચોક્કસ બાતમીના આધારે જેતપુરના ડેડરવા ગામની 'વોકળા' તરીકે ઓળખાતી સીમમાં વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન કાચા રસ્તા પર ચાલીને આવતા એક શંકાસ્પદ શખ્સને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી ગેરકાયદેસર દેશી બનાવટની જામગરી બંદૂક મળી આવી હતી. પોલીસે આ મામલે રિયાઝભાઈ અબ્દુલભાઈ લાડક (ઉંમર ૨૭, રહે. નવાગઢ, ઈદ મસ્જિદ પાસે, તા. જેતપુર) નામના શખ્સની ધરપકડ કરી છે. આરોપી પાસેથી ૩૦૦૦ની કિંમતની એક જામગરી બંદૂક, ૫૦ ગ્રામ ગન પાવડર, લોખંડના છરાના ત્રણ પાઉચ અને એક મોબાઈલ ફોન સહિત કુલ ૮,૦૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**આજની ભાજપમાં એવી જમાત પેદા થઈ છે જેમને કદાચ પક્ષના સંઘર્ષના દિવસોની ખબર નથી**

# અટલજીના આંબા અને આજના 'અહંકારી' નેતાઓ - સત્તાના નશામાં શિષ્ટાચાર ભૂલી ગયું છે ભાજપ?

• *[ઓપિનિયન ડેસ્ક | પાક્કો ગુજરાત ન્યૂઝ]*

ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામહ અટલ બિહારી વાજપેયી જ્યારે પહેલીવાર સત્તાના શિખરે પહોંચ્યા ત્યારે તેમણે કાર્યકરો અને નેતાઓને એક અમર શિખામણ આપી હતી. અટલજીએ કહ્યું હતું કે, *'આંબાને કેરીઓ લાગે એ પછી એ ઝૂકી જાય, ટટ્ટાર રહેવું તેને ન પોસાય.'* આ વાક્યનો અર્થ બહુ ઊંડો હતો–સત્તા મળે ત્યારે નમ્રતા વધવી જોઈએ, અહંકાર નહીં. પરંતુ અફસોસ કે આજે અટલજીએ વાવેલા આંબાની મીઠી કેરીઓ ખાનારા આજના નેતાઓ તે શિખામણને ઘોળીને પી ગયા હોય તેમ જણાય છે.

આજની ભાજપમાં એવી જમાત પેદા થઈ છે જેમને કદાચ પક્ષના સંઘર્ષના દિવસોની ખબર નથી. જાજી લાયકાત વગરના અને રાતોરાત નેતા બની ગયેલા તત્વો જનતાના 'સેવક' બનવાને બદલે જનતાના 'બાપ' બનીને બેઠા છે. અટલજીની નમ્રતાના સ્થાને હવે *વાણી વિલાસ, તોછડાઈ અને અહંકાર*નો પવન ફૂંકાયો છે.

પાક્કો ગુજરાતના અહેવાલ મુજબ, અત્યારે સત્તાધારી પક્ષના અનેક નાના-મોટા નેતાઓ 'શામ-દામ-દંડ-ભેદ'ની નીતિ અપનાવી રહ્યા છે.

* *અભિમાન:* જનતાના પ્રશ્નો સાંભળવાને બદલે સત્તાના જોરે તેમને દબાવવાના પ્રયાસો.

* *દમદાટી:* વિરોધ કરનાર કે સવાલ પૂછનાર નાગરિકને પોલીસ કે સત્તાના જોરે ડરાવવાની માનસિકતા.

* *ભાન ભૂલેલા નેતાઓ:* અટલજીએ શીખવ્યું હતું કે સત્તા એ જવાબદારી છે, પણ આજના નેતાઓએ તેને 'જાયદાદ' સમજી લીધી છે.

★★★ *સત્તા કાયમ કોઈની નથી હોતી!*

ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે સત્તા જનતાના માથા પર ચડીને બોલવા લાગે છે, ત્યારે જનતા તેનો નશો ઉતારતા વાર નથી કરતી. ૨૦૨૪ની ચૂંટણીના પરિણામોએ કદાચ આ સંકેત આપી દીધો છે, છતાં નેતાઓની આંખ ખુલતી નથી. 'ટટ્ટાર રહેવું તેને ન પોસાય' એ વાત ભૂલીને જે નેતાઓ આજે ગર્વમાં ફરે છે, તેમણે યાદ રાખવું જોઈએ કે લોકશાહીમાં અંતિમ શક્તિ જનતાના હાથમાં છે.

★★★ *પાક્કો સવાલ:*

શું ભાજપના આધુનિક નેતાઓ અટલજીના આદર્શોને ખરેખર જીવે છે? કે પછી માત્ર ફોટામાં ફૂલ ચડાવીને જનતાનું લોહી પીવામાં જ વ્યસ્ત છે?

સત્તાનો સૂરજ આથમતા વાર નથી લાગતી, અને જ્યારે આથમે છે ત્યારે માત્ર અટલજી જેવા 'નમ્ર' નેતાઓ જ લોકોના હૃદયમાં જીવતા રહે છે, અહંકારીઓ તો કચરાપેટીમાં ફેંકાઈ જાય છે.

*ખાસ અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ ટીમ*

# અમરેલી કોંગ્રેસમાં મોટું ગાબડું: સાહિલ શેખે 'હાથ' છોડી 'કમળ' પકડ્યું, ભાજપે સીધી ટિકિટ આપી ખેલ પાડ્યો!

**કોંગ્રેસને જોરદાર આંચકો: NSUI પ્રમુખે કેસરીયો ધારણ કરતા જ સીધી ટિકિટની લોટરી લાગી, પક્ષપલટાના રાજકારણે ગરમાવો વધાર્યો!**

• અમરેલી / ગાંધીનગર

અમરેલીના રાજકારણમાં આજે ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે! છેલ્લા કેટલાય સમયથી પાયાના સ્તરે કોંગ્રેસનું કામ કરી રહેલા અને યુવા નેતા તરીકે ઉભરી આવેલા અમરેલી જિલ્લા NSUI પ્રમુખ સાહિલ શેખેઅંતે પક્ષને રામ-રામ કહી દીધા છે. માત્ર રાજીનામું જ નહીં, પણ સાહિલ શેખે તાબડતોબ કેસરીયો ખેસ ધારણ કરી લેતા કોંગ્રેસના કેમ્પમાં સન્નાટો છવાઈ ગયો છે. નવાઈની વાત તો એ છે કે ભાજપમાં જોડાતાની સાથે જ પક્ષે તેમને સીધી ચૂંટણીની ટિકિટ પધરાવીને સૌને ચોંકાવી દીધા છે!



રાજીનામું આપતા જ નસીબ આડેનું પાંદડું ખસ્યું!

સાહિલ શેખ અમરેલીમાં યુવાનોમાં મોટું નામ ધરાવે છે. કોંગ્રેસના તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યાના ગણતરીના કલાકોમાં જ ભાજપે તેમને પોતાની છાવણીમાં આવકાર્યા હતા. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આ કોઈ અચાનક બનેલી ઘટના નથી, પણ લાંબા સમયથી ચાલી રહેલી ગોઠવણનો ભાગ છે. ભાજપે સાહિલ શેખને ટિકિટ આપીને અમરેલીમાં કોંગ્રેસના ગઢમાં મોટું ગાબડું પાડવાની રણનીતિ અપનાવી છે.

કાર્યકરોમાં ગણગણાટ: 'આયા રામ, ગયા રામ' અને સીધી ટિકિટ?

ભાજપ દ્વારા સાહિલ શેખને ટિકિટ અપાતા જ સ્થાનિક રાજકારણમાં ચર્ચાઓનો દૌર શરૂ થયો છે. વર્ષોથી ભાજપમાં રહીને મહેનત કરતા દાવેદારોમાં આંતરિક રીતે કચવાટ જોવા મળી રહ્યો છે, જ્યારે સાહિલ શેખના સમર્થકોમાં ભારે ઉત્સાહ છે. લોકો કહી રહ્યા છે કે, 'ભાજપે સાહિલને લઈને કોંગ્રેસના મૂળિયાં હચમચાવી દીધા છે, હવે જોવાનું એ રહેશે કે જૂના જોગીઓ આ નવા ચહેરાને કેટલો સાથ આપે છે!'

કોંગ્રેસ માટે મોટું નુકસાન

અમરેલી હંમેશાથી કોંગ્રેસનો મજબૂત ગઢ રહ્યો છે, પરંતુ એક પછી એક યુવા નેતાઓ પક્ષ છોડી રહ્યા છે તેનાથી પક્ષના અસ્તિત્વ સામે સવાલો ઊભા થયા છે. સાહિલ શેખ જેવો સક્રિય ચહેરો ભાજપમાં ભળતા હવે ચૂંટણી જંગ ખરાખરીનો જામશે તે નક્કી છે.

પાક્કો ગુજરાત એનાલિસિસ:

» 'રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે દુશ્મન હોતું નથી, બસ 'તક' હોય છે. સાહિલ શેખે તક ઝડપી લીધી અને ભાજપે ટાર્ગેટ પૂરો કર્યો. હવે જનતા નક્કી કરશે કે આ 'પક્ષપલટો' વિકાસ માટે છે કે સત્તા માટે!'

**ગુજરાતી સાદ!** સંસ્કૃતિ અને રાજકારણનો સંગમ

# કોલકાતામાં 'મિની ગુજરાત'નો હોબાળો: ભવાનીપુરમાં ગુજરાતી મતદારો બનશે 'કિંગમેકર', દીદીના ગઢમાં ગુંજશે ગુજરાતી સાદ!

**મમતા બેનર્જી પોતે પણ ગુજરાતી સમાજના કાર્યક્રમોમાં હાજરી આપી 'કેમ છો' કહીને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરે છે**

• કોલકાતા / અમદાવાદ

બંગાળના રાજકારણનું એપીસેન્ટર એટલે *ભવાનીપુર. આ એ બેઠક છે જ્યાંથી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી (દીદી) ચૂંટણી લડી રહ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે દીદીના આ ગઢમાં એક એવો વિસ્તાર છે જેને *'મિની ગુજરાત'** કહેવામાં આવે છે? હા, ભવાનીપુરમાં વસતા હજારો ગુજરાતીઓ આ ચૂંટણીનું ચિત્ર બદલવાની તાકાત ધરાવે છે.

*ગુજરાતી ભાષામાં પ્રચાર: બંગાળમાં 'આપણું ગુજરાત'*

ભવાનીપુરની ગલીઓમાં ફરતા હોઈએ ત્યારે એવું લાગે કે આપણે અમદાવાદ કે સુરતના કોઈ મહોલ્લામાં છીએ. અહીંની દીવાલો પર લાગેલા બૅનર્સ અને પોસ્ટર્સ જોઈને તમે ચોંકી જશો, કારણ કે અહીં પ્રચાર *બંગાળી કે હિન્દીમાં નહીં, પણ શુદ્ધ ગુજરાતી ભાષામાં* થઈ રહ્યો છે! રાજકીય પક્ષો જાણી ગયા છે કે જો ભવાનીપુર જીતવું હશે, તો ગુજરાતીઓના દિલ જીતવા જ પડશે.

★★★ *કેમ મહત્વના છે ગુજરાતી મતદારો?*

ભવાનીપુર વિધાનસભા બેઠક પર




ગુજરાતીઓનો એ વિસ્તાર કેવો છે જ્યાંથી ચૂંટાઈને મમતા બેનરજી બંગાળનાં મુખ્ય મંત્રી બન્યાં?

ગુજરાતી મતદારોનો દબદબો વર્ષોથી રહ્યો છે. આંકડાકીય રીતે જોઈએ તો:

* *નિર્ણાયક વોટબેંક:* અહીં અંદાજે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલા ગુજરાતી મતદારો છે.

* *વેપારી વર્ગનું પ્રભુત્વ:* કાપડથી લઈને લોખંડના વેપાર સાથે સંકળાયેલા ગુજરાતીઓ અહીંના અર્થતંત્રની કરોડરજ્જુ છે.

**કિંગમેકરની ભૂમિકા:* જો આ મતદારો એકતરફી ઝૂકે, તો ગમે તેવા દિગ્ગજોના પાસા ઉલ્ટા પડી શકે છે.

★★★ *દીદી વિરુદ્ધ ભાજપ: ગુજરાતી મતો માટે ખેંચતાણ*

મમતા બેનર્જી પોતે પણ ગુજરાતી સમાજના કાર્યક્રમોમાં હાજરી આપી 'કેમ છો' કહીને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરે છે, તો બીજી તરફ ભાજપ પોતાના 'ગુજરાતી કનેક્શન' અને વડાપ્રધાન મોદીના નામે અહીં મજબૂત પકડ ધરાવે છે.

» *'અહીંની હવા કહે છે કે ભલે આ બંગાળ હોય, પણ નાડી તો ગુજરાતીઓની જ ધબકે છે. જે ગુજરાતીઓની સમસ્યા ઉકેલશે, તેને જ ભવાનીપુરનો તાજ મળશે.'*

»

★★★ *સંસ્કૃતિ અને રાજકારણનો સંગમ*

ભવાનીપુરમાં માત્ર મતો જ નથી, અહીં ગુજરાતી સમાજની સંસ્થાઓ, જૈન દેરાસરો અને સ્વામિનારાયણ મંદિર પણ આ 'મિની ગુજરાત'ની ઓળખને વધુ ગાઢ બનાવે છે. ચૂંટણી સમયે અહીંના ખમણ, ઢોકળા અને ફાફડાની લિજ્જત વચ્ચે રાજકીય ચર્ચાઓ ગરમાય છે.

*ખાસ અહેવાલ: 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ડેસ્ક*

**જેણે ૨૫ વર્ષ 'ગાભા' માર્યા, એને જ પક્ષે હવે 'મેદાનમાં' ઉતાર્યા!**

# રાજકારણમાં 'વફાદારી' નો વિજય: ચાની રકાબીઓ ધોનારા પાયાના કાર્યકરને ભાજપે આપી ટિકિટ, સોશિયલ મીડિયામાં જુવાળ!

**પાક્કો ગુજરાત એક્સક્લુઝિવ:** જેવા આ સમાચાર વહેતા થયા કે તરત જ સ્થાનિક સ્તરે દિવાળી જેવો માહોલ સર્જાયો છે

અમદાવાદ/ગાંધીનગર:

સામાન્ય રીતે રાજકારણ એટલે કાવાદાવા, મોટા માથાઓની ખેંચતાણ અને રૂપિયાનો ખેલ... આવું જ લોકોના માનસમાં હોય છે. પણ કહેવાય છે ને કે 'કુદરતને ઘેર મોડું છે પણ અંધેર નથી!' આવો જ એક કિસ્સો હાલમાં ગુજરાતના રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. છેલ્લા ૨૫ વર્ષથી પક્ષની ઓફિસોમાં ટેબલ સાફ કરનાર અને મોટા નેતાઓને ચા પીવડાવનાર એક સામાન્ય કાર્યકર પર જ્યારે પક્ષે પસંદગીનો કળશ ઢોળ્યો, ત્યારે ભલભલા માંધાતાઓની આંખો ફાટી ગઈ છે!



૨૫ વર્ષની તપસ્યા અને પાયાનું કામ

આ કોઈ ફિલ્મી વાર્તા નથી, પણ જમીની હકીકત છે. આ એવો કાર્યકર છે જેણે ક્યારેય સ્ટેજ પર જવાની ઈચ્છા નહોતી કરી. પક્ષના કાર્યક્રમોમાં ખુરશીઓ ગોઠવવી, પોસ્ટરો ચોંટાડવા અને ઓફિસમાં 'ગાભા મારવા' જેવા નાના કામોમાં જેણે પોતાની જિંદગી વિતાવી દીધી, આજે એ જ વ્યક્તિ વિધાનસભાની ટિકિટ લઈને જનતાની વચ્ચે જશે. પક્ષના આ નિર્ણયે સાબિત કરી દીધું છે કે કેડર બેઝ પાર્ટીમાં આજે પણ મહેનતની કિંમત છે.

લોટરી લાગી ગઈ' - કાર્યકરોમાં ભારે ઉત્સાહ

જેવા આ સમાચાર વહેતા થયા કે તરત જ સ્થાનિક સ્તરે દિવાળી જેવો માહોલ સર્જાયો છે. પાયાના કાર્યકરોમાં એક નવો આશાવાદ જાગ્યો છે. 'પાક્કો ગુજરાત' સાથે વાત કરતા એક સ્થાનિક કાર્યકરે જણાવ્યું હતું કે, *'અમને તો વિશ્વાસ જ નથી આવતો કે અમારા જેવા નાના માણસની પણ આટલી મોટી કદર થઈ શકે! આ ભાઈને તો સાચે જ લોટરી લાગી ગઈ છે, પણ આ લોટરી નસીબની નહીં, ૨૫ વર્ષની મહેનતની છે.

સોશિયલ મીડિયા પર વાયરલ સત્ય

આ કિસ્સો અત્યારે ફેસબુક અને વોટ્સએપ પર ટ્રેન્ડ કરી રહ્યો છે. લોકો લખી રહ્યા છે કે રાજકારણમાં માત્ર 'ચમચાગીરી' જ નહીં, પણ 'પ્રામાણિકતા' પણ ચાલે છે. જે કાર્યકરે આખી જિંદગી નેતાઓ માટે રસ્તો સાફ કર્યો, આજે પક્ષે એના માટે સત્તાનો રસ્તો સાફ કરી આપ્યો છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

» 'આ કિસ્સો એ દરેક યુવાન અને કાર્યકર માટે પ્રેરણા છે જે શોર્ટકટ શોધવાને બદલે નિષ્ઠાથી કામ કરવામાં માને છે. જો લોહી-પરસેવો એક કરો, તો એક દિવસ નસીબ પણ સલામી ભરે છે!'

# ખોખરામાં ભાજપનું શક્તિપ્રદર્શન: ચારેય મહારથીઓએ વિજયના વિશ્વાસ સાથે ભર્યા ઉમેદવારી ફોર્મ!

**ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારોએ ભવ્ય વિજય સંકલ્પ સાથે પોતપોતાની ઉમેદવારી નોંધાવી છે**

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬નો જંગ હવે બરાબરનો જામ્યો છે. આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટણી જંગમાં *ખોખરા વોર્ડ* ફરી એકવાર કેસરીયા રંગે રંગાયું હતું. ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારોએ ભવ્ય વિજય સંકલ્પ સાથે પોતપોતાની ઉમેદવારી નોંધાવી છે.

★★★ *ભવ્ય રેલી અને કાર્યકરોનો જોશ*

ખોખરા વોર્ડના ભાજપના પાયાના અને લોકપ્રિય ઉમેદવારો:

**શ્રી કમલેશભાઈ પટેલ*
**શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ*
**શ્રીમતી જૈમિનબેન દવે*
**શ્રીમતી સોનલબા સરવૈયા*

આ ચારેય ઉમેદવારોએ વિશાળ જનમેદની અને કાર્યકરોના ગગનભેદી નારાઓ વચ્ચે ફોર્મ ભરવા પ્રસ્થાન કર્યું હતું. ઢોલ-નગારાના તાલે અને 'ભારત માતા કી જય'ના નાદ સાથે નીકળેલી આ રેલીએ સાબિત કરી દીધું કે ખોખરામાં ભાજપનો ગઢ અડીખમ છે.



★★★ *વિકાસના મુદ્દે જનતાની વચ્ચે*

ઉમેદવારી પત્ર ભર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં ઉમેદવારોએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસકાર્યો અને પેજ સમિતિના મજબૂત માળખાના જોરે અમે મેદાનમાં ઉતર્યા છીએ. ખોખરાની જનતાનો અતૂટ વિશ્વાસ એ જ અમારી સાચી મૂડી છે.'

» *'વિજય નક્કી છે, માત્ર જનતાના આશીર્વાદ લેવા નીકળ્યા છીએ.'* - ખોખરા વોર્ડ ભાજપ ટીમ

»

★★★ *ચૂંટણી વિશ્લેષકોનું શું કહેવું છે?*

ખોખરા વોર્ડમાં આ ચારેય ચહેરાઓનો સમન્વય ખૂબ જ મજબૂત માનવામાં આવે છે. અનુભવ અને ઉત્સાહના આ સંગમ સામે વિપક્ષો માટે ટકી રહેવું મુશ્કેલ જણાઈ રહ્યું છે. આજની આ ભીડ અને સમર્થન જોઈને વિરોધી છાવણીમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ડેડીયાપાડામાં ગરમાયું રાજકારણ: ચૈતર વસાવા સામે બાથ ભીડનાર સંજય વસાવાને ભાજપનું 'ઈનામ'!

**ગ્લાસકાંડથી ટિકિટ સુધીની સફર: મંડાળા બેઠક પર ભાજપનો મોટો દાવ, સાંસદ મનસુખ વસાવાની હાજરીમાં ફોર્મ ભરાયું**

• રાજપીપલા | દીપક જગતાપ

નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ભાજપે મંડાળા જિલ્લા પંચાયત બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા ચૈતર વસાવા સામે સીધી ટક્કર લેનારા અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવા પર ભાજપે પસંદગીનો કળશ ઢોળ્યો છે. રાજકીય વિશ્લેષકો આ ટિકિટને સંજય વસાવાની નીડરતાનું 'ઈનામ' ગણાવી રહ્યા છે.

શું હતો સમગ્ર વિવાદ?

થોડા સમય પહેલા ડેડીયાપાડા ATVTની બેઠકમાં ભારે હોબાળો થયો હતો. આ બેઠક દરમિયાન ચૈતર વસાવા અને સંજય વસાવા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આરોપ છે કે ચૈતર વસાવાએ ઉશ્કેરાઈને સંજય વસાવા પર કાચનો ગ્લાસ છૂટો ફેંકી હુમલો કર્યો હતો. આ મામલે સંજય વસાવાએ પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. આ ઘટના બાદ સંજય વસાવા ભાજપના આદિવાસી ચહેરા તરીકે મજબૂત રીતે ઉભરી આવ્યા હતા.

શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી

ગઈકાલે ખાબજી ગામેથી સંજય વસાવાએ ભવ્ય રેલી યોજી પોતાની તાકાત બતાવી હતી. ડીજેના તાલે અને સમર્થકોના નારા સાથે નીકળેલી રેલી મામલતદાર કચેરી પહોંચી હતી, જ્યાં સાંસદ મનસુખ વસાવા ની ખાસ ઉપસ્થિતિમાં ફોર્મ ભરવામાં આવ્યું હતું. સાંસદે આ લડાઈને 'શિસ્ત અને વિકાસ'ની લડાઈ ગણાવી હતી.

સંજય વસાવાનો હૂંકાર

ફોર્મ ભર્યા બાદ સંજય વસાવાએ જણાવ્યું હતું કે, "પાર્ટીએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તે બદલ હું આભારી છું. મેં હંમેશા ગુંડાગીરી અને અન્યાય સામે અવાજ ઉઠાવ્યો છે. મંડાળાની જનતા આ વખતે જંગી બહુમતીથી ભાજપને વિજયી બનાવશે.'

# ચૈતર વસાવાના નજીકના નેતા હરિસિંહ વસાવા કોંગ્રેસમાં જોડાયા



• રાજપીપલા, તા. 10

આજે નર્મદા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કેટલાક અપસેટ સર્જાયા હતાં. જેમાં ભાજપા પૂર્વ મન્ત્રીએ ભાજપામાંથી રાજીનામુ આપવાની ઘટના બાદ ચૈતર વસાવાના નજીકના નેતા હરિસિંહ વસાવા કોંગ્રેસમાં જોડાઈ જતા આપ છાવણીમાં સન્નાટો છવાયો હતો.આજે આમ આદમી પાર્ટીના ગઢમાં ચૂંટણી જીતે તે પહેલા જ કોંગ્રેસે ફટાકડા ફોડ્યા હતાં અને ડેડીયાપાડા ખાતે કોંગ્રેસે ફટાકડા ફોડી આપ છોડી કોંગ્રેસમાં આવેલા નું સ્વાગત કર્યું હતું અને પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ કોંગ્રેસનો ખેસ અને હાર પહેરાવી કોંગ્રેસમાં જોડી દીધાં હતા. આપ ના અન્ય પણ કોંગ્રેસમાં જોડાતા કોંગ્રેસના સ્વાગત હોવાનું મહેશ વસાવાએ જણાવ્યું હતું.કોંગ્રેસ છોડી આપમાં ગયેલા ની ઘર વાપસી કરાવતા મહેશ વસાવાએ અભિનંદન પાઠવી આવકાર્યા હતાં.

**કેસરીયા પક્ષનો માસ્ટરસ્ટ્રોક: લાઠીની 'ચાવંડ' બેઠક પર લોકસાહિત્યકારની દીકરીની એન્ટ્રીથી રાજકારણ ગરમાયું**

# લાઠીના રણમેદાનમાં 'ડાયરા'નો દબદબો: માયાભાઈ આહિરની દીકરી સોનલ ડેરને ભાજપની ટિકિટ!

• લાઠી / અમરેલી:

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર અને જેમની વાણી પર આખું ગુજરાત આફરીન છે તેવા માયાભાઈ આહિરનાઆંગણે આજે ખુશીનો અવસર આવ્યો છે. ભાજપે પોતાની નવી યાદીમાં લાઠીની ચાવંડ બેઠકપરથી માયાભાઈની દીકરી સોનલબેન ડેરને ઉમેદવાર તરીકે જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે. આ જાહેરાત સાથે જ લાઠી-બાબરાના રાજકારણમાં ભારે ચહલપહલ મચી ગઈ છે.



લોકસાહિત્યના વારસા સાથે હવે 'જનસેવા'નો સૂર

માયાભાઈ આહિર જેમના જોક્સ અને વાર્તાઓ પર લોકો મન મૂકીને વારી જાય છે, હવે તેમની દીકરી સોનલબેન રાજકારણના મેદાનમાં ઝંપલાવી રહ્યા છે. ભાજપે એક સુસંસ્કૃત અને શિક્ષિત પરિવારની દીકરી પર ભરોસો મૂકીને 'સાંસ્કૃતિક કાર્ડ' ખેલ્યું હોય તેમ લાગી રહ્યું છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે માયાભાઈનો બહોળો ચાહક વર્ગ હવે સોનલબેન માટે 'વોટ બેંક'માં ફેરવાઈ શકે છે.

ચાવંડ બેઠક પર નવા સમીકરણો: વિરોધીઓની ઊંઘ હરામ!

ચાવંડ બેઠક પર સોનલ ડેરનું નામ જાહેર થતા જ સ્થાનિક ગણિતો બદલાઈ ગયા છે.એક તરફ માયાભાઈનું નામ અને બીજી તરફ ભાજપનું સંગઠન - આ બંને જુગલબંદી સામે લડવું વિરોધ પક્ષો માટે લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થશે. ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ઠેર-ઠેર ફટાકડા ફોડીને આ નિર્ણયને વધાવવામાં આવ્યો છે.

બાપનો વારસો અને દીકરીની દાવેદારી

સોનલબેન ડેરે ઉમેદવારી નોંધાવતા જ જણાવ્યું હતું કે, તેઓ પક્ષના આદેશ અને પિતાના આશીર્વાદ સાથે જનતાની સેવા કરવા માટે કટિબદ્ધ છે. લાઠી પંથકમાં હવે ચૂંટણીનો માહોલ જામ્યો છે. શું માયાભાઈના ડાયરા જેવી જ ધૂમ સોનલબેન ચૂંટણીના પરિણામોમાં મચાવશે? એ તો આવનારો સમય જ કહેશે.

પાક્કો ગુજરાત સ્પેશિયલ રિપોર્ટ:

» 'જ્યારે ડાયરાની શિસ્ત અને રાજકારણની રણનીતિ ભેગી થાય ત્યારે પરિણામ કંઈક અલગ જ આવતું હોય છે. લાઠીની જનતા હવે 'માયા' લગાડે છે કે 'મહેર' કરે છે, તેના પર આખા ગુજરાતની નજર રહેશે!'

# જનતાની રખેવાળી કે ઉદ્યોગપતિઓની દલાલી? સત્તાના સિંહાસન સામે સીધા સવાલ!

## અંધભક્તિના અવાજમાં ડૂબતો દેશનો અવાજ: શું ધર્મના નામે મતોની ખેતી કરી રહ્યા છે રાજકીય સોદાગરો?

• મુંબઈ |

લોકશાહીમાં સરકાર 'જનતા માટે' હોય છે, પરંતુ આજની પરિસ્થિતિ જોઈને સામાન્ય માણસના મનમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે કે– શું આ સરકાર ખરેખર જનતાની રક્ષક છે, કે પછી અંબાણી-અદાણી જેવા ગણ્યા-ગાંઠ્યા ઉદ્યોગપતિઓની 'ચોકીદાર' બનીને રહી ગઈ છે?

સોશિયલ મીડિયાથી લઈને ગલીઓ સુધી જ્યારે જમીની હકીકત અને આંકડાઓ મૂકવામાં આવે છે, ત્યારે પણ અમુક 'ભૂંડ ભક્તો' સત્ય સ્વીકારવા તૈયાર નથી. વિડંબના એ છે કે પોતાની ભક્તિના મોહપાશમાં બંધાયેલા આ લોકો માત્ર પોતે જ ડૂબી રહ્યા નથી, પણ સાથે સાથે આખા દેશને પણ ડૂબાડી રહ્યા છે. સત્ય સમજવાને બદલે આંખ આડા કાન કરવાની આ વૃત્તિ દેશ માટે ખતરનાક સાબિત થઈ રહી છે.

700 વર્ષનો ઈતિહાસ વિરુદ્ધ આજનો 'ડર

રાજકીય ગલિયારાઓમાં એક વાત ખૂબ જોરશોરથી વેચવામાં આવે છે– 'ધર્મ અને સંસ્કૃતિ જોખમમાં છે.' પરંતુ વિચારવા જેવી વાત એ છે કે:

કોઈ પણ 'સાહેબ' વગર આપણો ધર્મ અને સંસ્કૃતિ છેલ્લા 700 વર્ષથી સલામત છે અને આજે પણ અડીખમ છે.

આજે અમુક રાજકીય લોકો માત્ર ધાર્મિક અસમાનતા અને અરાજકતાનો ડરબતાવીને પોતાનો રાજકીય સ્વાર્થ સાધી રહ્યા છે.

આ 'ડર' જનતાની પાયાની જરૂરિયાતો (મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ) પરથી ધ્યાન ભટકાવવાનું સૌથી મોટું હથિયાર બની ગયું છે.

ચૂંટણીનો સમય: હિસાબ માંગવાનો અવસર

ચૂંટણી નજીક છે ત્યારે જનતાની અદાલત ભરાશે. હવે સમય આવી ગયો છે કે આપણે પોતાને આ કડવા સવાલો પૂછીએ:

1. ધર્મના નામે મત માંગીને ચૂંટાતા લોકો તમારા માટે કેટલું કામ કરે છે?

2. તમારો કિંમતી મત તમારી સમસ્યાઓના ઉકેલ માટે છે કે કોઈ ઉદ્યોગપતિની તિજોરી ભરવા માટે?

3. જ્યારે તમે મોંઘવારીમાં પીસાઈ રહ્યા હોવ, ત્યારે સરકાર તમારી રક્ષક બને છે કે દલાલ?

# નાંદોદ તાલુકા પંચાયતની પોઈચા બેઠક પર આદિવાસી સમાજની જગ્યાએ બીજા સમાજની વ્યક્તિ ને ટીકીટ આપી જેથી આપ્યું રાજીનામુ

• રાજપીપલા, તા 10

આજે ચૂંટણી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપામાં કાર્યકરોની નારાજગીનો સૂર જોવા મળ્યો હતો. જેમાં નર્મદા જિલ્લા ભાજપાના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ ના રાજકીય સલાહકાર સુરેશ વસાવાએ પાર્ટીના સક્રિય સભ્ય પદ પરથી રાજીનામું આપી દેતા ચકચાર મચી જવા પામી છે. પાર્ટીએ જાહેર કરેલા ઉમેદવારના નામને સુરેશ વસાવાએ જિલ્લા પ્રમુખને આપ્યું રાજીનામુ આપ્યું હતું આદિવાસી સમાજ સાથે થયેલા અન્યાયને પગલે આપ્યું રાજીનામુઆપ્યું હોવાનું કારણ જણાવ્યું હતું. જેમાં નાંદોદ તાલુકા પંચાયતની પોઈચા બેઠક પર આદિવાસી સમાજની જગ્યાએ બીજા સમાજની વ્યક્તિ ને ટીકીટ આપી જેથી રાજીનામુ આપ્યું હતું.

**વ્યવસ્થાની હાર?** દસ વર્ષનો વનવાસ અને 'અજીબ' આશીર્વાદ

# ન્યાયની જીત કે વ્યવસ્થાની હાર? 10 વર્ષે મળેલા ન્યાય બાદ વૃદ્ધના આશીર્વાદે સિસ્ટમની ઊંઘ ઉડાડી દીધી!

## "સાહેબ, તમે પોલીસ ઓફિસર બની જાઓ...' - એક વૃદ્ધની આ વાતમાં છુપાયેલું છે આજની ન્યાય પ્રણાલીનું વરવું સત્ય

• અમદાવાદ | પાક્કો ગુજરાત સ્પેશિયલ

કહેવાય છે કે 'ન્યાયમાં વિલંબ એટલે ન્યાયનો ઈનકાર'. તાજેતરમાં કોર્ટના વરંડામાં બનેલી એક ઘટનાએ સોશિયલ મીડિયાથી લઈને કાનૂની જગતમાં ચર્ચા જગાવી છે. દસ-દસ વર્ષ સુધી કોર્ટના ધક્કા ખાધા પછી જ્યારે એક વૃદ્ધ કેસ જીત્યા, ત્યારે તેમણે જજ સાહેબને જે આશીર્વાદ આપ્યા તે સાંભળીને આખી કોર્ટ સ્તબ્ધ થઈ ગઈ.

કેસ જીત્યાની ખુશીમાં વૃદ્ધે ગળગળા થઈને જજ સાહેબને કહ્યું, બેટા, ભગવાન તને ખૂબ પ્રગતિ આપે અને તું જલ્દીથી મોટો 'પોલીસ ઓફિસર' બની જાય!' આ સાંભળીને ત્યાં ઉભેલા વકીલે તરત જ ટોક્યા અને કહ્યું, ''કાકા, શું બોલો છો? જજ સાહેબનું પદ તો પોલીસ ઓફિસર કરતા ઘણું મોટું અને સન્માનજનક હોય છે!

વૃદ્ધનો જવાબ: વ્યવસ્થા પર જોરદાર તમાચો

વૃદ્ધે જે ખુલાસો કર્યો તે સાંભળીને જજ સાહેબ પણ વિચારતા થઈ ગયા. વૃદ્ધે કહ્યું:

» 'સાહેબ, તમારી નજરમાં જજ મોટા હશે, પણ મારી નજરમાં તો પેલો પોલીસવાળો મોટો હતો. જ્યારે મારા પર કેસ થયો, ત્યારે એણે કહ્યું હતું કે 'કાકા, 5000 રૂપિયા આપો તો બે જ દિવસમાં કેસ રફેદફે કરી દઉં.' મેં તે દિવસે ઈમાનદારી બતાવી અને એની વાત ન માની, પરિણામે મારે ન્યાય મેળવવા માટે તમારા ઉંબરે 10 વર્ષ સુધી ધક્કા ખાવા પડ્યા!'



આજની વાસ્તવિકતા: ન્યાય મોંઘો કે સમય?

આ કિસ્સો માત્ર એક ટુચકો નથી, પણ આપણી સિસ્ટમનો અરીસો છે.

પૈસા વિરુદ્ધ સમય:શું ઈમાનદારીની કિંમત દસ વર્ષનો માનસિક ત્રાસ છે?

ભ્રષ્ટાચારની શોર્ટકટ:પોલીસ સ્ટેશનમાં પતાવટ કરવી એ ન્યાયના લાંબા રસ્તા કરતા સસ્તી કેમ પડે છે?

સામાન્ય માણસની હાલત:એક સામાન્ય નાગરિક જ્યારે ન્યાય મેળવવા જાય છે ત્યારે તેની યુવાની કોર્ટના ધક્કા ખાવામાં જ જતી રહે છે.

તંત્ર ક્યારે જાગશે?

આજે હજારો કેસો કોર્ટમાં પેન્ડિંગ છે. તારીખ પર તારીખ પડતી રહે છે અને સામાન્ય માણસ ઘસાઈ જાય છે. વૃદ્ધના આ કટાક્ષભર્યા આશીર્વાદ એ વાતની સાબિતી છે કે લોકોનો ન્યાય પ્રણાલી પરથી વિશ્વાસ ડગી રહ્યો છે કારણ કે તે ખૂબ જ ધીમી છે. જો ન્યાય ઝડપી નહીં મળે, તો લોકો ભ્રષ્ટ રસ્તાઓ અપનાવવા મજબૂર બનશે.

'પાક્કો ગુજરાત'નો સવાલ: શું આપણે એવી વ્યવસ્થા બનાવી શકીશું જ્યાં ન્યાય મેળવવા માટે કોઈની આખી જિંદગી ન ખર્ચાય? કે પછી '5000ની પતાવટ' જ ન્યાયનો પર્યાય બની રહેશે?

સત્યની સાથે, જનતાના પક્ષે – પાક્કો ગુજરાત

## પોલીસ ઈન્સ્પેક્ટરોએ તમામના વ્યક્તગત બોલાવીને તેમના દ્વારા મુકવામાં આવતી પોસ્ટ અંગે રિવ્યુ

# 'સરકારની તરફેણ કરો નહીંતર બ્લૉક થશો...', સો. મીડિયા ઈન્ફ્લુએન્સરને ક્રાઈમ બ્રાન્ચે ધમકાવ્યો

**ધમકાવ્યો** વિપક્ષ કે સ્થાનિક લોકો દ્વારા દર્શાવવામાં આવતો વિરોધ ન બતાવવા માટે સમજાવટ

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવતા જ આઈબીએ સોશિયલ મીડિયા પર મુકવામાં આવતી સરકાર વિરૂદ્ધની પોસ્ટ અને તરફેણની પોસ્ટની વિગતો એકઠી કરીને પોલીસને આપી હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચ પણ ચૂંટણીમાં સરકારની ભૂમિકા હોય તેમ શહેરના કેટલાંક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને બોલાવ્યા હતા અને તેમને સરકારની યોજનાઓ અંગે કામગીરી અનુસંધાનની પોસ્ટ મુકવા તેમજ વિપક્ષ કે સ્થાનિક લોકો દ્વારા દર્શાવવામાં આવતો વિરોધ ન બતાવવા માટે સમજાવટ કરીને આડકતરી રીતે દબાણ ઉભુ કરવામાં આવ્યું હતું.




સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઈન્સ્ટાગ્રામ, યુ ટયુબ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રજાના સ્થાનિક પ્રશ્નો અને શાસક પક્ષ દ્વારા કરવામાં ન આવેલી કામગીરી અનુસંધાનમાં મુકવામાં આવતી પોસ્ટના કારણે નકારાત્મક પ્રચાર થઈ શકે તેમ હોવાનો તેમજ વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા કેટલાંક મુદ્દાઓને સ્થાનિક લોકો સમર્થન આપી શકે તેમ હોવાનો રિપોર્ટ ઈન્ટેલિજન્સ બ્યુરોએ આપ્યો હતો.

જે અનુસંધાનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ચૂંટણી અંગે બિન સત્તાવાર કામગીરી સોંપી છે. જેમાં અમદાવાદમાં કામ કરતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને ક્રાઈમબ્રાન્ચ દ્વારા તેડુ આવ્યું હતું. જેમાં ક્રાઈમ બ્રાન્ચના કેટલાંક પોલીસ ઈન્સ્પેક્ટરોએ તમામના વ્યક્તગત બોલાવીને તેમના દ્વારા મુકવામાં આવતી પોસ્ટ અંગે રિવ્યુ કરીને સરકારને નુકશાન કરતી પોસ્ટ ન મુકવા માટે દબાણ કરીને આડકતરી રીતે ધમકાવવામાં આવ્યા હતા.

એટલું જ તેમને એવું પણ કહેવામાં આવ્યું હતું કે તેમને સરકારની યોજનાઓ અને અમદાવાદમાં કરેલી કામગીરીની પોસ્ટ તેમના સોશિયલ મીડિયા મુકવા માટે દબાણ કરાયું હતુ. જેમાં વિરોધ કરનાર સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સરને ત્યાં સુધી ધમકી અપાઈ હતી કે પોલીસ તેમના સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ અને યુ ટયુબને સ્ટ્રાઈક આપીને બંધ પણ કરાવી શકે છે. જેથી મોટાભાગના લોકોએ ડરીને પોલીસને વાતને માની હતી.

# ધોળકા શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ મકવાણાનું રાજીનામું, ભાજપ સાથે સાઠગાંઠ ધરાવતા લોકોને ટિકિટ આપ્યાનો આક્ષેપ

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે અમદાવાદ જિલ્લાના ધોળકામાં કોંગ્રેસ પક્ષમાં મોટું ભંગાણ સર્જાયું છે

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે અમદાવાદ જિલ્લાના ધોળકામાં કોંગ્રેસ પક્ષમાં મોટું ભંગાણ સર્જાયું છે. ધોળકા નગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ ફાળવણી મુદ્દે થયેલા વિવાદને પગલે ધોળકા શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ મકવાણાએ પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું છે. તેમણે પક્ષના જ ઉચ્ચ હોદ્દેદારો સામે ગંભીર આક્ષેપો કરતા રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે. મળતી માહિતી અનુસાર, દિનેશ મકવાણાએ રાજીનામું આપતા પક્ષની કાર્યપદ્ધતિ પર આકરા પ્રહારો કર્યા છે. તેણે આક્ષેપ કર્યો છે કે, નગરપાલિકાની ચૂંટણીમાં પક્ષના વર્ષો જૂના અને વફાદાર કાર્યકરોને ટિકિટ આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ તેમની દરકાર કરવામાં આવી નથી. પક્ષના જવાબદાર મોટા હોદ્દેદારોએ



એવા ઉમેદવારોને મેન્ડેટ આપ્યા છે જેઓ આડકતરી રીતે ભાજપ સાથે સાઠગાંઠ ધરાવે છે.આક્ષેપ કરતા દિનેશ મકવાણાએ કહ્યું કે, 'મેં પક્ષના વફાદાર ઉમેદવારોને મેન્ડેટ આપવાની વાત કરી હતી, પરંતુ પક્ષના મોટા હોદ્દેદારોએ ભાજપ સાથે મેળાપીપણું ધરાવતા શખસોને ટિકિટ આપી દીધી છે. આવા સંજોગોમાં પક્ષમાં રહીને કામ કરવું શક્ય ન હોવાથી મેં રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.'

ધોળકા નગરપાલિકાના જંગમાં ઉતરતા પહેલા જ શહેર સંગઠનના મુખ્ય હોદ્દેદારે પક્ષ છોડતા કોંગ્રેસ માટે મુશ્કેલ સ્થિતિ સર્જાઈ છે. શહેર પ્રમુખના રાજીનામાથી પક્ષના અન્ય કાર્યકરોમાં પણ નારાજગી ફેલાઈ શકે છે, જેની સીધી અસર ચૂંટણીના પરિણામો પર પડી શકે છે. બીજી તરફ, ભાજપ સાથે સાઠગાંઠના આક્ષેપોએ કોંગ્રેસની છબીને મોટું નુકસાન પહોંચાડ્યું છે.

# કન્ટેનર ચાલકે બ્રેક મારતા આઈસર ધડાકાભેર અથડાયું સારવાર લીધા બાદ પરત ઘટનાસ્થળે પહોંચતા ડ્રાઈવરનું મોત

• ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા હિંમતનગર હાઈવે પર આગમન હોટલ સામેના રોડ ઉપર કન્ટેનરે અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલી આઈસર ગાડી ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં આઈસર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કરુણ મોત નીપજ્યું છે. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશના રહેવાસી 48 વર્ષીય સંદીપકુમાર હરનામસિંહ 10 એપ્રિલે ગઈકાલે આઈસર ગાડી લઈને રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે વહેલી સવારે ચંદ્રાલા ગામ પાસે આગળ જતા કન્ટેનરના ચાલકે અચાનક બ્રેક મારતા સંદીપકુમારની આઈસર પાછળના ભાગે અથડાઈ હતી. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેઓ ઘટનાસ્થળે પરત ફર્યા હતા. પરંતુ થોડીવારમાં જ તેમને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. બાદમાં અચાનક ઉલટીઓ થવા લાગી હતી. જેથી 108 એમ્બ્યુલન્સને ફરી બોલાવવામાં આવી પરંતુ તપાસ કરતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે ક્લીનર રાહુલકુમાર બગેલ દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ અકસ્માત એટલો જોરદાર હતો કે આઈસરનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત બાદ દિલ્હીથી આવી રહેલા અન્ય ટ્રક ચાલક અને ક્લીનર રાહુલ મદદ માટે દોડી આવ્યા હતા. શરૂઆતમાં સંદીપકુમારને સારવાર માટે છાલા સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેઓ ઘટનાસ્થળે પરત ફર્યા હતા. પરંતુ થોડીવારમાં જ તેમને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. બાદમાં અચાનક ઉલટીઓ થવા લાગી હતી. જેથી 108 એમ્બ્યુલન્સને ફરી બોલાવવામાં આવી પરંતુ તપાસ કરતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે ક્લીનર રાહુલકુમાર બગેલ દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ટિકિટની ખેંચતાણને છતાં ભાજપ એકજૂટ હોવાનો પ્રદેશ પ્રમુખનો દાવો:જગદીશ વિશ્વકર્માએ કહ્યું...



ગાંધીનગર : રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપમાં ટિકિટ વહેંચણી મુદ્દે ગરમાવો જોવા મળી રહ્યો છે. અનેક બેઠકો પર ટિકિટ માટે દાવેદારો વચ્ચે ખેંચતાણ ચાલતી હોવા છતાં ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પાર્ટીની સ્થિતિ મજબૂત હોવાનું જણાવ્યું હતું. મીડિયા સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, આજે ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે અને હાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. પાર્ટી તમામ બેઠકો પર તૈયારી સાથે મેદાનમાં ઉતરી રહી છે. જગદીશ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, છેલ્લા 30 વર્ષથી ગુજરાતની જનતાએ ભાજપ પર અડગ વિશ્વાસ મૂક્યો છે, જેના કારણે રાજ્ય અને દેશમાં સર્વાંગી વિકાસ થયો છે.

**વડોદરા ગામેથી બોગસ ડોકટરને પકડી પાડયો : વિજય નંદરામ ટીલાવત નામનો શખ્સ મારૂતિ ક્લિનિક ચલાવતો હતો.**

# રાજકોટ ગ્રામ્ય એસઓજીનો દરોડો :પાટણવાવમાં ડિગ્રી વગર એલોપેથીક પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

• રાજકોટ

રાજકોટ : રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર ની સૂચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખા દ્વારા પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેસર મેડિકલ પ્રેક્ટિસ કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન વાડોદર ગામમાં કોઈપણ માન્ય ડિગ્રી વગર એલોપેથીક ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા એક શખ્સને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે.ઘટનાની વિગતો મુજબ, એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.સી. મિશ્રા અને તેમની ટીમના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ




પિયુષભાઈ અધેરા તથા નેમીષભાઈ મહેતાને મળેલી ખાનગી બાતમીના આધારે પાટણવાવના વાડોદર ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં વિજયભાઈ નંદરામભાઈ ટીલાવત નામનો શખ્સ પોતાના કબજાના મકાનમાં 'મારૂતી ક્લીનીક' નામે દવાખાનું ચલાવી રહ્યો હતો. તેની પાસે એલોપેથીક પ્રેક્ટિસ માટેની કોઈ પણ કાયદેસરની ડિગ્રી કે સરકાર માન્ય લાયસન્સ ન હોવા છતાં તે ઈન્જેક્શન, સ્ટીરોઈડ ડ્રગ્સ અને એન્ટી બાયોટીક દવાઓ આપી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યો હતો.પોલીસે સ્થળ પરથી વિવિધ ફાર્મા કંપનીઓની એલોપેથીક દવાઓ, મેડિકલ સાધનો અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૩૧,૪૯૫/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિજયભાઈ ટીલાવત વિરુદ્ધ મેડિકલ પ્રેક્ટીશ એક્ટની કલમ ૩૦ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીમાં એસ.ઓ.જી.ના પી.આઈ. એફ.એ. પારગી, પી.એસ. આઈ. જી.જે. ઝાલા, પી.એસ. આઈ. બી.સી. મિશ્રા તેમજ સ્ટાફના પિયુષભાઈ અધેરા, નૈમિષભાઈ મહેતા, દિપાલસિંહ જાડેજા અને પૃથ્વીરાજસિંહ ડોડીયા જોડાયા હતા.

# રાજનીતિનું 'વોશિંગ મશીન': ગઈકાલના ભ્રષ્ટાચારી, આજના સદાચારી!

## રાજકીય 'વોશિંગ મશીન': અંદર જાઓ અને સાફ થઈને બહાર આવો!

• અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં અત્યારે એક એવો ડ્રામા ચાલી રહ્યો છે જેમાં કલાકારો બદલાય છે પણ પટકથા એ જ રહે છે. ગઈકાલ સુધી જે નેતાઓ એકબીજાના લોહીના તરસ્યા હતા, જેઓ જાહેરમાં એકબીજા પર 'લાખો કરોડના ભ્રષ્ટાચાર'ના આક્ષેપો કરતા હતા, આજે તેઓ જ એકબીજાના ગળે મળીને સત્તાના સિંહાસન પર આરામથી બેઠા છે. સવાલ એ થાય છે કે, શું જનતા ખરેખર મૂર્ખ છે?રાજકીય ગલિયારાઓમાં ચર્ચા છે કે આ નેતાઓનું મિલન વિચારધારાનું છે કે કોઈ મોટો સોદો? જ્યારે ભ્રષ્ટાચારના આરોપી અને આરોપ લગાવનાર એક જ થાળીમાં જમવા લાગે, ત્યારે સમજવું કે બલિદાન માત્ર જનતાના ભરોસાનું જ થયું છે. આને કહેવાય 'ખુલ્લેઆમ ડ્રામા'. નેતાઓ માને છે કે જનતા અભણ છે, પણ સાહેબ, જનતા બધું જ જોઈ રહી છે અને યોગ્ય સમયે જવાબ આપવાનું પણ જાણે છે.

આક્ષેપો સાચા હતા કે આજના ગઠબંધન ખોટા?

જનતાને બધું યાદ છે. એક નેતા મંચ પરથી ગર્જના કરતો હતો કે- 'સરકારે ૧,૦૦,૦૦૦ કરોડનો ભ્રષ્ટાચાર કર્યો છે!' બીજો નેતા કાગળો લહેરાવીને કહેતો હતો કે- '૩૦૦ કરોડનું કૌભાંડ થયું છે!' આજે જ્યારે આ બંને નેતાઓ એક જ પક્ષમાં, એક જ ખુરશી પર બેસીને સ્મિત આપી રહ્યા છે, ત્યારે જનતા પૂછી રહી છે: જો આક્ષેપો સાચા હતા તો આજે તમે સાથે કેમ? અને જો તમે સાથે છો, તો શું એ આક્ષેપો જનતાને મૂર્ખ બનાવવા માટેનો માત્ર એક દેખાડો હતો?

રાજકીય 'વોશિંગ મશીન': અંદર જાઓ અને સાફ થઈને બહાર આવો!

આજના સમયમાં રાજકારણમાં એક અદભૂત 'વોશિંગ મશીન' આવી ગયું છે. આ મશીનની ખાસિયત એવી છે કે:

* પહેલું સ્ટેપ: વિરોધ પક્ષમાં રહીને સરકાર પર આકરા પ્રહારો કરો.

* બીજું સ્ટેપ: ભ્રષ્ટાચારના ગંભીર આરોપો સહન કરો અથવા તપાસનો સામનો કરો.

* ત્રીજું સ્ટેપ: અચાનક 'હૃદય પરિવર્તન' થાય અને શાસક પક્ષમાં જોડાઈ જાઓ.

* પરિણામ: જેવો કેસરીયો ખેસ ધારણ કર્યો કે તરત જ બધા પાપ ધોવાઈ ગયા! તપાસ બંધ, ફાઈલો ગાયબ અને તમે બની ગયા 'દૂધે ધોયેલા' નેતા!

ખરીદી 'બ્લેક'માં થઈ કે 'ટેકાના ભાવે'?

રાજકીય ગલિયારાઓમાં ચર્ચા છે કે આ નેતાઓનું મિલન વિચારધારાનું છે કે કોઈ મોટો સોદો? જ્યારે ભ્રષ્ટાચારના આરોપી અને આરોપ લગાવનાર એક જ થાળીમાં જમવા લાગે, ત્યારે સમજવું કે બલિદાન માત્ર જનતાના ભરોસાનું જ થયું છે. આને કહેવાય 'ખુલ્લેઆમ ડ્રામા'. નેતાઓ માને છે કે જનતા અભણ છે, પણ સાહેબ, જનતા બધું જ જોઈ રહી છે અને યોગ્ય સમયે જવાબ આપવાનું પણ જાણે છે.

મતદારો જાગો! નહીંતર આ ખેલ ચાલતો રહેશે

આ લેખ કોઈ પક્ષ વિરુદ્ધ નથી, પણ એ વ્યવસ્થા વિરુદ્ધ છે જે લોકશાહીને મજાક સમજે છે. જો આજે આપણે આ 'વોશિંગ મશીન' નેતાઓને સવાલ નહીં પૂછીએ, તો આવતીકાલે પણ તેઓ આપણા મતના સોદા કરતા રહેશે.

યાદ રાખો, નેતાઓની ફાઈલો સાફ થઈ શકે છે, પણ ઈતિહાસના પાના પર જનતા સાથે થયેલો વિશ્વાસઘાત ક્યારેય ભૂંસાશે નહીં.

'ગઈકાલે જે દુશ્મન હતા, આજે ભાઈ-ભાઈ છે,

સત્તા માટે તેમણે જનતાના હકની બલિ ચઢાઈ છે.

ખુરશી મળી તો પાપ ધોવાયા, આ કેવી નવાઈ છે!'

ધમકી

ગૌભક્તોને જાનથી મારી નાખવાની ધમકી મળી

# ગોબલજ ગામે ગાય માતાની ગૌચર જમીનને ગેરકાનૂની રીતે વેચી દેતા ગ્રામજનો અને ભૂમાફિયાઓ ઘર્ષણ

## "૧૦૦ પશુ ધનની સંખ્યાની સામે સોળ હેક્ટર ગૌચર જમીન અનામત રાખવામાં આવશે"

• ખેડા ગોબલજ

ગો બલજ ગામે ગાય માતાની ગૌચર જમીનને ગેરકાનૂની રીતે વેચી દેતા ગ્રામજનો અને ભૂમાફિયાઓ ઘર્ષણ ઉલ્લેખનીય છે કે, આ ગૌચર જમીન સરકારની કે કલેક્ટરની માલિકીની નહીં પરંતુ પશુધનની અને ગોપાલકોની માલિકીની છે. જેથી ગૌચર જમીન કોઈ પણ હેતુ માટે આપી શકાય નહીં. આ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટે પીઆઈએલ નંબર ૧૭/૨૦૧૧ માં ચુકાદો આપીને, સેકડો હેક્ટર ગૌચર જમીન પરત મેળવીને, પશુ ધનને અને ગોપાલકોને પરત આપી છે. આ ઐતિહાસિક ચુકાદાને કારણે પશુધન બચવાની સાથે ગૌચર જમીન બચશે તેવો ગોપાલકોને પૂર્ણ વિશ્વાસ છે. આ સમગ્ર મુદ્દા અંગે વાત કરતા ગૌભક્ત જશુભા એ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં આજે માંડ સાડા આઠ લાખ ગૌચર જમીન જ બચી છે, એટલે કે પશુ ધનની જન સંખ્યાની સામે ફક્ત વીસ ટકા જ ગૌચર જમીન બચી છે. જેમાં "૧૦૦ પશુ ધનની સંખ્યાની સામે સોળ હેક્ટર ગૌચર જમીન અનામત રાખવામાં આવશે" તેવી સરકારની નીતિને ધોઈને પી જવામાં ભૂમાફિયા અને સરકારના ભ્રષ્ટ અધિકારીઓનું ગઠબંધન

આજે સફળ થઈ રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. આવા લોકોનાં પાપે અને ગૌચર જમીનના અભાવે રાજ્યના ગામો અને શહેરોમાં લાખો પશુઓ અને ગાય માતાઓ પ્રજાએ ફેંકી દીધેલા પ્લાસ્ટિક/કાગળો ખાઈને જીવન ગુજારે છે.

તમને જણાવી દઈએ કે, ગોબલજ ગામની જમીન પર ગરીબોના કરોડો રૂપિયા ચાઉ કારણના મહા ઠગ દક્ષેશ



મહેન્દ્ર શાહની ગેર કાનૂની પ્રવૃત્તિઓ રોકવા માટે ખેડા જિલ્લાએ, ગોબલજ ગામના રહેવાસીઓએ, ગોપાલકોએ અને ભૂતપૂર્વ સરપંચ શ્રી દિલીપભાઈ પટેલ વગેરે એ છેલ્લા ૨૭ વર્ષથી ઘરના પૈસે અને જાન માલનાં જોખમે આંદોલન અને રજૂઆત કરી રહ્યા છે કે, આ ગામની ગૌચર જમીન કોઈને પણ કોઈ હેતુ માટે આપી શકાય નહીં, અને જ્યારે આપી છે, તો સાત વાર ગોબલજ ગામ ની જમીનની મૂળ શરતનો ભંગ થતાં, આ જમીન શ્રી સરકાર કરીને ગોપાલકોને પરત આપીને પશુ ધનનું આશ્રય સ્થાન બનાવવું જોઈએ. જેથી આ તમામ ગૌ ભક્તો દ્વારા સૌથી મોટા ગૌભક્ત એવા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની તપાસ કરવાનાં આદેશ બાદ પણ દક્ષેશ મહેન્દ્ર શાહ નેતાઓનાં નામે ઉઘાડી લૂંટ ચલાવી રહ્યો છે. આ ઉપરાંત રજૂઆત કરનારા ભોળા ગ્રામવાસીઓને ડરાવી અને મારવાની ધમકીઓ આપી રહ્યો છે.

દક્ષેશ મહેન્દ્ર શાહ, મોટો નેતા હોય તેમ સોશિયલ મીડિયા પર પ્રવચનો કરીને ગોપાલો અને ચીટ ફંડ અને ફરિયાદી અને સાક્ષીઓને પોતે નેતા છે, તેવી ઈમેજ ઊભી કરીને ચૂપ રહેવાની આડ કતરી ધમકી આપી રહ્યો છે.

ડભોઈ માતૃભૂમિની રક્ષા કાજે જીવનના અમૂલ્ય ૧૭ વર્ષ સમર્પિત કરનાર ડભોઈના પનોતા પુત્ર આજે જ્યારે વતન પરત ફર્યા

# ડભોઈના આંગણે દેશભક્તિનો ઉત્સવ: ૧૭ વર્ષની આર્મીમાં સેવા આપી નિવૃત્ત થયેલા મનીષભાઈ ચતુર્વેદીનું ભવ્ય સ્વાગત

5

## સ્વાગત સમારોહમાં લોકપ્રિય ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ માતૃભૂમિની રક્ષા કાજે જીવનના અમૂલ્ય ૧૭ વર્ષ સમર્પિત કરનાર ડભોઈના પનોતા પુત્ર આજે જ્યારે વતન પરત ફર્યા, ત્યારે સમગ્ર નગર દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. ડભોઈ સ્થિત હરીહર આશ્રમના મહંત વિજય મહારાજના પૌત્ર અને મનીષભાઈ વિજય મહારાજ ચતુર્વેદીના સુપુત્ર, જેઓ ભારતીય સેનામાં છેલ્લા દોઢ દાયકાથી વધુ સમયથી પોતાની ફરજ બજાવી રહ્યા હતા, તેઓ આજે નિવૃત્ત થઈ સ્વગૃહે પધારતા તેમનું અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું.ધારાસભ્ય અને આગેવાનો દ્વારા પુષ્પોથી વધામણાં ડભોઈ શિનોર ચોકડી અને સેવાસદન પાસે



આયોજિત સ્વાગત સમારોહમાં લોકપ્રિય ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નિવૃત્ત જવાનને પુષ્પહાર પહેરાવી, કુમકુમ તિલક કરી ભાવભીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે આપણા વિસ્તારનો યુવાન જ્યારે સરહદ પર દેશની રક્ષા કરીને ગૌરવભેર પરત ફરે છે, ત્યારે આખા ડભોઈ માટે તે દિવાળી જેવો પ્રસંગ બની જાય છે આ ગૌરવવંતા પ્રસંગે શહેરના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા, જેમાં મુખ્યત્વે:

શૈલેષભાઈ મહેતા: ધારાસભ્ય, ડભોઈ

બી.જે. બ્રહ્મભટ્ટ: વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ વિવેક મહેતા જિ લ લા ભાજપ લધુમતી મોરચા ના કોષાધ્યક્ષ સઈદભાઈ લોટવાલા નગ ર પાલિકાના સભ્યો અને સા માજિક અગ્રણીઓ ૧૭ વર્ષનો સંઘર્ષ અને સેવા

મનીષભાઈ ચતુર્વેદીએ ભારતના અ તિ દુર્ગમ અને સંવેદનશીલ વિ સ્તારોમાં પોતાની ફરજ બજાવી છે . ૧૭ વર્ષની આ દીર્ઘકાલીન નો ક રી દરમિયાન અનેક ઉતાર-ચઢાવ અને પડકારોનો સામનો કરવા છ તાં , તેમણે અત્યંત ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક માતૃભૂમિની સેવા કરી છે.

પરિ વાર અને નગરમાં ખુશીનો માહોલ

પોતાના પુત્ર અને પૌત્રને સુરક્ષિત અ ને ગૌ રવ સાથે વતન પરત ફ રેલા જોઈ મહંત વિજય મહારાજ અ ને સમગ્ર ચતુર્વેદી પરિવારની આંખોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હ તા. ડભોઈના નગરજનોએ ઢોલ-ન ગારાના તાલે અને પુષ્પવર્ષા સાથે જ વાનને વધાવ્યા હતા. લોકોમાં એક જ સૂર હતો કે મનીષભાઈની આ સેવા આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બનશે.ગૌરવશાળી ક્ષણ: ડભોઈવાસીઓએ એક થઈને સાબિત કરી દીધું કે દેશની રક્ષા કરનાર જવાનનું સ્થાન દરેક નાગરિકના હૃદયમાં સર્વોપરી છે.

# રીક્ષામાં બેઠેલા 3-શખ્સોએ વૃદ્ધને છરી બતાવી 1 લાખ લૂંટી લીધા

## જે મામલે વૃદ્ધે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરના વાડજ વિસ્તારમાં રહેતા વૃદ્ધ પૈસાની જરૂર હોવાથી ઉધાર પૈસા લેવા રાજકોટ ખાતે બહેનના ઘરે ગયા હતા. વૃદ્ધ 1 લાખ ઉધાર લઈને અમદાવાદ પરત આવ્યા અને વહેલી સવારે પાલડીથી રીક્ષામાં બેસીને વાડજ તરફ આવી રહ્યા હતા. ત્યારે રીક્ષામાં બેઠેલા 3 શખ્સોએ વૃદ્ધને છરી બતાવી 1લાખ રૂપિયા લૂંટી લીધા હતા. જે મામલે વૃદ્ધે એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.રાજકોટથી 1 લાખ લઈને તેઓ એસટી બસમાં અમદાવાદ આવ્યા હતા

જુના વાડજમાં રહેતા જશવંતભાઈ સોલંકી મોટેરા ડીમાર્ટ સામે ફેબ્રિકેશનનો વેપાર કરે છે. જશવંતભાઈને પૈસાની જરૂર હોવાથી તેઓ રાજકોટ ખાતે તેમના બહેનના ઘરે ઉધાર પૈસા લેવા માટે ગયા હતાં. રાજકોટથી 1 લાખ લઈને તેઓ એસટી બસમાં અમદાવાદ આવ્યા હતા. વહેલી સવારે 5 વાગ્યે તેઓ



પાલડી ખાતે બસમાંથી ઉતર્યા હતાં. જે બાદ તેમને વાડજ જવાનું હોવાથી એક રીક્ષામાં બેઠા હતા. આ રીક્ષામાં પહેલાથી જ પાછળની સીટ ઉપર ત્રણ પેસેન્જર બેઠા હતાં. જશવંતભાઈ રિક્ષામાં બેસીને પાલડી ચાર રસ્તાથી એલિસબ્રિજ થઈ વાડજ જવા નીકળ્યા હતાં.એલીસબ્રીજ દેવનંદન મોલ નજીક પહોંચતા જ પાછળની સીટમાં બેઠેલા ત્રણ શખ્સો પૈકી એક શખ્સે કમરના ભાગેથી છરી કાઢી જ્યારે બે શખ્સોએ જશવંતભાઈને પકડી રાખ્યા હતાં. જશવંતભાઈને છરી બતાવીને 'તારા પાસે જે હોય તે આપી દે નહીં તો મારી નાખીશું' એવું કહેતા જશવંતભાઈએ તેમના ખિસ્સામાં રહેલા 1 લાખ રૂપિયા ડરના કારણે આપી દીધા હતા. ત્યારબાદ તેમને રિક્ષામાંથી દેવનંદન મોલ પાસે ઉતારીને રીક્ષા નહેરુનગર તરફ જતી રહી હતી. સમગ્ર મામલે જશવંતભાઈએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

# ગાંધીનગર ડીમાર્ટમાંથી ઘીના પાઉચની ચોરી 20 દિવસમાં 44 હજારના ઘીના પાઉચ ચર્યો

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-26માં આવેલા ડીમાર્ટ મોલમાં છેલ્લા 20 દિવસથી ચાલી રહેલી ઘીના પાઉચની ચોરીનો પર્દાફાશ થયો છે. મોલ મેનેજમેન્ટે વાવોલના વતની સુરપાલસિંહ ઠાકોરને લોટની થેલીમાં 13 પાઉચ છુપાવીને લઈ જતા રંગેહાથ ઝડપી પાડી સેક્ટર-21 પોલીસને હવાલે કર્યો છે. સીસીટીવી ફૂટેજ અને સ્ટોકની તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીએ અત્યાર સુધીમાં અંદાજે 44,000ની કિંમતના કુલ 143 ઘીના પાઉચની ચોરી કરી હતી.

ઘટનાની વિગતો મુજબ, સેક્ટર-26 ડીમાર્ટના સ્ટોર મેનેજર તુષારભાઈ ગાયકવાડને છેલ્લા 20 દિવસથી સ્ટોકની ગણતરી દરમિયાન મધુર અને અમુલ ઘીના 500 ગ્રામના પાઉચમાં સતત ઘટ જણાતી હતી. આ મામલે શંકા જતાં સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા, જેમાં એક શખ્સ ઘઉંના લોટની થેલીની અંદર કંઈક છુપાવીને લઈ જતો શંકાસ્પદ જણાતા સ્ટાફને સતર્ક કરી દેવામાં આવ્યો હતો. ગત 10 એપ્રિલના રોજ સાંજે જ્યારે આ શંકાસ્પદ શખ્સ ફરીથી મોલમાં ખરીદી કરવા આવ્યો અને એક્ઝિટ ગેટ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મેનેજરે તેને અટકાવી બિલની માંગણી કરી હતી. બિલમાં માત્ર ઘઉંના લોટની બે થેલીઓ જ નોંધાયેલી હતી, પરંતુ તપાસ કરતા થેલીની અંદરથી અમુલ ઘીના 500 ગ્રામના 13 પાઉચ બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા.

પકડાયેલા શખ્સની ઓળખ સુરપાલસિંહ સોમાભાઈ ઠાકોર (રહે. વાવોલ, મૂળ મહીસાગર) તરીકે થઈ છે. કડકાઈથી પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે તે અગાઉ પણ અનેકવાર આવી જ મોડસ ઓપરેન્ડીથી ચોરી કરી ચૂક્યો છે. મોલના રેકોર્ડ અનુસાર તેણે અત્યાર સુધીમાં કુલ 143 નંગ પાઉચની ચોરી કરી છે. હાલ સેક્ટર-21 પોલીસે સ્ટોર મેનેજરની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# 17 વર્ષીય સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને 20 વર્ષની કેદ:ગાંધીનગર પોક્સો કોર્ટનો પીડિતાને 4 લાખનું વળતર ચૂકવવા હુકમ

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-7 પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી 17 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેના પર વારંવાર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે અમદાવાદના આરોપી મનદીપ રસિકભાઈ વાઘેલાને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા અને કુલ 30 હજારનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત માનવીય અભિગમ અપનાવી કોર્ટે ભોગ બનનાર સગીરાને 4 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે. આ કેસની વિગત મુજબ, મૂળ સુરેન્દ્રનગરના અને હાલ અમદાવાદમાં રહેતા આરોપી મનદીપ વાઘેલાએ સપ્ટેમ્બર 2022માં સેક્ટર-13 ખાતેથી 17 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. બાદમાં આરોપી સગીરાને અમદાવાદના ત્રાગડ ખાતે લઈ ગયો હતો. 11 થી 18 સપ્ટેમ્બર 2022 દરમિયાન તેણીની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી. આ કેસ ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટ જજ એસ. વી. શર્મા સમક્ષ ચાલી જતા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર પી.એસ. વ્યાસે દલીલો કરેલી કે, આરોપીએ માત્ર 17 વર્ષની માસૂમ દીકરી સાથે આવું જઘન્ય કૃત્ય આચરીને ગંભીર ગુનો કર્યો છે.

ચેતજો મતદારો! હાર્દિક-અલ્પેશ પછી હવે રાજુભાઈ: શું ખેડૂતો અને યુવાનોના લોહી-પરસેવાનો ઉપયોગ માત્ર સત્તાના સોપાન ચડવા જ થાય છે?

# પાક્કો ગુજરાત લપડાક: આંદોલનના નામે 'ખેલ', જનતાના ખભે બંદૂક અને પછી સીધી 'ટિકિટ'ની ભૂખ!

• અમદાવાદ/ગુજરાત:

ગુજરાતના રાજકારણમાં એક પેટર્ન બની ગઈ છે: પહેલા આંદોલન કરો, જનતાને ભાવુક કરો, રસ્તા પર ઉતારો, ખેડૂતોના હકની વાતો કરો અને પછી જેવી મોકો મળે એટલે 'સેટિંગ' કરીને સત્તાધારી પક્ષનો ખેસ પહેરી લો! હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરના રસ્તે હવે રાજુભાઈએ પણ જે રીતે કૂદકો માર્યો છે, તે જોઈને ગુજરાતના યુવાનો પૂછી રહ્યા છે કે - અમારા સંઘર્ષનું ભાણું કોણ જમી ગયું?

ખેડૂતોનો ખભો અને પોતાની 'તિજોરી'!

જ્યારે આ નેતાઓ મેદાનમાં આવે છે ત્યારે ખેડૂતોના દેવા માફી અને યુવાનોની નોકરીની મોટી-મોટી વાતો કરે છે. ભોળી જનતા પોતાના હક માટે લાઠીઓ ખાય છે, જેલ જાય છે અને આ 'નેતાઓ' એ જ લાઠીઓના જોરે પોતાનું કદ વધારીને પક્ષો સાથે સોદાબાજી કરે છે. આખરે જનતાને શું મળ્યું? એ જ જૂના પ્રશ્નો અને આ નેતાઓને શું મળ્યું? બંગલા, ગાડી અને પક્ષની ટિકિટ!

શું EVM ના ભરોસે જ આ 'ખેલ' ખેલાય છે?

સામાન્ય જનતામાં અત્યારે ભારે રોષ છે. લોકો ચર્ચા કરી રહ્યા છે કે આ નેતાઓ એટલા માટે પક્ષપલટો કરે છે કારણ કે તેમને લાગે છે કે એકવાર ટિકિટ મળી ગઈ એટલે EVM ના જોરે તો જીતી જ જવાશે. પણ આ નેતાઓ ભૂલી રહ્યા છે કે EVM માં આંગળી દબાવનાર તો આ જ જનતા છે જેનો તેમણે ઉપયોગ કર્યો છે.

યુવાનો અને મતદારો માટે 'પાક્કો ગુજરાત'નો આહવાન:

તમારા એક વોટની કિંમત સમજો! જે નેતા તમારા આંદોલનને વેચીને પોતાની ટિકિટ પાકી કરતો હોય, તેને સબક શીખવવાનો સમય હવે પાકી ગયો છે.

યાદ રાખો: નેતા પક્ષ બદલે છે, પણ તમારી સમસ્યા એની એ જ રહે છે.

વિચારો: શું તમે કોઈની રાજકીય કારકિર્દી બનાવવા માટે રસ્તા પર ઉતરો છો?

જાગો: લોકશાહીમાં સૌથી મોટી તાકાત તમારી આંગળી પર લાગેલી શાહી છે.

પાક્કો ગુજરાત એડિટોરિયલ:

» 'ખેડૂતોના નામે ઘર ભરનારા અને આંદોલનના ટિકિટમાં રૂપાંતર કરનારા 'લેભાગુ' નેતાઓથી સાવધાન રહેવાની જરૂર છે. જો આજે આ ભૂલ સુધારવામાં નહીં આવે, તો આવતીકાલે ફરી કોઈ નવો ચહેરો તમને છેતરવા તૈયાર ઊભો હશે. હવે મત આપતા પહેલાં સો વાર વિચારજો કે તમે 'નેતા' ચુણો છો કે 'તકવાદી'?'

## તંત્રીની કલમે

# સત્તાના નશામાં ચૂર શાસકોને 'મોત' પણ હવે આંકડા દેખાય છેઃ જાગો ગુજરાત, જાગો!

લોકશાહીમાં જનતા જનાર્દન હોય છે, પણ ગુજરાતની વર્તમાન સ્થિતિ જોતા લાગે છે કે સત્તાધારી પક્ષ માટે જનતા માત્ર 'વોટ બેંક' અને મોત માત્ર 'ટકાવારી' બનીને રહી ગઈ છે. બસ સ્ટોપ પર ઉમટતી લાખોની મેદની વચ્ચે જ્યારે કોઈ એક વ્યક્તિ દમ તોડે છે, ત્યારે સરકાર તેને 'નીચી ટકાવારી' કહીને પોતાની સફળતા ગણાવે છે. અરે સાહેબ! જેણે પોતાનો સ્વજન ગુમાવ્યો છે એને જઈને પૂછો કે એ ટકાવારી કેટલી ઊંચી છે!

પુલ તૂટ્યા, લોહી વહ્યું અને તમે સફળતા ગણાવો છો?

ભૂતકાળમાં બનેલી પુલ હોનારતોમાં સેંકડો નિર્દોષ લોકો હોમાઈ ગયા. આજે સરકાર



બેશરમીથી કહે છે કે અમે એ ટકાવારી નીચે લાવ્યા છીએ. શું આ તમારી કાર્યશૈલીની સફળતા છે? ના, આ જનતાની મજબૂરી અને તમારી નિષ્ફળતાનું પ્રતીક છે. ભ્રષ્ટાચારના થર એટલા ઊંડા ઉતરી ગયા છે કે હવે નવા ચહેરાઓને ટિકિટ આપીને જૂના પાપો ધોવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પણ ગુજરાતની જનતા મૂર્ખ નથી, તેને નવા ચહેરાઓમાં પણ 'નવા ભ્રષ્ટાચાર'ની ગંધ આવી રહી છે.

વિકાસની વાતો કે માત્ર છેતરામણી?

ચૂંટણી આવે એટલે 'ગુજરાત મોડલ'ના મરશિયા ગાવામાં આવે છે. પણ વાસ્તવિકતા એ છે કે છેવાડાના માનવી સુધી હજુ વિકાસ પહોંચ્યો જ નથી. સત્તાધારી પક્ષને માત્ર પૈસા અને સત્તાનો જ મોહ છે, સામાન્ય માણસની જિંદગીની તેમને કોઈ પડી નથી.

સમય પાકી ગયો છે...

હવે સમય છે ગુજરાતની જનતાએ જાગૃત થવાની. આ વખતની ચૂંટણીમાં ભાજપને વોટની તાકાત બતાવવી જ પડશે. જો ગુજરાતમાં સત્તા પરિવર્તન આવશે, તો જ તેની સીધી અસર કેન્દ્ર સુધી પહોંચશે અને શાસકોનો અહંકાર ઓગળશે.

'પાક્કો ગુજરાત'ની અપીલઃ અમે કોઈ પક્ષના વિરોધી નથી, પણ અમે અન્યાયના વિરોધી છીએ. અમે ગુજરાતની જનતાને અપીલ કરીએ છીએ કે પક્ષની ગુલામી છોડો અને સાચા, ઈમાનદાર અને કર્મઠ ઉમેદવારને મત આપો. ગુજરાતને હવે પ્રોપેગન્ડાની નહીં, પણ સાચા પરિવર્તનની જરૂર છે.

પવન માકન

---

## બિન હરીફ

### છેલ્લી ઘડી સુધી કોંગ્રેસના ઉમેદવારના ઠેકાણા પણ ન પડ્યા

# ભાજપે ખેલ પાડવાનું શરૂ કર્યું, 42 સીટ બિન હરીફ કડી નગરપાલિકાની 36 સીટમાંથી 22 બિન હરીફ

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો આજે (11 એપ્રિલ) છેલ્લો દિવસ હતો

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવાનો આજે (11 એપ્રિલ) છેલ્લો દિવસ હતો. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા છે. સવારે 10 વાગ્યાથી ઢોલ-નગારા સાથે રેલી કાઢી ઉમેદવારો ફોર્મ ભરવા પહોંચ્યા હતા. ચૂંટણીનું કાઉનડાઉન શરૂ થતાં જ ભાજપે દક્ષિણ ગુજરાતમાં મોટો ખેલ પાડી દીધો છે. નવસારી જિલ્લા પંચાયતની 3 બેઠકો બિનહરીફ થઈ ગઈ છે. જ્યારે કડી નગરપાલિકાની 36માંથી 22 સીટ બિન હરીફ થઈ ગઈ છે. કુલ મળીને રાજ્યમાં 42 સીટ બિન હરીફ થઈ છે.અંતિમ ઘડી સુધી કોંગ્રેસે અમદાવાદ કોર્પોરેશનમાં પોતાના ઉમેદવાર જાહેર કર્યા હતા તો ભાજપે પણ પોતાના 4 ઉમેદવાર બદલવાની ફરજ પડી હતી. જેમાં રાજકોટ, વડોદરામાં એક-એક અને અમદાવાદમાં બે ઉમેદવાર બદલાયા હતા.

કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર તસ્લીમ આલમ તીર્મીઝિએ પોલીસ જાપ્તા સાથે ફોર્મ ભર્યું હતું. તેમણે કહ્યું કે અમારા ધારાસભ્યોએ જ મને ટિકિટ ન મળે તે માટે કાવતરું રચ્યું છે. 3 વાગ્યા પહેલા પાર્ટી મને મેન્ડેટ આપી દેશે. જો મેન્ડેટ નહીં મળે તો હું ચૂંટણી લડીશ નહીં. જે બાદ હું ધારાસભ્ય પાછળ પડી જઈશ. ધારાસભ્યને હું હવે છોડીશ નહીં. તો આ તરફ વાસણા વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારે મેન્ડેટ મળવા છતાં છેલ્લી ઘડી સુધી ફોર્મ ભર્યું જ નહીં. 15 મનપા




સહિત પાલિકા-પંચાયતના ભાજપના 9500 ઉમેદવાર જાહેર, ધૂરંધરો સહિત 80 ટકાના પત્તા કપાયા, જુઓ લિસ્ટ

નવસારી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં દેવસર બેઠક (ગણદેવી), બિગરી બેઠક (ગણદેવી) અને ઘેજ બેઠક (ચીખલી) બિનહરીફ જાહેર થઈ છે. માત્ર નવસારી જિલ્લા પંચાયત જ નહીં, પરંતુ તાલુકા પંચાયત સ્તરે પણ ભાજપનો દબદબો જોવા મળ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગણદેવી તાલુકા પંચાયતની વિવિધ બેઠકો જેવી કે બિગરી-1, બિગરી-2, ભાઠા, અજરાઈ, માસા અને મટવાડ બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. વિપક્ષી છાવણીમાં આ ગાબડું પડતા કાર્યકરોમાં સોપો પડી ગયો છે.

ભાજપમાં ઉમેદવારોના કકળાટ વચ્ચે 4 ઉમેદવારોને બદલવાની ફરજ પડી હતી. જેમાં અમદાવાદના પાલડી વોર્ડમાંથી આશિષ શાહની જગ્યાએ જૈનિક વકીલ, જમાલપુરમાં કલ્પના કહારને સ્થાને પ્રિયંકા કહાર, રાજકોટના વોર્ડ નંબર 7માં શૈલેષ જાનીના બદલે બ્રહ્મ સમાજના જ પૂર્વ કોર્પોરેટર નેહલ શુકલા અને વડોદરામાં વોર્ડ નં-1માં રાગ મછારની જગ્યાએ ભૂરસિંહ રાઠવાએ ફોર્મ ભર્યું હતું.

મેન્ડેટ આપવા છતાં અમદાવાદના વાસણામાં કોંગ્રેસ ઉમેદવારે છેલ્લી ઘડી સુધી ફોર્મ ભર્યું જ નહીં. OBC ઉમેદવાર ફાલ્ગુનીબેન રાવલે ફોર્મ ભર્યું જ નહીં. મેન્ડેટ આપ્યા બાદ ઉમેદવારી ફોર્મ ભરવા ન આવતા શહેર સમિતિ દોડતી થઈ હતી. અનેક વખત ફોન કરવા છતાં ફાલ્ગુનીબેન રાવલે કોઈના ફોન ઉપાડ્યા જ નહીં અને અંતે કોંગ્રેસનું OBC બેઠક પર એકપણ ઉમેદવારે ફોર્મ ભર્યું નહીં.અમદાવાદમાં જેલમાંથી ફોર્મ ભરવા આવેલા તસ્લીમ આલમ તીર્મીઝિને કોંગ્રેસ પાર્ટીનું મેન્ડેન્ટ મળ્યું નહીં. કોંગ્રેસ દ્વારા તસ્લીમ આલમ તીર્મીઝિને મેન્ડેટ ના આપતા ફોર્મ રદ થશે. છેલ્લી ઘડીએ કોંગ્રેસે પેનલને ફોર્મ ભરાવ્યાં હતા. કમરુદ્દીન પઠાણ, હબીબ શેખ, દીનાબેન પરમાર અને ઝરીના રંગરેજને બહેરામપુરાના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા. બહેરામપુરા વોર્ડમાં બે પૂર્વ કોર્પોરેટર કમળા ચાવડા અને તસ્લીમ આલમ તીર્મીઝિની ટિકિટ કાપવામાં આવી છે. સુરતના વોર્ડ નંબર 25માં ટિકિટની જાહેરાત બાદ પૂર્વ કોર્પોરેટર વિક્રમ પાટીલનો એક અનોખો અને ઉત્સાહિત અંદાજ જોવા મળ્યો હતો, જેમાં તેઓ પોતાના સમર્થકો અને કાર્યકર્તાઓના ખભા પર ઝૂમતા નજરે પડ્યા હતા. પોતાની ટિકિટ કપાવા છતાં પુત્રવધૂને મળેલી તકને તેમણે પોતાની જીત ગણી હોય તેમ, કાર્યકર્તાઓએ તેમને ઊંચકી લીધા હતા અને વિક્રમભાઈએ પણ ભારે જોશ સાથે ડાન્સ કરી પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

---

# મકરબામાં વેપારીનો ફિનાલઈ પી આપઘાતનો પ્રયાસ

### પાણી બંધ કરી દુકાન ખાલી કરવા દબાણ કર્યું, બહારથી ટેબલ અંદર મૂકવાનું કહેતા ઝપાઝપી

• અમદાવાદ

અમદાવાદના મકરબા વિસ્તારમાં આવેલ સમ્મેત પ્લેટિનમ કોમ્પ્લેક્સમાં અઢી વર્ષથી ભાડે દુકાન ચલાવતા 28 વર્ષીય વેપારી મેહુલ ચૌહાણે સતત માનસિક દબાણથી કંટાળીને ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. મુકેશ શાહ અને તેમના પુત્ર મિત દ્વારા દુકાન ખાલી કરાવવા માટે આપવામાં આવતી ધમકીઓ અને પજવણીથી વ્યથિત થઈને વેપારીએ આ આત્યંતિક પગલું ભર્યું હતું. હાલ આ મામલે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી છે.




ઘટનાની વિગતો મુજબ, 10 માર્ચના રોજ સાંજે મુકેશ શાહ અને તેમના પુત્ર મિત મેહુલની દુકાને પહોંચ્યા હતા અને દુકાન બહાર રાખવામાં આવેલા ટેબલ અંદર લેવા બાબતે તકરાર શરૂ કરી હતી. વેપારીએ અન્ય દુકાનોના ઉદાહરણ આપી દલીલ કરતા બંને પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા. આ બોલાચાલી બાદ મુકેશ શાહે સોસાયટીના ચેરમેન સાથે વાત કરી દુકાનનું પાણી બંધ કરાવી દીધું હતું. જ્યારે વેપારીએ આ બાબતે વિરોધ કર્યો, ત્યારે બંનેએ તેની સાથે ઝપાઝપી કરી હતી અને મિત શાહે 'ટેબલની સાથે તને પણ સળગાવી દઈશ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.વિવાદ વધતા મુકેશ અને મિત શાહે સોસાયટીના સભ્યો સાથે મળીને દુકાન માલિક પર દબાણ લાવી મેહુલને દુકાન ખાલી કરવાની નોટિસ અપાવી હતી. દુકાન માલિકના કહેવા છતાં પણ બંને પક્ષકારો દ્વારા સતત પજવણી ચાલુ રહેતા મેહુલે કંટાળીને પોતાની જ દુકાનમાં ફિનાઈલ પી લીધું હતું. તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની તબિયતમાં હાલ સુધારો છે.સરખેજ પોલીસે વેપારીની ફરિયાદના આધારે મુકેશ શાહ અને મિત શાહ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# કન્ટેનર ચાલકે બ્રેક મારતા આઈસર ધડાકાભેર અથડાયું

### સારવાર લીધા બાદ પરત ઘટનાસ્થળે પહોંચતા ડ્રાઈવરનું મોત, ચંદ્રાલા હાઈવે પરની ઘટના

• ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા હિંમતનગર હાઈવે પર આગમન હોટલ સામેના રોડ ઉપર કન્ટેનરે અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલી આઈસર ગાડી ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં આઈસર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કરુણ મોત નીપજ્યું છે. આ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશના રહેવાસી 48 વર્ષીય સંદીપકુમાર હરનામસિંહ




10 એપ્રિલે ગઈકાલે આઈસર ગાડી લઈને રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે વહેલી સવારે ચંદ્રાલા ગામ પાસે આગળ જતા કન્ટેનરના ચાલકે અચાનક બ્રેક મારતા સંદીપકુમારની આઈસર પાછળના ભાગે અથડાઈ હતી.આ અકસ્માત એટલો જોરદાર હતો કે આઈસરનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત બાદ દિલ્હીથી આવી રહેલા અન્ય ટ્રક ચાલક અને ક્લીનર રાહુલ મદદ માટે દોડી આવ્યા હતા. શરૂઆતમાં સંદીપકુમારને સારવાર માટે છાલા સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેઓ ઘટનાસ્થળે પરત ફર્યા હતા. પરંતુ થોડીવારમાં જ તેમને પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો.

બાદમાં અચાનક ઉલટીઓ થવા લાગી હતી. જેથી 108 એમ્બ્યુલન્સને ફરી બોલાવવામાં આવી પરંતુ તપાસ કરતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ મામલે ક્લીનર રાહુલકુમાર બગેલ દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

---

## રાશીફળ (તા.12-04-2026)

**મેષ (અ.લ.ઈ)** આવતીકાલનો દિવસ તમારા માટે ઉત્સાહભર્યો રહેશે. અટકેલા કાર્યોમાં ગતિ આવશે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે, પરંતુ ગુસ્સા પર કાબૂ રાખવો જરૂરી છે.

**વૃષભ (બ.વ.ઉ)** આર્થિક રીતે દિવસ લાભદાયી છે. રોકાણ માટે નવી તકો મળી શકે છે. સ્વાસ્થ્ય બાબતે સાવધ રહેવું, ખાસ કરીને બહારના ખાન-પાનથી દૂર રહેવું.

**મિથુન (ક.છ.ઘ)** કાર્યક્ષેત્રમાં તમારી મહેનતની પ્રશંસા થશે. મિત્રો સાથે બહાર જવાનો પ્લાન બની શકે છે. કોઈ જૂના મિત્ર તરફથી સારા સમાચાર મળવાની શક્યતા છે.

**કર્ક (ડ.હ)** માનસિક શાંતિનો અનુભવ થશે. ઘરના કામકાજમાં વ્યસ્ત રહેશો. માતા-પિતાના આશીર્વાદ લઈને કામની શરૂઆત કરવી, સફળતા મળશે.

**સિંહ (મ.ટ)** આત્મવિશ્વાસમાં વધારો થશે. સામાજિક પ્રતિષ્ઠા વધશે. વેપારીઓ માટે કોઈ મોટી ડીલ થવાના યોગ છે. ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું.

**કન્યા (પ.ઠ.ણ)** ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. ઓફિસમાં સહકર્મીઓનો સહયોગ મળશે. જીવનસાથી સાથેના સંબંધો વધુ મજબૂત બનશે.

**તુલા (ર.ત)** નસીબનો સાથ મળશે. અધૂરા સ્વપ્નો પૂરા થતા જણાશે. નવી વસ્તુ કે ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ ખરીદવા માટે આવતીકાલનો દિવસ ઉત્તમ છે.

**વૃશ્ચિક (ન.ય.)** કાયદાકીય બાબતોમાં સફળતા મળશે. લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાઓનો ઉકેલ આવશે. સાંજનો સમય કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતમાં વીતે તેવી શક્યતા છે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** અધ્યાત્મ તરફ રુચિ વધશે. વિદ્યાર્થીઓ માટે દિવસ મહેનત માગી લે તેવો છે. ધૈર્યથી કામ લેવું, ઉતાવળમાં લીધેલા નિર્ણયો નુકસાન કરી શકે છે.

**મકર (ખ.જ)** વ્યસ્તતા રહેશે. કામકાજ અર્થે નાની યાત્રા કરવી પડી શકે છે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને પૂરતો આરામ લેવો.

**કુંભ (ગ.શ.સ.ષ)** વેપારમાં લાભના સંકેતો છે. અગાઉ કરેલા રોકાણમાંથી સારો નફો મળી શકે છે. ઘરના સભ્યો સાથે ચાલી રહેલ મનદુઃખ દૂર થશે.

**મીન (દ.ચ.ઝ.થ)** દિવસ મિશ્ર ફળદાયી રહેશે. વાદ-વિવાદથી દૂર રહેવું અને પોતાના કામ પર ધ્યાન આપવું. જૂના મિત્રો સાથેની મુલાકાત મન પ્રસન્ન કરશે.

---

# ચૂંટણી ફોર્મ ન ભરાતા AAPના મહિલા ઉમેદવારે ફિનાઈલ પીધુંઃસુરત કલેક્ટર કચેરી 'રણમેદાન' બની

### ઇટાલિયા સામે મોદી-મોદીના નારા લાગ્યા; પોલીસે મામલો થાળે પાડ્યો

• સુરત

સુરતના રાજકારણમાં આજે ત્યારે ગરમાવો આવી ગયો, જ્યારે વોર્ડ નંબર 14 (માતાવાડી-કરંજ)ના આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવાર ગૌશાલીબેન ગાંગડે કલેક્ટર કચેરી ખાતે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. અન્ય પક્ષોના ઉમેદવારો જ્યારે ઉત્સાહભેર ફોર્મ ભરી રહ્યા હતા, ત્યારે ગૌશાલીબેને અચાનક ફિનાઈલ ગટગટાવી લેતા કચેરીમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાને પગલે હાજર સુરક્ષાકર્મીઓ અને કાર્યકરોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હાલ તેમને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. ત્યાર બાદ ભાજપ અને આપના કાર્યકરો સામ સામે આવી ગયા હતા. સમગ્ર કલેક્ટર કચેરી જાણે સમરાંગણ બની ગઈ હોય એવો માહોલ ઉભો થઈ ગયો હતો. બન્ને પક્ષે સામ સામા સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમજ ખેસ પણ ઝૂંટવવા લાગ્યા હતા. આપના ખેસને ભાજપના કાર્યકરોએ પગ તળે કચડ્યો.

આ દરમિયાન ભાજપના કાર્યકર્તાઓએ આમ આદમી પાર્ટીના સિમ્બોલ વાળા ખેસને પગ તળે કચડીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. બીજી તરફ, 'આપ'ના ઉમેદવારોના સમર્થનમાં આવેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સામે પણ ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

આત્મહત્યાના પ્રયાસ પાછળનું કારણ જણાવતા ગૌશાલીબેને આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, ચૂંટણી પંચના કડક નિયમો અને ટેકનિકલ



ખામીને કારણે તેઓ ઉમેદવારી ફોર્મ ભરી શક્યા નથી. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, પાર્ટીએ મને મેન્ડેટ આપ્યું છે અને કોઈ કચાસ રાખી નથી, પરંતુ ચૂંટણી પંચના નિયમ મુજબ ફોર્મ ભરવાના એક દિવસ અગાઉ જ ડેટામાં સુધારા કરી શકાય છે, જેના કારણે મારી ઉમેદવારી અટવાઈ પડી છે. ફોર્મમાં થયેલી ભૂલ અને ટેકનિકલ અવરોધથી હતાશ થઈને તેમણે આ અંતિમ ડગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ ઘટનાને પગલે કલેક્ટર કચેરી પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.ફોર્મ ભરવાના અંતિમ દિવસે સુરત કલેક્ટર કચેરી ખાતે હાઈવોલ્ટેજ ડ્રામા થયો હતો. ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટીના કાર્યકરો સામસામે આવી જતા કલેક્ટર કચેરી જાણે રાજકીય જંગનું મેદાન બની ગઈ હોય તેવો માહોલ સર્જાયો હતો.આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા મનોજ સોરઠીયા પોતાનું નામાંકન પત્ર ભરવા માટે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. તેમની સાથે આપના નેતા ગોપાલ ઈટાલિયા પણ હાજર રહ્યા હતા. જોકે, આ જ સમયે ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં પોતાના ઉમેદવારો સાથે ત્યાં ઉપસ્થિત હતા. ગોપાલ ઈટાલિયાને જોતા જ ભાજપના કાર્યકરો ઉશ્કેરાયા હતા અને જોરશોરથી 'મોદી-મોદી'ના નારા લગાવવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, ભાજપના કાર્યકરોએ 'કેજરીવાલ ચોર છે' અને 'દેશ કે ગદ્દારો કો ગોલી મારો' જેવા વિવાદિત સૂત્રોચ્ચાર કરતા વાતાવરણમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી.

---

# ફોર્મ ભરવા સમયે કોંગ્રેસ ઉમેદવારના પતિને હરિયાણા પોલીસ ઉઠાવી ગઈ

• વડોદરા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે ફોર્મ ભરવાની અંતિમ તારીખ છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા ગતરોજ યાદી જાહેર થયા બાદ આજે તમામ ઉમેદવારો શક્તિ પ્રદર્શન સાથે પોતાના કાર્યકરો સાથે ઉમેદવારી ફોર્મ ભરવા જઈ રહ્યાં છે. કેટલાક નેતાઓમાં ટિકિટને લઈને નારાજગી પણ જોવા મળી રહી છે.વોર્ડ નંબર 1માં રાગ મછારનું નામ મતદાર યાદીમાં ન હોવાથી ભાજપે અંતિમ સમયે નામ બદલ્યું છે. વોર્ડ 16માંથી આવતા ભૂરસિંગભાઈ રાઠવાનું નામ જાહેર કરવામાં આવ્યું છે. ભાજપ પોતાના ઉમેદવારનું નામ મતદાર યાદીમાં છે કે કેમ તે જોવાનું ચૂક્યું છે. મહાનગરપાલિકાની ચૂંટણીમાં અનેક દિગ્ગજોની ટિકિટ કપાઈ છે અને 53 નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે. ટિકિટની ફાળવણી બાદ અનેક વોર્ડમાં વિવાદ જોવા મળ્યો હતો, ત્યારે ઉમેદવારી પત્ર ભરવાની સાથે સાથે ભાજપે અનેક વોર્ડમાં ડેમેજ કંટ્રોલ પણ કરવું પડશે.

સોશયલ મીડિયા સ્ટાર અંકિતા પરમારને ભાજપે ટિકિટ આપતા પક્ષથી નારાજ નયના પરમારે પોર બેઠકથી અપક્ષ ઉમેદવારી કરી છે. ભાજપનો જ ખેસ પહેરીની અપક્ષમાંથી ઉમેદવારી ફોર્મ ભરવા પહોંચ્યાં હતાં. નયના પરમારે નિવેદન આપતા જણાવ્યું કે, હું ભાજપ નહિ, અંકિતા પરમારથી નારાજ છું. અંકિતા પરમાર કહે છે નયના પરમાર બહેન છે, પણ મને એકવાર પણ ફોન કર્યો નથી. હું જીતીને ફરી ભાજપમાં જ જઈશ. હાઈકમાન્ડ સસ્પેન્ડ કરશે તો પણ વિચારધારા ભાજપની રહેશે. અંકિતા પરમાર સંગઠનમાં હતા તો કેમ ઉમેદવારી કરી? કેટલાક વોર્ડમાં બળવો થવાની શક્યતાઓ જોઈ બેઠેલા કોંગ્રેસે કાલે સાંજથી કેટલાકને ફોન કરીને માહિતી આપી હતી. જો કે મોડી રાત સુધી યાદી જાહેર કરવામાં આવી ન હતી. કોંગ્રેસે મધરાતે યાદી જાહેર કરી હતી. વડોદરા મહાનગરમાં ગત ટર્મમાં વોર્ડ 1માં જીતેલા ઉમેદવાર હરીશ પટેલને કાપવામાં આવ્યા છે. તો જહાં ભરવાડના પત્નીને ટિકિટ આપવામાં આવી છે. વોર્ડ 1માં બંને મહિલા ઉમેદવારોને રિપીટ કરવામાં આવ્યા છે. વોર્ડ નંબર 1ના પૂવ કોંગ્રેસ કોર્પોરેટર અને અપક્ષ ઉમેદવારી નોંધાવનાર હરીશ પટેલે જણાવ્યું હતું કે, જ્યારે ગઈકાલે રાત્રે સાડા બાર-એક વાગ્યે લિસ્ટ આવ્યું, તે જોઈને બધા અચંબો પામી ગયા હતા. આખા ગુજરાતની અંદર કોઈપણ પાર્ટીએ બે પુરુષ, બે મહિલાની જ પસંદગી કરી હોય. પણ જીતેલો અમારો વોર્ડ છે, અહીં આગળ અમારા 20 છાણીના બૂથ છે, પ્રભુત્વ અમારું સારું છે.

# ઈલોન મસ્કે xAIમાં નવી ભરતી કરી ભારતીય મૂળના ત્રણ યુવાનોને ટોપ જોબ

## સિલિકોન વેલીથી લઈને ટેસ્લા, સ્પેસએક્સમાં ભારતીય આઇટી પ્રોફેશનલ્સ હંમેશા ડિમાન્ડમાં રહ્યા છે

સિલિકોન વેલીથી લઈને ટેસ્લા, સ્પેસએક્સ સુધીની કંપનીઓમાં ભારતીય મૂળ ધરાવતાં એન્જિનીયરોની આઈટી સ્કીલની ડિમાન્ડ વધી છે. ભારતીય ટેક પ્રોફેશનલ્સ તેમના કૌશલ્ય, કાર્યનિષ્ઠા અને સમસ્યા ઉકેલવાના અભિગમ સાથે મોટો પ્રભાવ પાડી રહ્યા છે. અનેક અહેવાલો સૂચવે છે કે યુએસ ટેક ઉદ્યોગમાં ભારતીય એન્જિનીયરો સૌથી વિશ્વસનીય અને ઝડપથી વિકસતા ટેલેન્ટ ગુરપમાં સામેલ છે. જોકે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રે ભારતના પ્રોફેશનલન્સનું પ્રભુત્વ જોઈને ભડકે છે. એટલે જ તેઓ અવારનવાર H-1B વિઝાનો મુદ્દો છંછેડી રહ્યા છે.



સિક્કાની બીજી બાજુ એ છે કે અમેરિકન કંપનીઓ સતત પ્રતિભાની શોધમાં હોય છે. ભારતના યુવા આઈટી પ્રોફેશનલ્સની સ્કિલથી આ કંપનીઓ પ્રભાવિત છે તે એમની પસંદગીનાં ધોરણો પરથી ખબર પડે છે. ઊંચી બુદ્ધિ પ્રતિભા ધરાવતા ભારતીય આઈટી પ્રોફેશનલ્સને મોટી કંપનીઓ સામેથી શોધતી આવે છે.

ઈલોન મસ્ક પોતાની એઆઈ કંપની xAIમાં મોટો ફેરબદલ કરી રહ્યા છે અને તેના ભાગરૂપે તેમણે ભારતીય મૂળના ત્રણ એન્જિનીયરો - દેવેન્દ્ર ચાપલોટ, અમન મદાન અને આદિત્ય ગુપ્તાને મોડેલ ટ્રેનિંગ અને ડેવલપમેન્ટમાં મુખ્ય ભૂમિકાઓની જોબ આપી છે. આ ફેરફાર એવા સમયે આવ્યો છે જ્યારે SpaceX તેના IPOની તૈયારી કરી રહ્યું છે અને ટછૈં તેની કામગીરી સુધારવા તથા અન્ય મોટી છૈં કંપનીઓ સાથે સ્પર્ધા કરવા માટે કમર કસી રહ્યું છે.એક અહેવાલ મુજબ, એન્જિનીયરિંગ પાસાંમાં સુધારો કરવા માટે ભારતીય મૂળના આ ત્રણ પ્રોફેશનલ્સને ટોપની પોસ્ટ પર મૂકવામાં આવ્યા છે.આ ત્રણ પૈકીના દેવેન્દ્ર ચાપલોટ ટીમનું નેતૃત્વ કરશે. આ એ તબક્કો છે જ્યાં AI મોડેલ્સ વિશાળ ડેટાસેટ્સ (ટેક્સ્ટ, ઈમેજ અને કોડ) માંથી સામાન્ય પેટર્ન શીખે છે. દેવેન્દ્ર અગાઉ ફેસબુક અને થિંકિંગ મશીન્સ લેબ્સમાં સંશોધક તરીકે કામ કરી ચૂક્યા છે. અમન મદાન મોડેલ ફેક્ટરી અને ટૂલિંગનો હવાલો સંભાળશે. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા પાઈપલાઈન અને ટ્રેનિંગ વર્કફ્લોની દેખરેખ રાખવાનો સમાવેશ થાય છે, જે AI સિસ્ટમ બનાવવા માટે અનિવાર્ય છે.આદિત્ય ગુપ્તાને પોસ્ટ-ટ્રેનિંગ અને રિઈન્ફોર્સમેન્ટ લર્નિંગ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની ભૂમિકા ડેવલપમેન્ટના અંતિમ તબક્કા પર ધ્યાન કેન્દ્રિત કરશે.આ ફેરબદલ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે xAIના ૧૧ સહ-સ્થાપકોએ કંપની છોડી દીધી છે, અને પરિસ્થિતિને સંભાળવા માટે ટેસ્લા અને SpaceXના નવા નિમાયેલા એન્જિનીયરોને પાલો અલ્ટો ઓફિસમાં લાવવામાં આવ્યા છે.જ્યારે દેવેન્દ્ર ચાપલોટે જાહેરાત કરી કે તેઓ સ્પેસએક્સ અને xAIમાં જોડાઈ રહ્યા છે અને સુપરઈન્ટેલિજન્ટ સિસ્ટમ બનાવવા માટે ઈલોન મસ્ક અને તેમની ટીમ સાથે મળીને કામ કરશે, ત્યારે સોશિયલ મીડિયા પર ફરી એકવાર એવી ચર્ચા શરૂ થઈ કે અમેરિકામાં ટેકનોલોજીની તમામ નોકરીઓ ભારતીયો પાસે જઈ રહી છે. આ જાહેરાત સાથે મસ્ક સાથેનો તેમનો ફોટો પણ હતો, જેના કારણે મસ્ક પર ફરી એકવાર ભારતીયોની નિમણૂક કરવા બદલ ટીકાઓ થઈ હતી. સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ઈલોન મસ્કની મજાક ઉડાવતા કહ્યું કે, તેઓ બહુ સાંસ્કૃતિકવાદ અને સામૂહિક સ્થળાંતર સામે રક્ષણ આપવાની વાત કરે છે અને બીજી જ મિનિટે ભારતીયની નિમણૂક કરે છે.ઈલોન મસ્ક H-1B વિઝા પ્રોગ્રામના મજબૂત સમર્થક રહ્યા છે, જેના પર સિલિકોન વેલીની કંપનીઓ મોટાભાગે નિર્ભર છે.

FIR

### બિલ્ડર 'તુષાર ઘેલાણી' જેવો કાંડ કરવાની ધમકી

# સુરત AAPના પ્રવક્તા કાળુ વઘાસિયા સામે ચૂંટણી ટાળે જ રેપની FIR પરિણીતાને લગ્નની લાલચ આપી હોટેલોમાં શરીર સંબંધ બાંધ્યા

## 'પત્નીને છૂટાછેડા આપી તારી સાથે લગ્ન કરીશ' તેવી માયાજાળ રચીને પ્રવક્તાએ પરિણીત મહિલાનું શારીરિક શોષણ કર્યું

• સુરત

સુરતના લસકાણા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના પ્રવક્તા કાળુ વઘાસિયા સામે દુષ્કર્મ અને ધમકીની ફરિયાદ નોંધાતા રાજકીય આલમમાં ખળભળાટ મચી ગયો છે. 'પત્નીને છૂટાછેડા આપી તારી સાથે લગ્ન કરીશ' તેવી માયાજાળ રચીને પ્રવક્તાએ પરિણીત મહિલાનું શારીરિક શોષણ કર્યું હતું. અંતે લગ્નનો ઈનકાર કરી મહિલાને 'તુષાર ઘેલાણી' જેવો કાંડ કરવાની ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

લસકાણા વિસ્તારમાં રહેતી પીડિત મહિલાનો સંપર્ક કાળુ ચતુરભાઈ વઘાસિયાએ ડિસેમ્બર, 2024માં સોશિયલ મીડિયાના માધ્યમથી કર્યો હતો. શરૂઆતમાં સામાન્ય હાય-હેલોથી શરૂ થયેલી વાતચીત બાદ કાળુએ મહિલા સાથે નિકટતા કેળવી હતી. રાજકીય વગ ધરાવતા કાળુએ પોતાની મીઠી વાતોમાં મહિલાને વિશ્વાસમાં લીધી હતી.



પરિણીત મહિલાએ લગ્નનું કહેતા-હું તુષાર ઘેલાણીની જેમ મરી જઈશ અને તારૂ અને તારા દીકરાનું જીવવું અઘરું કરી દઈશ તેવી ધમકી આપી.કાળુ વઘાસિયાએ મહિલા સમક્ષ પોતાના અંગત જીવનનું દુઃખ રડ્યું હતું. તેણે જણાવ્યું હતું કે, તેને તેની પત્ની સાથે બનતું નથી અને પત્ની લાંબા સમયથી પિયરમાં રહે છે. હું ટૂંક સમયમાં પત્નીને છૂટાછેડા આપી દઈશ અને તારી સાથે લગ્ન કરી તને પત્ની તરીકે સ્વીકારીશ તેવી લાલચ આપી મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી. લગ્નના વાયદા પર વિશ્વાસ કરીને મહિલા કાળુ સાથે સંબંધમાં રહી હતી. આરોપી કાળુ મહિલાને તેના ઘરે તેમજ શહેરની અલગ-અલગ હોટેલોમાં લઈ ગયો હતો. ત્યાં લગ્નની લાલચ આપી અવારનવાર મહિલાની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા. લાંબો સમય શોષણ કર્યા બાદ જ્યારે મહિલાએ લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે આરોપીએ પોતાના અસલી તેવર બતાવ્યા હતા.

મહિલાએ લગ્ન કરવાનું કહેતા જ કાળુ વઘાસિયા ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો આપી લગ્ન કરવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. આરોપીએ મહિલાને ડરાવવા માટે ધમકી આપતા કહ્યું હતું કે, જો તું પોલીસમાં ફરિયાદ કરીશ તો હું તુષાર ઘેલાણીની જેમ મરી જઈશ અને તને તથા તારા દીકરાને જીવવું અઘરું પાડી દઈશ.

લસકાણા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

આખરે કાળુના ત્રાસ અને ધમકીથી કંટાળીને મહિલાએ લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આમ આદમી પાર્ટીના પ્રવક્તા વિરુદ્ધ રેપ અને જાનથી મારી નાખવાની ધમકી હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રાજકીય હોદ્દો ધરાવતા વ્યક્તિ સામે ગંભીર આક્ષેપો થતા લસકાણા પોલીસ અત્યારે પૂરાવાઓ એકત્રિત કરી રહી છે.

સુરતના અગ્રણી બિલ્ડર તુષાર ઘેલાણીએ 1 ફેબ્રુઆરી, 2026ના રોજ પૂનમ ભદોરિયા નામની મહિલા મિત્રના બ્લેકમેઈલિંગ અને આર્થિક છેતરપિંડીથી કંટાળીને લાઈસન્સવાળી રિવોલ્વરથી આત્મહત્યા કરી હતી. દીકરીના કંકોત્રી લેખનના દિવસે જ બનેલી આ ઘટનાએ ખુશીના પ્રસંગને શોકમાં ફેરવી દીધો હતો. મગજના ડાબા ભાગે વાગેલી 9 mmની બુલેટ મગજની આરપાર નીકળી ગઈ હતી અને 5 દિવસની સારવાર બાદ 'બ્રેઈનડેડ' જાહેર થતાં તેમનું મૃત્યુ થયું હતું.પૂનમ ભદોરિયા તુષાર ઘેલાણીને બ્લેકમેઈલિંગ કરી તેમની પાસેથી દુકાનો અને મિલકતો પડાવી રહી હતી, અને દીકરીના લગ્નમાં હોબાળો કરવાની પણ ધમકી આપી હતી. પૂનમ ભદોરિયા અને તેના પરિવારે બ્લૂ પેપિલોન સ્કૂલના વ્યવહારોમાં આશરે 2.24 કરોડથી વધુની રકમ પડાવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

### અમદાવાદના એક વ્યક્તિનું મોત, 1ને ઈજા

# 114 કરોડમાં બનેલા વડોદરા બસ સ્ટેશનનું ઉપરનું સ્ટ્રક્ચર ધરાશાયી

નાસભાગ મચી

## મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું અને ચૂંટણી ટાણે જ કડડભૂસ! મુસાફરોમાં નાસભાગ મચી

• વડોદરા

114 કરોડના ખર્ચે બનેલા વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન પર આજે ઉપરના ભાગનું સ્ટ્રક્ચર અચાનક ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ ગંભીર દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. જ્યારે એકને ઈજા થઈ છે. બસ વ્યવહાર ખોરવાયો છે.

આ અંગે ડીસીપી જગદીશ ચાવડાએ જણાવ્યું કે, પ્રાથમિક માહિતી મુજબ, મૃતક નરસિંહભાઈ ગોવિંદભાઈ દવે અમદાવાદના ચાંદખેડાના રહેવાસી છે. તે અંગે મૌખિક માહિતી મળી છે. અન્ય બીજી કોઈ જાનહાનિ અત્યાર સુધી થઈ હોય એવું કંઈ ધ્યાનમાં આવ્યું નથી. આગળ આમાં વિવિધ એજન્સીઓ જેવી કે FSLને બોલાવી, સેમ્પલિંગ કાર્યવાહી કરીશું. આ જગ્યાને અત્યારે સેનિટાઈઝ કરી છે, એકવાર સેમ્પલિંગ થઈ જશે પછી ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીની મદદથી કાટમાળ ખસેડવામાં આવશે. હાલ અમે એડી (એક્સિડેન્ટલ ડેથ) દાખલ કરી છે અને તપાસમાં જો કંઈ ગુનાહિત જણાશે તો આગળ કાયદેસરની કાર્યવાહી કરીશું.

બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. હાલ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે અને અન્ય કોઈ ફસાયેલું છે કે નહીં તેની તપાસ કરી હતી.

વિભાગીય નિયામક (વડોદરા) જે.એન. પટેલે જણાવ્યું કે, આ મુખ્ય બસ સ્ટેશન છે. જેના મુખ્ય પ્રવેશ દ્વાર માટે બિલ્ડિંગ બનાવવામાં આવ્યું હતું. તેની દિવાલને પીઓપી જેવા મટિરયલ દ્વારા ડેકોરેટિવ કરવામાં આવ્યું હતું. તેના ઉપરનો ભાગ અચાનક પડી ગયો હતો.

વડોદરા મહાનગર પાલિકાના એક્ઝિક્યુટિવ એન્જિનિયર ધર્મેશ રણાયે જણાવ્યું કે, ટ્રાફિક પોલીસ અને જીએસઆરટીસી તરફથી જાણ કરવામાં આવી હતી. આ ઘટનાને લઈ અમે જનમહેલ પાછળનો રસ્તો ખુલ્લો કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.

આ બસ સ્ટેશનનું વર્ષ 2014ના ફેબ્રુઆરીમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. જો કે મનપાની ચૂંટણી વચ્ચે જ આ દુર્ઘટના બનતા શહેરભરમાં ચર્ચાનો મુદ્દો બન્યું છે.



# ફોર્મ ભરવાના અંતિમ દિવસે કેસરિયો અને પંજો આમને-સામને, શક્તિપ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાઈ

• સાવલી, તા.11

સાવલી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માં આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપ કોંગ્રેસ અને અપક્ષોએ ભારે વાજતે ગાજતે ઉમેદવારી કરી હતી અને મોટી સંખ્યામાં તાલુકાજનો ઉમટી પડ્યા હતા

સાવલી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પગલે તાલુકા સેવા સદન ખાતે નગરપાલિકાની ચૂંટણીના ફોર્મ ભરાયા હતા જ્યારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ની ચૂંટણી માટે સાવલી તાલુકા પંચાયત ઓફિસ ખાતે ફોર્મ ભરવામાં આવ્યા હતા ભાજપ તરફથી ધારાસભ્ય કેતન ઈનામદાર ની હાજરીમાં જ્યારે કોંગ્રેસ તરફથી સાગર કોકો ની હાજરીમાં ફોર્મ ભરવામાં આવ્યા હતા જેમાં સાવલી તાલુકા પંચાયતની 22 બેઠકો માટે કુલ 89 ફોર્મ ભરાયા હતા જેમાં કોંગ્રેસ તરફથી 27 ફોર્મ ભાજપ તરફથી 38 ફોર્મ આપ પાર્ટી તરફથી 5 ફોર્મ અપક્ષો તરફથી 17 ફોર્મ અને એએમઆઈએમ પાર્ટી તરફથી એક ફોર્મ ભરવામાં આવ્યું છે જ્યારે જિલ્લા પંચાયતની કુલ પાંચ બેઠકો માટે ભાજપ તરફથી 10 ફોર્મ કોંગ્રેસ તરફથી સાત ફોર્મ આમ આદમી પાર્ટી તરફથી એક ફોર્મ અને અપક્ષ તરફથી ત્રણ ફોર્મ મળી કુલ 21 ફોર્મ ભરાયા છે જ્યારે સાવલી નગરપાલિકાની છ વર્ષની 24 બેઠકો માટે 24 કોંગ્રેસ તરફથી 24 ભાજપ તરફથી અને 6 અપક્ષ ફોર્મ ફી ફૂલ 54 ફોર્મ ભરાયા છે જેમાં નગરપાલિકાના વોર્ડ નંબર 6 માં સૌથી વધુ ચાર ફોર્મ ભરાયા છે જેમાં ધારાસભ્યના સૌથી નજીકના અને પી એ સમાન અને નગરપાલિકાના હાલના ઉપપ્રમુખ ચેતન દવે અને તેમના પત્ની સેજલ દવે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે જ્યારે સાવલી શહેર ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ આકાશ પટેલે પણ વોર્ડ નંબર 6 માંથી ઉમેદવારી નોંધાવી છે સાવલી તાલુકામાં ટિકિટોની વહેચણી મુદ્દે ભારે અસંતોષ બંને પાર્ટીઓએ સહન કરવાનો વારો આવ્યો છે અને તેના પગલે અપક્ષ ઉમેદવારી નોંધપાત્ર વધારો થયો છે જેમાં સૌથી વધુ ન્હારા તાલુકા પંચાયત બેઠક માટે 8 અપક્ષ ઉમેદવારોના ફોર્મ ભરાયા છે જ્યારે ગોઠડા 1 અને ગોઠડા 2 બેઠક પર કોઈપણ અપક્ષ ઉમેદવાર નોંધવા પામ્યા નથી આમ ફોર્મ ખેંચવાની આખરી તારીખ 16 મી એ ચિત્ર સ્પષ્ટ થશે.



# પીડિતાને મુશ્કેલી પડતા અભયમની મદદ માંગી, પતિનું કાઉન્સિલિંગ કર્યું

• વડોદરા

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં એક મહિલાએ પોતાના પતિના પરસ્ત્રી સંબંધને કારણે જીવન જરૂરિયાતના સામાન મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પીડિતાએ જણાવ્યું હતું કે, તેમના પતિ અને સાસુ દ્વારા તેમને તથા તેમના ચાર વર્ષના બાળકને જરૂરી કપડાં અને દસ્તાવેજો આપવામાં આવતા નહોતા. જેને પગલે પીડિતાને અભયમે મદદ કરી હતી.વડોદરાની પીડિતાએ 181 મહિલા હેલ્પલાઈન પર સંપર્ક કરી મદદ માગી હતી. માહિતી મળતા જ 181 ટીમ પીડિતાના સરનામે પહોંચી ગઈ હતી અને મામલે દખલ કરીને પતિનું કાઉન્સેલિંગ કર્યું હતું.તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, પતિનો બીજી સ્ત્રી સાથે સંબંધ હોવાને કારણે દાંપત્ય જીવનમાં વિખવાદ સર્જાયો હતો, જેના કારણે પીડિતા પતિ સાથે રહેવા તૈયાર નહોતી અને પોતાના બાળક સાથે પિયરમાં રહેતી હતી.181 ટીમના હસ્તક્ષેપ બાદ પીડિતાને તેમના કપડાં, બાળકના કપડાં તેમજ જરૂરી દસ્તાવેજો પતિ પાસેથી અપાવવામાં આવ્યા હતા. સાથે જ પીડિતાને ભરણપોષણ માટે કાનૂની કાર્યવાહી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને મફત કાનૂની સહાય કેન્દ્ર વિશે માહિતી આપવામાં આવી હતી. આગળની કાર્યવાહી અંતર્ગત પીડિતાને તેમના ચાર વર્ષના બાળક સાથે સુરક્ષિત રીતે પિયરમાં મોકલવામાં આવ્યા હતા અને તેમના પિતાને સોંપવામાં આવ્યા હતા. સાથે જ પીડિતાને ભરણપોષણ માટે કાનૂની કાર્યવાહી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને મફત કાનૂની સહાય કેન્દ્ર વિશે માહિતી આપવામાં આવી હતી. આગળની કાર્યવાહી અંતર્ગત પીડિતાને તેમના ચાર વર્ષના બાળક સાથે સુરક્ષિત રીતે પિયરમાં મોકલવામાં આવ્યા હતા અને



# સાયબર ઠગે કમિશન અને બોનસની લાલચ આપીને યુવક પાસેથી 16 લાખ ખંખેર્યા,



• વડોદરા

વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં રહેતા ખાનગી કંપનીમાં નોકરી કરતા ટીમ લીડર યુવાન સાથે ઓનલાઈન પાર્ટ ટાઈમ નોકરી આપવાના બહાને 16.56 લાખ રૂપિયાની છેતરપીંડી કરાઈ છે. આરોપીઓએ શરૂઆતમાં નાની રકમ પરત આપી યુવકનો વિશ્વાસ કેળવ્યા બાદ બાદ સગાઈ આચરવામાં આવી હતી.વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં રહેતા મથુરકુમાર મહેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ. 37) એ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સેમસંગ કંપનીમાં ટીમ લીડર તરીકે કામ કરે છે અને પરિવાર સાથે રહે છે. ગત 28 ઓકટોબર, 2025ના રોજ તેમને ટેલિગ્રામ પર "Keerthi" નામના આઈ.ડી. પરથી મેસેજ આવ્યો હતો. શરૂઆતમાં સામાન્ય વાતચીત બાદ આરોપીએ પોતે રિલાયન્સ કંપનીમાં HR તરીકે કામ કરતો હોવાનું જણાવી પાર્ટ ટાઈમ નોકરીની ઓફર આપી હતી.

### સરદાર એસ્ટેટમાં જૂની ઝઘડાની અદાવતમાં ખંજરથી હુમલો

# યુવકને પેટ અને છાતીના ભાગે ખંજર ઝિંકનાર આરોપી સહિત 4 લોકોને પોલીસે ઝડપી પાડ્યા

• વડોદરા

વડોદરા શહેરના સરદાર એસ્ટેટ વિસ્તારમાં આવેલા બાબાદેવના મંદિર પાસે જૂની અદાવતમાં યુવક પર ખંજરથી જીવલેણ હુમલો કરાયો છે. જેના કારણે યુવક લોહી લુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. આ ઘટનાને લઈ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે બાપોદ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.



પ્રાપ્ત માહિતી મૂળ વતન બાંસવાડા અને હાલમાં લેપ્રેસી ગ્રાઉન્ડ, આજવા રોડ ખાતે રહેતા મેશ દેવા માઈડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ સરદાર એસ્ટેટ પાસે આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર મકન પ્રભુ મઈડા સહિત ત્રણ અન્ય શખસો (તમામ હાલ રહેવાસી વડોદરા, મૂળ બાંસવાડા, રાજસ્થાન) તા. 10 એપ્રિલના રોજ રાત્રે આશરે 8:30 વાગ્યે અગાઉ મોબાઈલ બાબતે થયેલા ઝઘડાની અદાવતે ફરી ઝઘડો કર્યો હતો. થયેલા ઝઘડાનું સમાધાન થઈ ગયું હોવા છતાં આરોપીઓએ રાત્રે ફરી તેમની સાથે ઝઘડો કર્યો હતો.

ત્યારબાદ તેઓએ ભેગા મળીને તેમના ભાઈ કાળુ દેવા મઈડાને પકડી રાખ્યા હતા અને મકન મઈડાએ ખંજર વડે છાતી, પેટ, કમર તથા શરીરના અન્ય ભાગોમાં ઘા માર્યા હતા અને હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેથી, કાળુ દેવા મઈડા લોહી લુહાણ હાલતમાં જમીન પર પટકાયો હતો. આ બનાવને લઈ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે બાપોદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

લોટરી લાગી!

મનપાની ટિકિટ ફાળવણીથી ભાજપમાં કહી ખુશી કહી ગમ!

# અનેકના પત્તા કપાતા કાર્યકરોમાં ભારે રોષ, પરિવારવાદ અને ધારાસભ્યના લોબિંગથી જાણો કેટલાને લોટરી લાગી!

## નરોડા વોર્ડમાંથી ભાજપમાંથી કામ કરતા કાર્યકર્તાઓને ટિકિટ આપવાની જગ્યાએ ગાડીઓ લઈને ફરવા વાળા લોકોને ટિકિટ આપવામાં આવતા સોશિયલ મીડિયામાં બળાપો કાઢવામાં આવ્યો છે

• અમદાવાદ

અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાં ભારે ખેંચતાણ બાદ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. ભાજપ દ્વારા 10 એપ્રિલે મોડી રાત્રે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવ્યા બાદ અનેક વોર્ડમાં કાર્યકર્તાઓ અને પૂર્વ હોદ્દેદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ભાજપ દ્વારા અનેક સિનિયર અને અનુભવી કોર્પોરેટરોની ટિકિટ કાપી નાખવામાં આવી હતી. ધારાસભ્યો અને પ્રદેશના હોદ્દેદારોના હઠાગ્રહના કારણે અનેક લોકોના પત્તા કપાયા હતા. ત્યારે હવે ભાજપમાં ખૂબ જ આંતરિક ભડકો ઉભો થયો છે. ભાજપ દ્વારા પરિવાર વાદ પણ ચલાવવામાં આવ્યો છે. મહાનગરપાલિકામાં પૂર્વ કોર્પોરેટરોના દીકરા, દીકરી અને પત્નીને ટિકિટ આપવામાં આવી છે.

નરોડા વિધાનસભામાં આવતા સરદારનગર અને નરોડા વોર્ડ માટે પ્રદેશ પાર્લામેન્ટ્રીમાં ખૂબ ચર્ચા થઈ હતી. નરોડા વોર્ડમાંથી ભાજપમાંથી કામ કરતા કાર્યકર્તાઓને ટિકિટ આપવાની જગ્યાએ ગાડીઓ લઈને ફરવા વાળા લોકોને ટિકિટ આપવામાં આવતા સોશિયલ મીડિયામાં બળાપો કાઢવામાં આવ્યો છે. ભાજપના ધારાસભ્યએ પોતાનું લોબીંગ કરીને માણસોને ટિકિટ અપાવી હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે અને કેટલાક લોકોએ રાજીનામાં પણ આપી દીધા છે.AMCમાં ખૂબ જ અનુભવી અને સિનિયર ગણાતા એવા પાલડી વોર્ડમાંથી પ્રતિશ મહેતાને ટિકિટ મળી નથી. પૂર્વ ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન રહી ચૂકેલા પ્રીતિશ મહેતાએ લાલ દરવાજામાં આવેલા ભદ્ર પરિસરમાં રહેલા દબાણને દૂર કરવા માટે ખૂબ જ મહેનત કરી અને છેલ્લે સુધી લડત આપી ભદ્ર પરિસરને દબાણ મુક્ત કર્યુ હતું. જો કે તેમની મહેનત હોવા છતાં પણ છેવટે તેમની ટિકિટ કાપી નાખવામાં આવી છે. પાલડીમાંથી જૈનને ટિકિટ આપવાની હોવાને લઈને પ્રીતિશ મહેતાને કાપી પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટની ભત્રીજી ક્રિમિ ગાંધીને ટિકિટ આપવામાં આવી છે. બાપુનગર વોર્ડમાંથી જીતેલા અને પૂર્વ લીગલ કમિટી ચેરમેન પ્રકાશ ગુર્જરની ટિકિટ પણ કાપી નાખવામાં આવતા ખૂબ ચર્ચાનો વિષય બન્યો છે. ગત ટર્મમાં લીગલ કમિટી ખૂબ જ નબળી રહી હતી જેને ફરીથી જાગૃત કરી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ષોથી બાકી રહેલા પેન્ડિંગ કેસો અને લીગલ વિષયોને ફરીથી ઉપાડીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લીગલ કેસોમાં સફળતા અપાવી હતી પરંતુ લીગલ કમિટીના ચેરમેન તરીકે તેમની કામગીરી અને બાપુનગરમાં સેવાકીય સંસ્થા દ્વારા પોતાની કામગીરી સારી હોવા છતાં તેમની ટિકિટ કાપી નાખવામાં આવી છે. રાણીપ વોર્ડમાં સૌથી સક્રિય, યુવા અને પૂર્વ કોર્પોરેટર વિરલ વ્યાસની પણ ટિકિટ કાપી નાખવામાં આવી છે.



સાબરમતીના ધારાસભ્ય દ્વારા વિરલ વ્યાસનું નામ મુકવામાં આવ્યું હતું. સૂત્રો મુજબ પૂર્વ ધારાસભ્ય અને કેટલાક હોદ્દેદારોના વિરલ વ્યાસને ટિકિટ આપવાને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. તેને ટિકિટના આપવા રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે તેમની ટિકિટ કાપી નાખવામાં આવી છે. સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં પણ રેવન્યુ કમિટીના પૂર્વ ડેપ્યુટી ચેરમેન અને બે ટર્મ કોર્પોરેટર રહી ચૂકેલા પ્રદીપ દવે અને બે ટર્મના કોર્પોરેટર રહી ચૂકેલા મુકેશ મિસ્ત્રી બંનેની ટિકિટ કાપી નાખવામાં આવી છે. અને તેમના સ્થાને માત્ર એક જ મહિલા ઉમેદવારને રીપીટ કરવામાં આવ્યા છે. સિનિયર બંને કોર્પોરેટર હોવા છતાં પણ નવા કોર્પોરેટરોને સ્થાન આપવામાં આવ્યું છે.અમરાઈવાડી વોર્ડમાં સૌથી યુવા કોર્પોરેટર રહી ચૂકેલા પ્રતિભા દુબેને પણ ટિકિટ આપવામાં આવી નથી. અમરાઈવાડીમાં સૌથી સક્રિય કોર્પોરેટર તરીકે સ્લમ વિસ્તારમાં સ્થાનિક લોકોના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે કામગીરી કરવામાં આવતી હતી. મહિલા કોર્પોરેટર તરીકે સક્રિય બની કામગીરી કરતા હતા. જો કે ભાજપના જ કેટલાક લોકો દ્વારા તેમની કામગીરીને લઈને હેરાનગતિ કરવામાં આવતી હોવા અંગેની ફરિયાદ પણ મહિલા કોર્પોરેટરને કરવી પડી હતી. સક્રિય મહિલા કોર્પોરેટર હોવા છતાં પણ તેમની ટિકિટ ધારાસભ્યના કારણે કાપવામાં આવ્યું હોવાની ચર્ચા છે.રેવન્યુ કમિટીના પૂર્વ ચેરમેન રહી ચૂકેલા અનિરુદ્ધસિંહ ઝાલાની પણ વસ્ત્રાલમાંથી ટિકિટ કાપી નાખવામાં આવી છે. અનુભવી અને જૈનિક વકીલ દ્વારા રેવન્યુ કમિટીને ફરીથી જાગૃત કરવામાં આવી હતી અને તેને વધારે સારી રીતે ચલાવી અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઐતિહાસિક ટેક્સની આવક લાવવા માટે અનેક નિર્ણયો લીધા હતા. જો કે અનિરુદ્ધસિંહ ઝાલાની પણ ટિકિટ કાપી અને હોસ્પિટલના પૂર્વ ચેરમેન પરેશ પટેલને ટિકિટ આપવામાં આવી છે. પાટીદાર ફેક્ટર હોવાથી તેમને ટિકિટ આપી દેવામાં આવી છે.અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારો માટે ધારાસભ્યોનું લોબિંગ સૌથી વધારે ફળી ગયું છે. મહાનગરપાલિકાની ચૂંટણી માટે ધારાસભ્યોએ પોતાના માણસોને ટિકિટ અપાવવા માટે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ખૂબ જ રજૂઆતો કરી હતી અને પ્રદેશના નેતાઓએ તેમની રજૂઆતો સાંભળી હતી. ક્યાંકને ક્યાંક ટિકિટ ન આપવા માટે અને પોતાના માણસોને સેટ કરવા માટે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી ત્યારે પ્રદેશના નેતાઓએ છેવટે ધારાસભ્યોના માણસોને ટિકિટ આપી છે. જો કે કેટલાક લોકોએ ધારાસભ્યોના માણસોને ટિકિટ ન આપવા રજૂઆત કરી હતી. જેમાં પણ કેટલીક જગ્યાએ ધારાસભ્યોના માણસોને કાપવાની જગ્યાએ શહેરના હોદ્દેદારોને ગોઠવી દીધા છે. શહેર સંગઠનમાં સ્થાન મેળવેલા લોકોને ટિકિટ આપી દેવામાં આવી છે.નરોડા વિધાનસભામાં સન્ની ખાનચંદાણીનો ખૂબ મોટો વિરોધ હતો. તેમ છતા વિરોધની વચ્ચે તેમને ફરીથી રિપીટ કરી દેવામાં આવ્યા છે. પરંતુ તેમની સાથે ધારાસભ્યના ખૂબ જ નજીક ગણવામાં આવતા ડિમ્પલ વરીનદાનીની ટિકિટ કાપવામાં આવી છે. અસારવા વોર્ડમાં પણ ધારાસભ્યના ખૂબ જ નજીક ગણવામાં શાહીબાગ વોર્ડના પ્રમુખ ગિરીશ વણઝારા, કોર્પોરેટર સુમન રાજપુત અને ઉપ-પ્રમુખ અનસુયાબેન પટેલને ટિકિટ આપી દેવામાં આવી છે. મણીનગર વિધાનસભામાં પણ એનલ પટેલના પત્ની પલક પટેલને ટિકિટ આપવામાં આવી છે.

પિત્ઝા અને બર્ગર ખાવાને લીધે એસિડિટી થઈ

# વિદ્યાર્થી કાયદાના કોર્સમાં હાજરી આપી શક્યો નહીં, યુનિવર્સિટીએ પરીક્ષામાં બેસવા ન દેતા અરજદાર ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યો

ગુજરાત હાઈકોર્ટ

મારવાડી યુનિવર્સિટીના LLBના ચોથા વર્ષના એક વિદ્યાર્થી માટે જે બાબત અપૂરતી હાજરીના કિસ્સા તરીકે શરૂ થઈ હતી

• અમદાવાદ

મારવાડી યુનિવર્સિટીના LLBના ચોથા વર્ષના એક વિદ્યાર્થી માટે જે બાબત અપૂરતી હાજરીના કિસ્સા તરીકે શરૂ થઈ હતી, તેણે ગુજરાત હાઈકોર્ટમાં એક વિચિત્ર વળાંક લીધો હતો, જેમાં વિદ્યાર્થીએ તેના વર્ગોમાં ગેરહાજરીને તેની ખાવા-પીવાની ટેવો સાથે જોડી હતી.વિદ્યાર્થીને ફરજિયાત 75% હાજરી પૂરી ન કરવા બદલ પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ મૂકવામાં આવતા, વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેથી તેની શૈક્ષણિક પ્રગતિને અસર ન થાય. રૂબરૂમાં પોતાની દલીલ કરતા તેણે પોતાની લાંબી ગેરહાજરી પાછળ સ્વાસ્થ્યના કારણો આપ્યા હતા અને મેડિકલ કાગળો રજૂ કર્યા હતા જેમાં એસિડિટીનો ઉલ્લેખ હતો.



વધુ તપાસ કરતા બીમારી પાછળનું કારણ ધ્યાન ખેંચનારું હતું. વિદ્યાર્થીએ ડોક્ટરના સર્ટિફિકેટનો આધાર લીધો હતો જેમાં જણાવાયું હતું કે તેની હાલત મહિનાઓ સુધી પિત્ઝા અને બર્ગર ખાવાને કારણે બગડી હતી. દસ્તાવેજોમાં એવું પણ જાણવા મળ્યું હતું કે તેણે છેલ્લા ત્રણ મહિનામાં ચાર-પાંચ વાર ડોક્ટરની મુલાકાત લીધી હતી. બીજી તરફ યુનિવર્સિટીએ વિદ્યાર્થીની પરીક્ષા આપવાની અપાત્રતાને યોગ્ય ઠેરવવા માટે હાજરીના નિયમો પર ભાર મૂક્યો હતો. હાઈકોર્ટે સૂચન કર્યું હતું કે યુનિવર્સિટી વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ જોખમાય નહીં તે માટે કોઈ ઉકેલ શોધે. આ પછી યુનિવર્સિટીએ એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. વિદ્યાર્થી જે તેની ગેરહાજરીને કારણે 15% વેઈટેજ ધરાવતી મિડ ટર્મ-1 પરીક્ષા ગુમાવી ચૂક્યો હતો, તે હજુ પણ મિડ ટર્મ-2 અને અંતિમ પરીક્ષાઓમાં બેસી શકે છે.જો કે ગુમાવેલા 15% ગુણ વિદ્યાર્થી છોડવા તૈયાર ન હોવાથી, વિદ્યાર્થીએ તરત જ આ પ્રસ્તાવ સ્વીકાર્યો ન હતો. ત્યારબાદ કોર્ટે તેને 16 એપ્રિલ સુધીમાં પુનઃવિચાર કરવા માટે સમય આપ્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે સમય સુધીમાં અરજદારને પોતાનું વલણ સ્પષ્ટ કરવા નિર્દેશ આપવામાં આવે છે કે શું તેઓ 20 એપ્રિલ, 2026 થી શરૂ થનારી મિડ-ટર્મ-II પરીક્ષામાં બેસવા માંગે છે કે કેમ?

જો આગામી સુનાવણી સુધીમાં અરજદાર દ્વારા કોઈ એફિડેવિટ ફાઈલ કરવામાં નહીં આવે, તો એમ માનવામાં આવશે કે અરજદાર યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલા પ્રસ્તાવ સાથે સંમત નથી. આ બાબતની વધુ સુનાવણી હવે 16 એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે, જેમાં યુનિવર્સિટી પણ મેરિટ પર તેનો જવાબ દાખલ કરે તેવી અપેક્ષા છે.જો કે ગુમાવેલા 15% ગુણ વિદ્યાર્થી છોડવા તૈયાર ન હોવાથી, વિદ્યાર્થીએ તરત જ આ પ્રસ્તાવ સ્વીકાર્યો ન હતો. ત્યારબાદ કોર્ટે તેને 16 એપ્રિલ સુધીમાં પુનઃવિચાર કરવા માટે સમય આપ્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે સમય સુધીમાં અરજદારને પોતાનું વલણ સ્પષ્ટ કરવા નિર્દેશ આપવામાં આવે છે કે શું તેઓ 20 એપ્રિલ, 2026 થી શરૂ થનારી મિડ-ટર્મ-II પરીક્ષામાં બેસવા માંગે છે કે કેમ?

# ગોતાના 75 વર્ષના વૃદ્ધને 8 દિવસ ડિજિટલ એરેસ્ટ કર્યા

## મહિલાઓને અશ્લીલ વીડિયો મોકલો છો કહીને 1.43 કરોડ પડાવ્યા

ગઠિયાઓએ વૃદ્ધના દસ્તાવેજોનો દુરુપયોગ કરી મની લોન્ડરિંગ અને અશ્લીલ વીડિયો મોકલવાના ગુનામાં સંડોવણી

• અમદાવાદ

અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા એક 75 વર્ષીય વૃદ્ધને સાયબર ગઠિયાઓએ TRAI અને CBIના અધિકારી હોવાનો ડોળ કરી સતત 8 દિવસ સુધી 'ડિજિટલ એરેસ્ટ' રાખી 1.43 કરોડ પડાવ્યા છે. ગઠિયાઓએ વૃદ્ધના દસ્તાવેજોનો દુરુપયોગ કરી મની લોન્ડરિંગ અને અશ્લીલ વીડિયો મોકલવાના ગુનામાં સંડોવણી હોવાનો ડર બતાવી આ છેતરપિંડી આચરી હતી. આ મામલે ભોગ બનનાર વૃદ્ધે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

ગત 2 એપ્રિલે વૃદ્ધને TRAIના નામે ફોન આવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે તેમના દસ્તાવેજો પર મુંબઈમાં એક મોબાઈલ નંબર રજિસ્ટર્ડ થયો છે જેનાથી મહિલાઓને અશ્લીલ વીડિયો મોકલવામાં આવે છે. ત્યારબાદ, મુંબઈ સાયબર ક્રાઈમના ઈન્વેસ્ટિગેશન ઓફિસર 'વિજય ખન્ના' હોવાની ઓળખ આપી એક શખ્સે વીડિયો કોલ કર્યો હતો. તેણે પ્રોટોકોલનું બહાનું ધરી ચહેરો છુપાવી માત્ર એજન્સીનો લોગો બતાવ્યો હતો અને વૃદ્ધને ડરાવવા માટે તેમના આધાર કાર્ડ અને એટીએમ




કાર્ડની વિગતો દર્શાવી હતી.ગઠિયાઓએ વૃદ્ધને એવું કહીને ધમકાવ્યા હતા કે નરેશ ગોયલના મની લોન્ડરિંગ કેસમાં પકડાયેલા 247 એટીએમ કાર્ડમાં તેમનું કેનેરા બેંકનું કાર્ડ પણ સામેલ છે. આ કેસમાં બે કરોડના ટ્રાન્ઝેક્શન બદલ તેમને 10 ટકા કમિશન મળ્યું હોવાનો ખોટો આક્ષેપ કરી ધરપકડની ધમકી આપી હતી. વૃદ્ધનો વિશ્વાસ જીતવા માટે વોટ્સએપ પર બનાવટી FIRની નકલ, એરેસ્ટ ઓર્ડર અને કોર્ટના નકલી પત્રો પણ મોકલી આપવામાં આવ્યા હતા.ડરના માર્યા વૃદ્ધે પોતાની શેરબજારની અને બેંક એકાઉન્ટની તમામ વિગતો આપી દીધી હતી. સાયબર ગઠિયાઓએ આ શેર વેચવા પડશે તેમ કહી વૃદ્ધ પાસેથી કટકે-કટકે કુલ 1.43 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આઠ દિવસ બાદ ગઠિયાઓ સાથે સંપર્ક તૂટી જતાં વૃદ્ધે તેમના ભત્રીજાના દીકરાને જાણ કરી હતી, જેનાથી તેઓ ડિજિટલ એરેસ્ટનો શિકાર બન્યા હોવાનું બહાર આવ્યું હતું. હાલ સાયબર ક્રાઈમ વિભાગ આ મસમોટી છેતરપિંડીના મૂળ સુધી પહોંચવા તપાસ કરી રહ્યું છે.

# પાણી બંધ કરી દુકાન ખાલી કરવા દબાણ કર્યું, બહારથી ટેબલ અંદર મૂકવાનું કહેતા ઝપાઝપી

## મકરબામાં વેપારીનો ફિનાલઈ પી આપઘાતનો પ્રયાસ

• અમદાવાદ

અમદાવાદના મકરબા વિસ્તારમાં આવેલ સમ્મેત પ્લેટિનમ કોમ્પ્લેક્સમાં અઢી વર્ષથી ભાડે દુકાન ચલાવતા 28 વર્ષીય વેપારી મેહુલ ચૌહાણે સતત માનસિક દબાણથી કંટાળીને ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. મુકેશ શાહ અને તેમના પુત્ર મિત દ્વારા દુકાન ખાલી કરાવવા માટે આપવામાં આવતી ધમકીઓ અને પજવણીથી વ્યથિત થઈને વેપારીએ આ આત્યંતિક પગલું ભર્યું હતું. હાલ આ મામલે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી છે. ઘટનાની વિગતો મુજબ, 10 માર્ચના રોજ સાંજે મુકેશ શાહ અને તેમના પુત્ર મિત મેહુલની દુકાને પહોંચ્યા હતા અને દુકાન બહાર રાખવામાં આવેલા ટેબલ અંદર લેવા બાબતે તકરાર શરૂ કરી હતી. વેપારીએ અન્ય દુકાનોના ઉદાહરણ આપી દલીલ કરતા બંને પિતા-પુત્ર ઉશ્કેરાઈ ગયા હતા. આ બોલાચાલી બાદ મુકેશ શાહે સોસાયટીના ચેરમેન સાથે વાત કરી દુકાનનું પાણી બંધ કરાવી દીધું હતું. જ્યારે વેપારીએ આ બાબતે વિરોધ કર્યો, ત્યારે બંનેએ તેની સાથે ઝપાઝપી કરી હતી અને મિત શાહે 'ટેબલની સાથે તને પણ સળગાવી દઈશ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.વિવાદ વધતા મુકેશ અને મિત શાહે સોસાયટીના સભ્યો સાથે મળીને દુકાન માલિક પર દબાણ લાવી મેહુલને દુકાન ખાલી કરવાની નોટિસ અપાવી હતી. દુકાન માલિકના કહેવા છતાં પણ બંને પક્ષકારો દ્વારા સતત પજવણી ચાલુ રહેતા મેહુલે કંટાળીને પોતાની જ દુકાનમાં ફિનાઈલ પી લીધું હતું. તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની તબિયતમાં હાલ સુધારો છે.સરખેજ પોલીસે વેપારીની ફરિયાદના આધારે મુકેશ શાહ અને મિત શાહ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરાકાંડ બાદ રમખાણના 11 આરોપીને નિર્દોષ છોડતી અમદાવાદ મેટ્રો કોર્ટ

વર્ષ 2002માં ગોધરા કાંડ બાદ રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં કોમી રમખાણ ફાટી નીકળ્યા હતા. ત્યારે મે, 2002માં અમદાવાદમાં હુલ્લડ મચાવવા બદલ 11 આરોપીઓ સામે માધવપુરા પોલીસ મથકે કેસ નોંધાયો હતો. જેનો અમદાવાદ મેટ્રો કોર્ટે ચુકાદો આપતા તમામ આરોપીઓને નિર્દોષ છોડવામાં આવ્યા છે. ટ્રાયલ દરમિયાન 02 આરોપીનું મૃત્યુ થયું છે. કેસને વિગતે જોતા ગોધરા કાંડ બાદ મે મહિનામાં દિલ્હી દરવાજા અને માધુપુરા ખાતે લઘુમતી કોમ ઉપર ધોસ જમાવવા 2000 જેટલા લોકોનું ટોળું બપોરે એકઠું થયું હતું. જેઓએ પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન પેટ્રોલિંગમાં રહેલી પોલીસની ગાડીએ ટોળાને વિખેરવા પ્રયત્ન કર્યો હતો. જેના સપોર્ટમાં અન્ય પોલીસ ફોર્સ પણ આવી ગઈ હતી. તેઓએ અશ્રુવાયુ અને હવામાં ફાયરિંગ કરીને ટોળાને વિખેરી નાખ્યું હતું.પોલીસે આ દરમિયાન સાતેક જેટલા આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જેમની સામે કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે બનાવને 23 વર્ષ જેટલો સમય વીતી જવાથી સાહેદોને સમન્સ મોકલવામાં આવ્યા છતાં તે મળી આવેલો ન હતા. વળી ફરિયાદી PSI પણ ગુજરી ગયા હતા. ત્યારે અમદાવાદ મેટ્રો કોર્ટે 4 સાહેદ અને 4 પુરાવા તપાસીને ત્યારે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. જેમની સામે કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે બનાવને 23 વર્ષ જેટલો સમય વીતી જવાથી સાહેદોને સમન્સ મોકલવામાં આવ્યા છતાં તે મળી આવેલો ન હતા. વળી ફરિયાદી PSI પણ ગુજરી ગયા હતા. ત્યારે અમદાવાદ મેટ્રો કોર્ટે 4 સાહેદ અને 4 પુરાવા તપાસીને ત્યારે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

ઈલેક્ટ્રિક ડીપીમાં લાગેલી આગ અન્ય બે-ત્રણ ડીપી સુધી ફેલાઈ, એસી યુનિટ્સ ઝપેટમાં આવતા ધડાકા થયા

# સાયન્સ સિટીમાં શક્તિ આર્કેડ આગ લાગતા અફરાતફરી

• અમદાવાદ

અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા શક્તિ આર્કેડ કોમ્પ્લેક્સમાં ઈલેક્ટ્રિક ડીપીઓમાં અચાનક આગ ફાટી નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. એક ડીપીમાંથી શરૂ થયેલી આગ અન્ય બે-ત્રણ ડીપી સુધી ફેલાતા અને એસી યુનિટ્સ ઝપેટમાં આવતા થયેલા ભડાકાઓને કારણે વેપારીઓ અને સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ ઓલવાઈ ગયા બાદ પણ ઓફિસો અને દુકાનોમાં ભરાયેલા ધુમાડાને કારણે ગૂંગળામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેને દૂર કરવા માટે ફાયરની ટીમે એક્ઝોસ્ટ કામગીરી હાથ ધરી હતી. સદનસીબે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે



કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ ઈલેક્ટ્રિક ઉપકરણોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

ઘટનાની વિગતો મુજબ, શક્તિ આર્કેડના પાછળના ભાગે આવેલા ઈલેક્ટ્રિક ડીપીમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય કારણોસર આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આસપાસના અન્ય ડીપી પણ તેની ઝપેટમાં આવી ગયા હતા. આગની જ્વાળાઓ દુકાનો અને ઓફિસોના એસી (AC) યુનિટ્સ સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે શ્રેણીબદ્ધ ધડાકાઓ થયા હતા. આગને પગલે સમગ્ર કોમ્પ્લેક્સમાં કાળા ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા. જીવ બચાવવા માટે વેપારીઓ અને ગ્રાહકો દુકાનો તેમજ ઓફિસો છોડીને તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા બે ફાઈટર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી હતી. આગ ઓલવાઈ ગયા બાદ પણ ઓફિસો અને દુકાનોમાં ભરાયેલા ધુમાડાને કારણે ગૂંગળામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેને દૂર કરવા માટે ફાયરની ટીમે એક્ઝોસ્ટ કામગીરી હાથ ધરી હતી. સદનસીબે, ફાયર બ્રિગેડની સમયસૂચકતાને કારણે કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ ઈલેક્ટ્રિક ઉપકરણોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# 10,000થી વધુના ઓનલાઈન-પેમેન્ટ પર 1 કલાકનો બ્રેક સિનિયર સિટીઝન્સને ટ્રાન્સફર માટે 'ટ્રસ્ટેડ પર્સન'ની મંજૂરી જરૂરી

### ડિજિટલ અરેસ્ટ અને ઓનલાઈન ફ્રોડ રોકવા RBIના નવા નિયમો




ટૂંક સમયમાં એવું બની શકે છે કે 10 હજારથી વધુના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન તરત ન થાય. તેમાં 1 કલાકનો વિલંબ થઈ શકે છે. આનાથી ગ્રાહકોને ખોટા ટ્રાન્ઝેક્શન રોકવા અથવા કેન્સલ કરવાની તક મળશે. દેશમાં વધતા ડિજિટલ ફ્રોડને રોકવા માટે RBIએ આ પ્રસ્તાવ મૂક્યો છે. RBIનું માનવું છે કે ઠગબાજો ઘણીવાર મનોવૈજ્ઞાનિક દબાણ બનાવીને ઉતાવળમાં પૈસા ટ્રાન્સફર કરાવે છે, આ વિલંબ તે દબાણને ખતમ કરશે. હાલમાં મોટાભાગના ડિજિટલ ટ્રાન્ઝેક્શન તરત થાય છે, જેનાથી યુઝરને વિચારવાનો કે ભૂલ સુધારવાનો મોકો મળતો નથી.70 વર્ષથી વધુ ઉંમરના વડીલો અને દિવ્યાંગો માટે સુરક્ષા વધુ કડક બનશે. 50,000 રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન માટે એક 'ટ્રસ્ટેડ પર્સન' (ભરોસાપાત્ર વ્યક્તિ)ની મંજૂરી જરૂરી બની શકે છે. આ છેતરપિંડી સામે સુરક્ષાના બીજા લેયર તરીકે કામ કરશે.જો તમે કોઈ એવી વ્યક્તિ કે વેપારીને પૈસા મોકલી રહ્યા છો જેને તમે જાણો છો, તો તમે તેને તમારી 'વ્હાઈટલિસ્ટ'માં સામેલ કરી શકો છો. વ્હાઈટલિસ્ટેડ લોકોને પેમેન્ટ કરવા પર આ 1 કલાકનો વિલંબ લાગુ પડશે નહીં, જેનાથી નિયમિત લેણદેણમાં મુશ્કેલી નહીં આવે.RBI એ એક 'કિલ સ્વિચ'નું પણ સુચન આપ્યું છે. જો કોઈ ગ્રાહકને લાગે કે તેનું એકાઉન્ટ હેક થઈ ગયું છે અથવા કોઈ ખોટું ટ્રાન્ઝેક્શન થઈ રહ્યું છે, તો તે એક ક્લિકથી તેની તમામ ડિજિટલ પેમેન્ટ સેવાઓને તરત જ બંધ કરી શકશે.વૃદ્ધો માટે નિયમ કોઈ ખાસ મંજૂરી નહીં 50,000+ પર 'ટ્રસ્ટેડ પર્સન'ની મંજૂરી ગયા વર્ષે દેશમાં ડિજિટલ ફ્રોડને કારણે થતું નુકસાન 22 હજાર કરોડ રૂપિયાને પાર પહોંચી ગયું. RBI અનુસાર, 10 હજાર રૂપિયાથી ઉપરના ટ્રાન્ઝેક્શન કુલ ફ્રોડ કેસના માત્ર 45% છે, પરંતુ કુલ ફ્રોડ વેલ્યુમાં તેમનો હિસ્સો 98.5% છે. આને ધ્યાનમાં રાખીને 10 હજારની લિમિટ નક્કી કરવામાં આવી છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આગામી કેટલાક મહિનાઓમાં આ માટે વિગતવાર ગાઈડલાઈન બહાર પાડવામાં આવી શકે છે અને તેને તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. RBI એ સ્વીકાર્યું છે કે ડિજિટલ પેમેન્ટનો મૂળભૂત સિદ્ધાંત 'ઈન્સ્ટન્ટ' એટલે કે ત્વરિત ચુકવણી છે. ફરજિયાત વિલંબથી યુઝરને થોડી અસુવિધા થઈ શકે છે, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ તે જરૂરી છે. RBI એ આ ચર્ચા પત્ર પર 8 મે સુધી સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી સૂચનો માંગ્યા છે.RBI હાલમાં બેંકો અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) સાથે મળીને તેના ટેકનિકલ પાસાઓ પર ચર્ચા કરી રહ્યું છે. તેમાં મુખ્ય પડકાર એ છે કે ડિજિટલ પેમેન્ટની 'ઝડપ' અને 'સુરક્ષા' વચ્ચે બેલેન્સ કેવી રીતે જાળવવું. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આગામી કેટલાક મહિનાઓમાં આ માટે વિગતવાર ગાઈડલાઈન બહાર પાડવામાં આવી શકે છે અને તેને તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. RBI એ સ્વીકાર્યું છે કે ડિજિટલ પેમેન્ટનો મૂળભૂત સિદ્ધાંત 'ઈન્સ્ટન્ટ' એટલે કે ત્વરિત ચુકવણી છે. ફરજિયાત વિલંબથી યુઝરને થોડી અસુવિધા થઈ શકે છે, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ તે જરૂરી છે. RBI એ આ ચર્ચા પત્ર પર 8 મે સુધી સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી સૂચનો માંગ્યા છે.

**લોન્ચિંગ** અનંત અંબાણીના જન્મદિવસ પર વિશ્વની પ્રથમ વનતારા યુનિવર્સિટીનું લોન્ચિંગ:

# ભારતને વન્યજીવ-પ્રાણીચિકિત્સા શિક્ષણ માટેના ગ્લોબલ હબ તરીકે પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય

### બે બિજોલિયા રેતશીલાઓ શિલાન્યાસ સ્થળની ડિઝાઈનમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણી દ્વારા સ્થાપિત વૈશ્વિક વન્યજીવ સંરક્ષણ સંસ્થા વનતારાએ ગુજરાતના જામનગરમાં વનતારા યુનિવર્સિટીની સ્થાપનાની જાહેરાત કરી છે. વન્યજીવ સંરક્ષણ અને પ્રાણીચિકિત્સા વિજ્ઞાનને સમર્પિત આ યુનિવર્સિટી વિશ્વની પ્રથમ સંકલિત ગ્લોબલ યુનિવર્સિટી છે. વનતારા યુનિવર્સિટી પ્રાણી કલ્યાણ, વૈજ્ઞાનિક પ્રગતિ અને વન્યજીવ સંરક્ષણના ભવિષ્ય સાથે મૂળથી જોડાયેલી છે. આ સંસ્થાનો ઉદ્દેશ પ્રાણીચિકિત્સા ઔષધિ (વેટરીનરી મેડિસીન), સંરક્ષણ અને વન્યજીવ સંભાળના ભાવિ નેતૃત્વને તૈયાર કરવાનો છે. તેનો અભ્યાસક્રમ ભારતની જ્ઞાન પરંપરાઓનો ઉપયોગ કરીને શિક્ષણના ઉદ્દેશ-આધારીત અને ભવિષ્ય-લક્ષી મોડેલને આકાર આપશે.

અનંત અંબાણીએ જણાવ્યું કે, 'વન્યજીવ સંરક્ષણનું ભાવિ એ બાબત પર નિર્ભર રહેશે કે આપણે કેવી રીતે કરુણા, જ્ઞાન અને કૌશલ્ય સાથે જીવનની સેવા કરવા માટેના મન અને સંસ્થાઓને તૈયાર કરીએ છીએ. તણાવપૂર્ણ પરિસ્થિતિમાં રહેલા પ્રાણીઓને જોવાની અત્યંત વ્યક્તિગત યાત્રા અને તેમની સંભાળ લેવામાં વધારે ક્ષમતાપૂર્ણ જરૂરીયાત રહેલી હોવાની સમજે વનતારા યુનિવર્સિટીને આકાર આપ્યો છે. પ્રાચીન નાલંદા યુનિવર્સિટીના સિદ્ધાંતો અને તમામ દિશાઓથી ઉમદા વિચારો આપણને પ્રાપ્ત થાઓ એવો અર્થ ધરાવતા 'આનો ભદ્રા: ક્રતવો યન્તુ વિશ્વત:' શ્લોકના ભાવથી પ્રેરિત, આ યુનિવર્સિટી દરેક જીવમાત્રનું રક્ષણ કરવા નિશ્ચયબદ્ધ નવી પેઢીને તૈયાર કરવા પ્રતિબધ્ધ છે.'

પારંપરિક વાતાવરણમાં આ મૂલ્યોને પ્રતિબિંબિત કરતા, બે બિજોલિયા રેતશીલાઓ શિલાન્યાસ સ્થળની ડિઝાઈનમાં સમાવિષ્ટ કરવામાં આવી હતી. વર્તમાનમાં બિહારમાં આવેલી, પ્રાચીન નાલંદાના ભૂસ્તરશાસ્ત્રીય પાયામાં રહેલી પ્રાચીન વિંધ્ય રચનાથી પ્રેરિત આ શિલાઓ ભારતના જ્ઞાન અને શિક્ષણના કાયમી વારસાનું પ્રતીક છે.

હિન્દુ પરંપરાઓ અનુસાર આયોજિત આ શિલાન્યાસ સમારોહમાં અનંત અંબાણીના શિક્ષકો અને મેન્ટર્સ સહિત શિક્ષણ, વિજ્ઞાન, સંરક્ષણ અને જાહેર જીવનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું હાર્દ હતું પ્રતિકાત્મક શિલાન્યાસ તરીકે ભારતની ઈકોલોજીકલ સમૃધ્ધિ અને દેશના કુદરતી વારસા પર યુનિવર્સિટીના નિર્માણના વિઝનના પ્રતિક સ્વરૂપે, ભારતભરના જૈવિક વિવિધતાથી સમૃધ્ધ પ્રદેશો જેમકે ઘાસિયા મેદાનો, જંગલો, સૂકા પ્રદેશો અને હિમાલય તેમજ દેશના ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને મધ્ય ભાગોમાં આવેલા અન્ય ઊચ્ચ પ્રદેશોમાંથી એકત્ર કરવામાં આવેલા માટી, પાણી અને પથ્થરનું વિધિપૂર્વક સ્થાપન.વનતારા યુનિવર્સિટી એક જ શૈક્ષણિક ઈકોસિસ્ટમમાં અનેક અલગ-અલગ વિદ્યાશાખાઓને એકજૂટ કરશે, જે વાસ્તવિક સંરક્ષણ પ્રણાલિઓ સાથે સંકળાયેલી હશે. વનતારાની જમીન પરના કાર્યની નિપૂણતાનો ઉપયોગ કરીને, આ યુનિવર્સિટી ફિલ્ડ પરના જ્ઞાનને શૈક્ષણિક કાર્યક્રમો, વ્યાવસાયિક તાલીમ અને વૈશ્વિકરીતે સુસંગત માળખામાં તબદિલ કરશે. કરુણા, વિજ્ઞાન અને સંરક્ષણનું એક અનોખું મિશ્રણ કરીને, આ યુનિવર્સિટી વ્યાવસાયિકોને વન્યજીવ અને ઈકોસિસ્ટમની સુખાકારીમાં આવતા જટિલ અને સતત બદલાતા પડકારોનો સામનો કરવા માટે સુસજ્જ બનાવશે.આ યુનિવર્સિટી વિવિધ વિદ્યાશાખાઓમાં અંડરગ્રેજ્યુએટ, પોસ્ટ-ગ્રેજ્યુએટ, ફેલોશિપ તથા અન્ય વિશિષ્ટ અભ્યાસક્રમો ઉપલબ્ધ બનાવશે. તેમાં વન્યજીવન ઔષધિ તેમજ શસ્ત્રક્રિયા, પોષણ, વર્તણૂકીય વિજ્ઞાન, આનુવંષિકતા, રોગશાસ્ત્ર, વન હેલ્થ, સંવર્ધન નીતિ અને કુદરતી પ્રાણી સંભાળને લગતી પર્યાવરણ ડિઝાઈનનો સમાવેશ થાય છે. વનતારાની ઓપરેશનલ ક્ષમતાઓ સાથે સંરેખિત સ્પેશ્યલાઈઝ કોલેજો થકી આ યુનિવર્સિટી દ્વારા સામાજિક અને આર્થિક રીતે હાંસિયામાં ધકેલાયેલા વર્ગોના વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવા શિષ્યવૃત્તિ પણ આપશે.

અલ્વેસ પિન્ટો નોમિની ડિરેક્ટર બન્યા

# સ્વિગીના કો-ફાઉન્ડર લક્ષ્મી રેડ્ડીએ રાજીનામું આપ્યું કિશન-રાહુલ એડિશનલ ડિરેક્ટર તરીકે નિયુક્ત

### સ્વિગીના બોર્ડે રેનન ડી કાસ્ટ્રો અલ્વેસ પિન્ટોને નોમિની ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપી છે

• નવી દિલ્હી




ફૂડ અને ગ્રોસરી ડિલિવરી પ્લેટફોર્મ સ્વિગીના કો-ફાઉન્ડર લક્ષ્મી નંદન રેડ્ડી ઓબુલે કંપનીના બોર્ડમાંથી રાજીનામું આપી દીધું છે. સ્વિગીએ શુક્રવારે રેગ્યુલેટરી ફાઈલિંગમાં આ અંગેની જાણકારી આપી.ઓબુલ કંપનીમાં હોલ-ટાઈમ ડિરેક્ટર અને હેડ ઓફ ઈનોવેશનની જવાબદારી સંભાળી રહ્યા હતા. તેમનું રાજીનામું 10 એપ્રિલથી અમલમાં આવશે. કંપનીએ જણાવ્યું કે ઓબુલ હવે પોતાના અન્ય પ્રોફેશનલ હિતો પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે, તેથી તેમણે આ નિર્ણય લીધો છે. ઓબુલના જવાથી સ્વિગીના બોર્ડમાં ઘણી મહત્વપૂર્ણ નિમણૂકો અને નિયમોમાં ફેરફારને પણ મંજૂરી આપવામાં આવી છે.0 સ્વિગીના બોર્ડે રેનન ડી કાસ્ટ્રો અલ્વેસ પિન્ટોને નોમિની ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપી છે. તેઓ પ્રોસસ વેન્ચર્સનું નેતૃત્વ કરશે. તેઓ રોજર રાબલાઈસનું સ્થાન લેશે, જેઓ પ્રોસસ વેન્ચર્સમાં પોતાની ભૂમિકા બદલવાના કારણે સ્વિગી બોર્ડમાંથી હટી રહ્યા છે. આ ઉપરાંત સ્વિગીના કો-ફાઉન્ડર અને ચીફ ગ્રોથ ઓફિસર ફણી કિશન અડેપલ્લી અને ગ્રુપ CFO રાહુલ બોથરાને એડિશનલ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની નિમણૂક 1 જૂન 2026 થી અમલમાં આવશે.બોર્ડમાં થયેલા આ ફેરફારો પર સ્વિગી ગ્રુપના CEO શ્રીહર્ષ મજેટીએ કહ્યું, 'નંદન સ્વિગીની સફરમાં એક વિઝનરી શક્તિ રહ્યા છે. બેંગલુરુના એક મોહલ્લામાંથી શરૂ થયેલી સ્વિગીને દેશવ્યાપી પ્લેટફોર્મ બનાવવામાં તેમનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે.'

ફણી અને રાહુલની નિમણૂક પર મજેટીએ કહ્યું, 'આ બંને સ્વિગીના શરૂઆતના દિવસોથી અમારી સાથે છે. કંપનીના સૌથી મુશ્કેલ અને મહત્વપૂર્ણ સમયમાં તેમણે બિઝનેસ સંભાળ્યો છે. જેમ જેમ આપણે ગ્રોથના આગલા તબક્કામાં જઈ રહ્યા છીએ, તેમ તેમ તેમની સમજ અને અનુભવ અમારા લાંબા ગાળાના લક્ષ્યોને હાંસલ કરવામાં મદદરૂપ સાબિત થશે.'

સ્વિગીએ ફાઈલિંગમાં જણાવ્યું કે બોર્ડે આર્ટિકલ્સ ઓફ એસોસિએશન (AoA) માં ફેરફારને મંજૂરી આપી છે. આ અંતર્ગત એક્સેલ અને સોફ્ટબેંકના નોમિનેશન રાઈટ્સ (નિર્દેશક નિયુક્ત કરવાના અધિકારો) સંબંધિત નિયમોને દૂર કરવામાં આવ્યા છે.

જ્યારે નિયમોમાં એક એવો પણ ફેરફાર કરવામાં આવ્યો છે, જેનાથી CEO શ્રીહર્ષ મજેટીને પોતાને અને સિનિયર મેનેજમેન્ટના કોઈપણ એક સભ્યને બોર્ડમાં નોમિનેટ કરવાનો અધિકાર મળ્યો છે. જોકે, આ અધિકાર કેટલીક નિર્ધારિત શરતોને આધીન રહેશે.

# ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ- સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઉછાળો:પ્રોફિટ બુકિંગથી માર્કેટમાં સાવધાનીનો માહોલ




ભારતીય શેરબજારમાં ફરી એકવાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. વૈશ્વિક બજારના સકારાત્મક સંકેતો અને સ્થાનિક ખરીદીને પગલે સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો છે. આજે અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાનમાં યુદ્ધને લઈને શાંતિ મંત્રણા શરૂ થઈ રહી છે જેના પગલે કોઈ સારા સંકેત મળી શકે તેવી આશા પણ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહના યુદ્ધવિરામ અને હોર્મુઝ સ્ટ્રેટ મર્યાદિત રીતે ખૂલવાના સમાચારને કારણે વૈશ્વિક બજારોમાં રાહત જોવા મળી છે, જેની અસર ભારતીય બજાર પર પણ પડી છે. જોકે આજે અમેરિકા અને ઈરાન વચ્ચે ઈસ્લામાબાદમાં શાંતિ મંત્રણા શરૂ થવાની આશા છે જેને લઈને બજારમાં આશાવાદ છે. શુક્રવારના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં મજબૂત બુલિશ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. સેશનની શરૂઆત ગેપ-અપ સાથે થઈ હતી અને ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન બજાર ઉપરના સ્તરે ટ્રેડ થયું હતું. ખરીદદારોનું પ્રભુત્વ સ્પષ્ટ દેખાતું હતું અને દરેક ડિપ પર ખરીદી જોવા મળી હતી.લાર્જકેપ સ્ટોક્સની સાથે મિડકેપ અને સ્મોલકેપ સ્ટોક્સમાં પણ સારી તેજી જોવા મળી હતી, જે દર્શાવે છે કે બજારની અંદર વ્યાપક મજબૂતી છે. દિવસના અંતે ઈન્ડેક્સ પોતાના દિવસના હાઈ નજીક બંધ થયો હતો, જે આગળના દિવસો માટે પોઝિટિવ સંકેત આપે છે.સેન્સેક્સ : સેન્સેક્સ ગેપ-અપ ઓપનિંગ બાદ સતત પોઝિટિવ ઝોનમાં રહ્યો હતો. બેન્કિંગ અને હેવીવેઈટ સ્ટોક્સમાં ખરીદીના કારણે ઈન્ડેક્સમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ 76631 સામે 77121 પોઈન્ટના મથાળેથી ખુલીને 76851 પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ 771 પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ 918 પોઈન્ટના ઉછાળા સાથે 77550 પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!નિફ્ટી ફ્યુચર :નિફ્ટી ફ્યુચર મજબૂત ગેપ-અપ સાથે શરૂ થઈને મહત્વપૂર્ણ રેસિસ્ટન્સ લેવલ્સ પાર કર્યા હતા. ડેરિવેટિવ ડેટા મુજબ લૉન્ગ બિલ્ડઅપ અને ઓપન ઈન્ટરેસ્ટમાં વધારો જોવા મળ્યો હતો, જે બુલિશ સેન્ટિમેન્ટ દર્શાવે છે. નિફ્ટી ફ્યુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ 23861 સામે 23930 પોઈન્ટના મથાળેથી ખુલીને 23914 પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો.

# TCSને ચોથા ક્વાર્ટરમાં 13,718 કરોડનો નફો થયો

### વાર્ષિક ધોરણે નફો 12% વધ્યો, કુલ આવક 9% વધીને 71,455 કરોડ પર પહોંચી

• મુંબઈ

દેશની સૌથી મોટી આઈટી (IT) કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) એ ગુરુવારે તેના ચોથા ક્વાર્ટર (Q4) ના પરિણામો જાહેર કર્યા છે. કંપનીનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 12% વધીને 13,718 કરોડ રૂપિયા રહ્યો. ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં આ નફો 12,247 કરોડ રૂપિયા હતો. નફાની સાથે-સાથે કંપનીના રેવન્યુમાં પણ વધારો જોવા મળ્યો છે. આ ક્વાર્ટરમાં કંપનીની ઓપરેશનલ રેવન્યુ 10% વધીને 70,698 કરોડ રૂપિયા પર પહોંચી છે. કંપનીની આ મજબૂત વૃદ્ધિ પાછળ 12 અબજ ડોલર (લગભગ 1 લાખ કરોડ રૂપિયા) ની ત્રણ મેગા ડીલ્સ રહી. કંપનીએ તેના શેરધારકોને પ્રતિ શેર 31નું ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી છે. કંપનીઓ તેમના નફાનો અમુક હિસ્સો શેરધારકોને પણ આપે છે, જેને ડિવિડન્ડ કહેવાય છે. TCSના CEO અને MD કે. કૃતિવાસને પરિણામો પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે આ સતત ત્રીજું ક્વાર્ટર છે જ્યારે કંપનીએ વૃદ્ધિ નોંધાવી છે. તેમણે કહ્યું કે અમારી 'ફાઈવ પિલર સ્ટ્રેટેજી' અને AI પર ધ્યાન કેન્દ્રિત કરવું કામ કરી રહ્યું છે. રાહતની વાત એ છે કે આ વૃદ્ધિ કોઈ એક સેક્ટર પૂરતી મર્યાદિત નથી, પરંતુ વિશ્વના મોટા બજારો અને લગભગ તમામ ઉદ્યોગોમાં જોવા મળી છેTCSનો શેર આજે 9 એપ્રિલે 1.20% એટલે કે 30.80 રૂપિયા વધીને 2,590 રૂપિયા પર બંધ થયો. છેલ્લા એક મહિનામાં કંપનીનો શેર 2.48% વધ્યો છે. એક વર્ષમાં લગભગ 20% ઘટ્યો છે. કંપનીની માર્કેટ વેલ્યુ 11.71 લાખ કરોડ રૂપિયા છે.ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) ભારતની મલ્ટીનેશનલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) કંપની છે. તે ટાટા ગ્રુપની એક સહાયક કંપની છે. TCS ની સ્થાપના 1968 માં 'ટાટા કમ્પ્યુટર સિસ્ટમ્સ' તરીકે થઈ હતી. 25 ઓગસ્ટ 2004 ના રોજ TCS પબ્લિક લિસ્ટેડ કંપની બની.

## અનંત અંબાણીએ 57 લાખથી વધુ લોકોને મદદરૂપ થઈ પોતાના 31મા જન્મદિનની ઉજવણી કરી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી અનંત અંબાણીના 31મા જન્મદિન પ્રસંગે આયોજિત વિવિધ પરોપકારી કાર્યો તથા પ્રવૃત્તિઓએ આશરે 57 લાખ લોકોના જીવનને સ્પર્શ કરી તેને બહેતર બનાવવાનો નાનો પ્રયાસ કર્યો છે. લાખો લોકોના જીવનને સમૃદ્ધ બનાવવાના ઉદ્દેશથી ધાર્મિક ટ્રસ્ટ, શૈક્ષણિક તથા આરોગ્યસંભાળ સંસ્થાઓ તેમજ સામાજકલ્યાણની સંસ્થાઓમાં સખાવતી યોગદાન અપાયું હતું. તેમના 31મા જન્મદિવસ પ્રસંગે, 31 અલગ-અલગ સખાવતી પહેલની જાહેરાત કરાઈ છે. આ અંતર્ગત દ્વારકા, સોમનાથ, અંબાજી અને સાળંગપુર સહિતના ગુજરાતના મુખ્ય ધર્મસ્થળો ખાતે યાત્રાળુઓ માટે માળખાકીય વિકાસ ઉપરાંત જામનગર અને અન્ય સ્થળોએ શૈક્ષણિક માળખાગત સુધારાના કાર્યો, ગૌશાળાની સ્થાપના, રિલાયન્સના કોન્ટ્રાક્ચ્યુઅલ કામદારો માટે મિઠાઈ, સામુદાયિક ભોજન સમારંભો, જામનગર રિફાઈનરીની આસપાસના ગામડાંની મહિલાઓ માટે સાડીના વિતરણ અને ગ્રામીણ વિસ્તારોમાં આવશ્યક માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે. શ્રી અનંત અંબાણી સનાતન ધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે અને વારંવાર વિવિધ તીર્થસ્થાનોમાં દર્શન કરવા જાય છે. તેમના જન્મદિવસ નિમિત્તે, ગુજરાતના યાત્રાધામો માટે વિવિધ પહેલોની જાહેરાત કરાઈ છે. દ્વારકામાં ભગવાન કૃષ્ણના ધામમાં દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સુવિધા માટે બહુમાળી યાત્રી ભવન બનાવવામાં આવશે.

વોટ્સએપ તમારા પ્રાઈવેટ મેસેજ વાંચી રહ્યું છે

# મસ્કે કહ્યું- આ વિશ્વાસપાત્ર નથી, ટેલિગ્રામ CEOએ એન્ક્રિપ્શનને ફ્રોડ ગણાવ્યો ; કોર્ટ પાસેથી વળતરની માગ

• વોશિંગ્ટન



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xના માલિક ઈલોન મસ્ક અને ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે વોટ્સએપની પ્રાઈવસી પર સવાલો ઉઠાવ્યા છે. મસ્કે કહ્યું કે વોટ્સએપ પર ભરોસો કરી શકાય નહીં. આ વિવાદ અમેરિકામાં વોટ્સએપ વિરુદ્ધ દાખલ કરાયેલા નવા ક્લાસ એક્શન મુકદ્દમા પછી શરૂ થયો છે. અમેરિકાની એક અદાલતમાં દાખલ કરાયેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે વોટ્સએપ તેના યુઝર્સના મેસેજને વચ્ચેથી જ ઈન્ટરસેપ્ટ કરે છે. કંપની દાવો કરે છે કે તેના મેસેજ 'એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ' છે, એટલે કે મોકલનાર અને મેળવનાર સિવાય કોઈ ત્રીજો તેમને વાંચી શકતો નથી. જોકે, મુકદ્દમા મુજબ મેટા આ મેસેજને એક્સેન્ચર જેવી ત્રીજી પાર્ટીઓ સાથે શેર કરી રહ્યું છે.ઈલોન મસ્કે X પર પોસ્ટ કરતા લખ્યું, 'વોટ્સએપ પર ભરોસો કરી શકાય નહીં.' તેમણે યુઝર્સને X ચેટનો ઉપયોગ કરવાની અપીલ કરી અને દાવો કર્યો કે ત્યાં 'અસલી પ્રાઈવસી' મળે છે.જ્યારે, ટેલિગ્રામના CEO પાવેલ ડુરોવે પણ કહ્યું કે વોટ્સએપનું 'એન્ક્રિપ્શન' ઈતિહાસનો સૌથી મોટો કન્ઝ્યુમર ફ્રોડ હોઈ શકે છે, જે અબજો યુઝર્સને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ડુરોવે દાવો કર્યો કે ટેલિગ્રામે ક્યારેય આવું કર્યું નથી અને ક્યારેય કરશે પણ નહીં.આ ગંભીર આરોપો પર મેટાએ તરત જ સ્પષ્ટતા કરી છે. કંપનીના પ્રવક્તાએ કહ્યું, 'મુદ્દમામાં કરાયેલા દાવાઓ સંપૂર્ણપણે ખોટા અને વાહિયાત છે. વોટ્સએપ છેલ્લા એક દાયકાથી સિગ્નલ પ્રોટોકોલનો ઉપયોગ કરી રહ્યું છે. તમારા મેસેજ મોકલનાર અને મેળવનાર સિવાય કોઈ અન્ય વાંચી શકતું નથી.'ઈલોન મસ્ક અને માર્ક ઝકરબર્ગ વચ્ચેનો વિવાદ કોઈ નવો નથી. મસ્ક દ્વારા ટ્વિટર (હવે X) ખરીદ્યા પછી, ઝકરબર્ગે તેને ટક્કર આપવા માટે 'થ્રેડ્સ' લોન્ચ કર્યું હતું. 2025માં મસ્કે પોતાના AI ચેટબોટ 'ગ્રોક'ને મેટા AI કરતાં વધુ સારું ગણાવ્યું હતું. જૂન 2023માં મસ્કે ઝકરબર્ગને 'કેજ ફાઈટ'નો પડકાર પણ આપ્યો હતો, જેના જવાબમાં ઝકરબર્ગે લોકેશન માંગ્યું હતું.

### આરોપ બાદ મને આત્મહત્યાના વિચાર આવતા હતા'

# 'સત્યનો વિજય થયો':ડિરેક્ટર સનોજ મિશ્રાએ કહ્યું- 'ફરમાને ફોસલાવીને ભોળી મોનાલિસાને ફસાવી

## આયોગના રિપોર્ટ મુજબ, 11 માર્ચ 2026ના રોજ થયેલા લગ્ન દરમિયાન મોનાલિસાની ઉંમર માત્ર 16 વર્ષ, 2 મહિના અને 12 દિવસ હતી

ફિલ્મ ડિરેક્ટર સનોજ મિશ્રાએ મહાકુંભની વાયરલ ગર્લ 'મોનાલિસા'ના લગ્નના મામલામાં રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ (NCST)ના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી છે. આયોગના રિપોર્ટ મુજબ, 11 માર્ચ 2026ના રોજ થયેલા લગ્ન દરમિયાન મોનાલિસાની ઉંમર માત્ર 16 વર્ષ, 2 મહિના અને 12 દિવસ હતી.

આ રિપોર્ટ બાદ મોનાલિસાના પતિ ફરમાન ખાન વિરુદ્ધ પોક્સો (POC-SO) એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આયોગ દ્વારા મોનાલિસાને સગીર જાહેર કર્યા બાદ સનોજે કહ્યું કે, 'સત્યનો વિજય થયો છે.' તેણે આરોપ લગાવ્યો કે, તેને અને મોનાલિસાના પરિવારને બદનામ કરવા માટે એક મોટું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. સનોજ મુજબ, 'મોનાલિસાનું બ્રેઈનવોશ કરીને તેની પાસેથી ખોટા આરોપો લગાવડાવવામાં આવ્યા હતા, પરંતુ હવે સત્ય બધાની સામે છે.'

વિવાદ દરમિયાન મોનાલિસાએ તેના માતા-પિતા અને ડિરેક્ટર સનોજ મિશ્રા પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. તેણે તેના માતા-પિતાના ચારિત્ર્ય પર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને સનોજ પર છેડતીનો આરોપ લગાવ્યો હતો. હવે સનોજ મિશ્રાનું કહેવું છે કે, 'આ બધું ફરમાને ફોસલાવીને કહેડાવ્યું હતું.' સનોજ મિશ્રાએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને પોતાની વાત રજૂ કરી. તેણે જણાવ્યું કે, 'વિવાદ દરમિયાન મારા પર છેડતીના જે આરોપો લગાવવામાં આવ્યા હતા, તે સંપૂર્ણપણે ખોટા હતા. મોનાલિસા એક ભોળી છોકરી છે, તેને ફોસલાવીને મારા અને તેના માતા-પિતા વિરુદ્ધ કરવામાં આવી.' 'તેના મગજમાં મારા વિરુદ્ધ ઝેર ભરવામાં આવ્યું, જેથી મને જેલમાં મોકલી શકાય. આ વિવાદોને કારણે હું એટલો ભાંગી પડ્યો હતો કે, ઘણી વાર મનમાં આત્મહત્યા કરવાનો વિચાર આવ્યો, પરંતુ ભગવાને મને હિંમત આપી.' સનોજ મિશ્રાએ આ સમગ્ર મામલાને 'લવ જેહાદ' સાથે જોડીને કેટલાક સંગઠનો પર ગંભીર આરોપો લગાવ્યા. તેણે કહ્યું કે, 'આયોગે પણ PFI અને CPI-M જેવા સંગઠનોની આ મામલામાં ભાગીદારી પર ચિંતા વ્યક્ત કરી છે.' સનોજનો દાવો છે કે, 'મોનાલિસાને પુખ્ત બતાવવા માટે નકલી આધાર કાર્ડ અને દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. આ માત્ર એક લગ્ન નહોતા, પરંતુ એક ઊંડું ષડયંત્ર હતું, જેને 'પ્રેમ'નું નામ આપીને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.' મોનાલિસાએ સનોજ મિશ્રા પર છેડતીનો આરોપ લગાવ્યો હતો. સનોજે જણાવ્યું કે, તે શરૂઆતથી જ મોનાલિસાના માતા-પિતા સાથે ઊભો રહ્યો હતો. જ્યારે પરિવારે પોતાની દીકરીને સગીર ગણાવી, ત્યારે સનોજે



તેમનો અવાજ દરેક મંચ પર ઉઠાવ્યો. તેણે મધ્યપ્રદેશ પોલીસ અને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં ફરિયાદ નોંધાવી હતી.

સનોજે કહ્યું, 'મારો ગુનો શું હતો? શું લવ જેહાદ અને ધર્માંતરણ જેવા મુદ્દાઓ પર ફિલ્મ બનાવવી ગુનો છે? મને ચૂપ કરાવવા માટે દરેક સંભવ પ્રયાસ કરવામાં આવ્યા, પરંતુ હું પાછળ હટ્યો નહીં.'

મોનાલિસા મહાકુંભ દરમિયાન પોતાની તસવીરોને કારણે ચર્ચામાં આવી હતી. 11 માર્ચ 2026ના રોજ તેણે ફરમાન ખાન સાથે લગ્ન કર્યાં હતાં, ત્યારબાદથી જ તેની ઉંમરને લઈને વિવાદ શરૂ થઈ ગયો હતો. સનોજ મિશ્રા અને પરિવારનો દાવો હતો કે તે સગીર છે, જ્યારે ફરમાન તેને 18 વર્ષની કહી રહ્યો હતો. હવે આયોગની તપાસમાં સ્પષ્ટ થઈ ગયું છે કે લગ્ન સમયે મોનાલિસાની ઉંમર માત્ર 16 વર્ષ, 2 મહિના અને 12 દિવસ હતી.વાઈરલ મહાકુંભ ગર્લના લગ્નના મામલે રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ (NCST)ની તપાસમાં મોટો ખુલાસો થયો છે. છોકરીને પુખ્ત ગણાવીને લગ્ન કરાવવામાં આવ્યા હતા, પરંતુ તે સગીર છે. રેકોર્ડ મુજબ, લગ્ન સમયે છોકરીની ઉંમર માત્ર 16 વર્ષ 2 મહિના હતી. કુંભ વાઈરલ ગર્લના લગ્નના મામલે રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ (NCST)ની તપાસમાં મોટો ખુલાસો થયો છે. છોકરીને પુખ્ત ગણાવીને લગ્ન કરાવવામાં આવ્યા હતા, પરંતુ તે સગીર છે. રેકોર્ડ મુજબ, લગ્ન સમયે છોકરીની ઉંમર માત્ર 16 વર્ષ 2 મહિના હતી. મધ્યપ્રદેશના મહેશ્વર પોલીસ સ્ટેશનમાં આરોપી ફરમાન વિરુદ્ધ પોક્સો એક્ટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ FIR નોંધવામાં આવી છે. આયોગના અધ્યક્ષ અંતર સિંહ આર્યના નેતૃત્વમાં થયેલી તપાસમાં મહેશ્વર હોસ્પિટલના રેકોર્ડ્સ તપાસવામાં આવ્યા. NCSTએ આ મામલે કેરળ અને મધ્યપ્રદેશના પોલીસ મહાનિર્દેશક (DGP)ને દિલ્હી બોલાવ્યા છે.આયોગ અધ્યક્ષ અંતર સિંહ આર્યના નેતૃત્વમાં તપાસ ટીમે મહેશ્વર હોસ્પિટલના રેકોર્ડ્સ તપાસ્યા. તપાસમાં એ પણ સામે આવ્યું કે યુવતીનો જન્મ 30 ડિસેમ્બર 2009ના રોજ થયો હતો. 11 માર્ચ 2026ના રોજ કેરળમાં થયેલા લગ્ન સમયે તે સગીર હતી. નગરપાલિકા મહેશ્વર દ્વારા જારી કરાયેલા એક નકલી જન્મ પ્રમાણપત્રનો ઉપયોગ કરીને કેરળના પુઅર ગામમાં લગ્નની નોંધણી કરવામાં આવી હતી, જેને હવે રદ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.આ મામલે એડવોકેટ પ્રથમ દુબેએ આયોગ સમક્ષ કેરળના CPI-M નેતાઓ અને PFI જેવી સંસ્થાઓની સંભવિત સંડોવણીનો મુદ્દો ઉઠાવ્યો છે. આરોપ છે કે આ નિકાહ કોઈ મોટા એજન્ડાનો ભાગ હોઈ શકે છે. આની પાછળ વિદેશી ફંડિંગની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપી અને પીડિતા છેલ્લા ત્રણ મહિનાથી વીઆઈપી હોટલોમાં રોકાઈ રહ્યા હતા. આયોગ આ મામલાની તપાસ આદિવાસી બાળકોની તસ્કરીના એંગલથી પણ કરી રહ્યું છે.મામલાની ગંભીરતાને જોતા રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગે 22 એપ્રિલ 2026 ના રોજ કેરળ અને મધ્ય પ્રદેશના પોલીસ મહાનિર્દેશક (DGP) ને દિલ્હી મુખ્યાલયે બોલાવ્યા છે.

આયોગે બંને રાજ્યોની પોલીસને દર ત્રણ દિવસે તપાસની પ્રગતિ રિપોર્ટ સોંપવાના નિર્દેશ આપ્યા છે. સાથે જ એ પણ સ્પષ્ટ કર્યું છે કે પીડિત આદિવાસી દીકરીને ન્યાય અપાવવા માટે મામલા પર સતત નજર રાખવામાં આવશે.

### 1 મહિનો રેલવે સ્ટેશને રહ્યો, ઈસ્કોનમાં પ્રસાદ લેતો; અંતે 'ખિલાડી કુમાર' સાથે ભેટો થયો

# રેપિડો રાઈડર અક્ષયને મળવા રાજકોટથી મુંબઈ ચાલીને પહોંચ્યો:18 દિવસે પહોંચ્યો



એક્ટર અક્ષય કુમારને મળવા માટે રાજકોટ નિવાસી અશોક કંજારિયા નામનો યુવાન 700 કિલોમીટરની ચાલીને રાજકોટથી મુંબઈ પહોંચ્યો. તે 17 ફેબ્રુઆરી 2026ના રોજ તિરંગો લઈને ઉઘાડા પગે રાજકોટથી નીકળ્યા અને 18 દિવસમાં મુંબઈ પહોંચ્યો. જોકે, મુંબઈ પહોંચ્યા પછી ઘણા દિવસો સુધી અક્ષય સાથે તેની મુલાકાત થઈ શકી નહીં. આ પછી તેણે શહેરમાં જ રોકાઈને પ્રયાસો ચાલુ રાખ્યો. તે ઘણી વાર અક્ષય કુમારના ઘરની બહાર પહોંચ્યો, પરંતુ તેને મળવામાં સફળતા મળી નહીં. 'દેશ ગુજરાત'ના રિપોર્ટ અનુસાર, અશોક કંજારિયાએ હાર ન માની અને લગભગ એક મહિના સુધી મુંબઈમાં રાહ જોઈ. આ દરમિયાન તે ફૂટપાથ અને રેલવે સ્ટેશન પર રહ્યો. તેનો લગભગ 14 હજાર રૂપિયા ખર્ચ થયો. તે જુહુ બિચ પર રેતીમાં સૂઈ રહેતો તો ઘણીવાર કોઈ રેલવે સ્ટેશને સૂતો. તે ઈસ્કોન મંદિરમાં પ્રસાદ લેતો હતો. તેના પરિવારમાં પત્ની અને બે પુત્રો રાજકોટમાં તેની રાહ જોઈ રહ્યા હતા. અશોક કંજારિયા તિરંગો લઈને નીકળ્યા હતા. તેણે સંકલ્પ લીધો હતો કે જ્યાં સુધી અક્ષય કુમારને મળીશ નહીં, ત્યાં સુધી પગ ખુલ્લા રાખીશ. 6 માર્ચે મુંબઈ પહોંચ્યા પછી તેને એક મહિના સુધી રાહ જોવી પડી. આખરે 8 એપ્રિલે મુલાકાત થઈ શકી. અક્ષય કુમારે પોતાની સિક્યોરિટી ટીમને તેને બોલાવવાનો નિર્દેશ આપ્યો હતો. અશોકે તક જતી ન રહે, એમ વિચારીને સવારે 7 વાગ્યે જુહુ પહોંચી ગયો. પછી સવારે 8:30 વાગ્યે તેમની અક્ષય કુમાર સાથે મુલાકાત થઈ.

મુલાકાત દરમિયાન અક્ષયે અશોકને 'ખુશ રહે બેટા' કહીને શુભેચ્છા આપી અને સાથે ફોટો પણ પડાવ્યો. સાથે જ અક્ષયે અશોકને ખુલ્લા પગે ચાલવાની ના પાડી અને તેને ખોટું ગણાવ્યું. અશોક રેપિડો રાઈડર છે પણ ચાલીને મુંબઈ પહોંચ્યો હતો. એક મહિનો રાહ જોયા પછી તે અક્ષય કુમારને મળી શક્યો હતો. 2019માં દ્વારકાનો પરબત માડમ નામનો 20 વર્ષીય યુવાન અક્ષય કુમારને મળવા દ્વારકાથી પગપાળા મુંબઈ જવા નીકળી પડ્યો હતો. આ દરમિયાન તે અંદાજે 1 હજાર કિલોમીટર ચાલી મુંબઈ પહોંચ્યો હતો. આ અંગે પરબત માડમે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, અક્ષય કુમાર દેશભક્તિની ફિલ્મ્સ કરી સમાજને રાહ ચીંધી એક મેસેજ આપે છે. માત્ર એટલું જ નહીં, અક્ષય કુમારની જેમ પરબત પણ પોતે ફિટનેસ મામલે અવ્વલ છે. જેથી અક્ષય કુમાર તેનો ફેવરિટ સ્ટાર છે. તે અક્કીને પગપાળા મળીને યુવાનોને પ્રેરણા આપવા માગે છે.પરબત માડમ અક્ષયનો એવો જબરો ફેન છે કે, તેને પોતના નામની આગળ ખિલાડી લગાવી દીધું. આ અંગે પરબતે વધુમાં જણાવ્યું હતુ કે મારા બનેવી મુંબઈમાં છે. જ્યારે તેની અક્ષય કુમાર સાથે મુલાકાત થઈ ત્યારે તેમણે અક્ષયને કહ્યું કે મારો સાળો દ્વારકાથી પગપાળા તમને મળવા નીકળી ગયો છે. એક હજાર કિલોમીટર ચાલીને આવી રહ્યો છે. આ વાત સાંભળીને અક્ષય પણ ચોંકી ગયો અને કહ્યું કે તે તેને જરૂર મળશે. મારા ભાણેજ સાથે અક્ષય કુમારે ફોટો પણ પડાવ્યો છે. મારો ભાણેજને જ્યારે ત્રીજા માળેથી પડ જવાને કારણે માથામાં ઈજા પહોંચી ત્યારે મારા બનેવી અક્ષયના ઘર બહાર ઉભા રહ્યાં હતાં અને અક્ષય આવ્યો ત્યારે તેને મળ્યાં અને મારા અંગે અક્ષય સાથે વાત કરી. અક્ષય કુમારે વીડિયો શેર કરીને લખ્યું, જો આપણા યુવાનો તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આ પ્રકારની યોજના અને સંકલ્પનો ઉપયોગ કરશે તો પછી અમને કોઈ રોકી નહીં શકે. આપ સૌને મળવું હંમેશાં ઉત્તમ છે

### 'ધુરંધર' સ્ટાર RSS હેડક્વાર્ટર પહોંચ્યોઃ

# રણવીર સિંહે નાગપુરમાં મોહન ભાગવત સાથે ખાસ મુલાકાત કરી, સંઘના સ્થાપકને શ્રદ્ધાંજલિ પાઠવી



'ધુરંધર' એક્ટર રણવીર સિંહ શુક્રવારે મહારાષ્ટ્રના નાગપુરમાં સ્થિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સ્થાપક કેશવ બલિરામ હેડગેવારના સ્મારક પર ગયો હતો. જ્યાં તેણે તેમને શ્રદ્ધાંજલિ આપી અને સંગઠનના વરિષ્ઠ પદાધિકારીઓ સાથે મુલાકાત કરી હતી.

પીટીઆઈ (ન્યૂઝ એજન્સી)ના રિપોર્ટમાં જણાવાયું છે કે, એક્ટરે સંઘના બીજા સરસંઘચાલક એમ. એસ. ગોલવલકરના સ્મારક પર જઈને તેમને પણ શ્રદ્ધાંજલિ આપી. રણવીર બપોરે લગભગ 4 વાગ્યે મુંબઈથી ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા નાગપુર પહોંચ્યો. તે રેશિમબાગ સ્થિત હેડગેવાર સ્મૃતિ મંદિર પરિસરમાં ગયો, જે RSS સાથે સંકળાયેલું મુખ્ય સ્થળ છે.

'ઈન્ડિયા ટુડે'ના રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને જણાવાયું છે કે, આ મુલાકાત ટૂંકી, પરંતુ મહત્વપૂર્ણ રહી. રણવીરે RSS પદાધિકારીઓ સાથે અનેક વિષયો પર વાતચીત કરી. જોકે, આ ચર્ચાઓની માહિતી સાર્વજનિક કરવામાં આવી નથી. એરપોર્ટ અધિકારીઓએ પણ તેના આગમન અને પ્રસ્થાનની પુષ્ટિ કરી. રણવીર સિંહ સાંજે લગભગ 8 વાગ્યે મુંબઈ પાછો ફર્યો.એક ચાહક દ્વારા ક્લિક કરાયેલી રણવીર સિંહના નાગપુર પ્રવાસની આ તસવીર સોશિયલ મીડિયા પર સામે આવી છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના રિપોર્ટ અનુસાર, રણવીર સિંહે નાગપુરમાં RSS પ્રમુખ મોહન ભાગવત સાથે પણ મુલાકાત કરી. આ મુલાકાત RSS હેડક્વાર્ટરમાં થઈ હતી. જોકે, સંગઠને કોઈ ઓફિશિયલ નિવેદન જાહેર કર્યું નથી. RSS સાથે જોડાયેલા લોકોએ રેશિમબાગ સ્થિત સ્મૃતિ ભવનમાં રણવીરના પ્રવાસની પુષ્ટિ કરી છે. જોકે, તેના આ પ્રવાસનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. નોંધનીય છે કે, આ પહેલા રણવીર સિંહે RSSની સ્થાપનાના 100 વર્ષ પૂરા થવાના અવસરે એક વીડિયો મેસેજ જાહેર કરીને પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે કે, રણવીરનો આ પ્રવાસ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે તેની ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરી રહી છે અને તેણે દુનિયાભરમાં 1600 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરી લીધી છે. એક ચાહક દ્વારા ક્લિક કરાયેલી રણવીર સિંહના નાગપુર પ્રવાસની આ તસવીર સોશિયલ મીડિયા પર સામે આવી છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના રિપોર્ટ અનુસાર, રણવીર સિંહે નાગપુરમાં RSS પ્રમુખ મોહન ભાગવત સાથે પણ મુલાકાત કરી. આ મુલાકાત RSS હેડક્વાર્ટરમાં થઈ હતી. જોકે, સંગઠને કોઈ ઓફિશિયલ નિવેદન જાહેર કર્યું નથી. RSS સાથે જોડાયેલા લોકોએ રેશિમબાગ સ્થિત સ્મૃતિ ભવનમાં રણવીરના પ્રવાસની પુષ્ટિ કરી છે. જોકે, તેના આ પ્રવાસનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. નોંધનીય છે કે, આ પહેલા રણવીર સિંહે RSSની સ્થાપનાના 100 વર્ષ પૂરા થવાના અવસરે એક વીડિયો મેસેજ જાહેર કરીને પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે કે, રણવીરનો આ પ્રવાસ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે તેની ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ' એટલે કે 'ધુરંધર 2' બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરી રહી છે અને તેણે દુનિયાભરમાં 1600 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરી લીધી છે.

### ગુજ્જુ વ્હીલચેર ક્રિકેટરને મળવા સલમાન-રણવીર રોકાયા

# 'દબંગ' સ્ટારે ભીમા ખૂંટીને ઓટોગ્રાફ આપ્યો, 'ધુરંધર' એક્ટરે ઘૂંટણિયે બેસીને વાતચીત કરી



જામનગરમાં અનંત અંબાણીના 31મા જન્મદિવસ સમારોહમાં હાજરી આપ્યા બાદ સલમાન ખાને ઈન્ટરનેશનલ વ્હીલચેર ક્રિકેટર ભીમા ખૂંટી સાથે મુલાકાત કરી અને તેમની ટી-શર્ટ પર ઓટોગ્રાફ આપ્યો. ભીમા ખૂંટી એક આંતરરાષ્ટ્રીય વ્હીલચેર ક્રિકેટર છે અને ગુજરાત વ્હીલચેર ક્રિકેટ ટીમના કેપ્ટન છે. તેમણે કહ્યું કે, 'સુપરસ્ટાર હોવું એ અલગ વાત છે, પરંતુ એક સારો માણસ હોવું એ જ સાચો સ્ટાર બનાવે છે.' નોંધનીય છે કે, સલમાન ખાન અને રણવીર સિંહ જામનગરમાં આયોજિત અનંત અંબાણીના જન્મદિવસ સમારોહમાં હાજરી આપવા પહોંચ્યા હતા.

ભીમા ખૂંટીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર જે વીડિયો પોસ્ટ કર્યો છે, તેમાં જોઈ શકાય છે કે સલમાન જામનગરથી નીકળતી વખતે કડક સુરક્ષા વચ્ચે ભીમા ખૂંટીને મળવા માટે રોકાયા. તેમણે ભીમા ખૂંટીની ટી-શર્ટ પર ઓટોગ્રાફ આપ્યો અને થોડો સમય વાતચીત પણ કરી. સલમાનને મળ્યા પછી ભીમાએ લખ્યું કે, 'સપનાની કોઈ સીમા હોતી નથી, તેઓ ફક્ત હિંમત જુએ છે. ક્રિકેટના મેદાનથી લઈને સલમાન ખાન સાથેની મુલાકાત સુધીની સફર મારા માટે ગર્વની ક્ષણ રહી.' સલમાન ઉપરાંત રણવીર સિંહ પણ જામનગર એરપોર્ટ પર ભીમા ખૂંટીને મળ્યા. વીડિયોમાં રણવીર તેમની સામે ઘૂંટણિયે બેસીને વાતચીત કરતો, ઓટોગ્રાફ આપતો અને હાથ મિલાવતો જોવા મળ્યો. રણવીર સિંહ સાથેની મુલાકાતને લઈને ભીમાએ ભાવુક પોસ્ટ કરી. તેમણે લખ્યું કે, 'જીવનમાં કેટલીક ક્ષણો એવી હોય છે, જે ક્યારેય ભૂલાતી નથી અને આજનો દિવસ તેમાંથી એક હતો.' ભીમાએ રણવીર સિંહની સાદગી, નમ્રતા અને સન્માનની ભાવનાના ખૂબ વખાણ કર્યા. તેમણે કહ્યું કે, 'સુપરસ્ટાર હોવું એ અલગ વાત છે, પરંતુ એક સારો માણસ હોવું એ જ સાચો સ્ટાર બનાવે છે.' નોંધનીય છે કે, સલમાન ખાન અને રણવીર સિંહ જામનગરમાં આયોજિત અનંત અંબાણીના જન્મદિવસ સમારોહમાં હાજરી આપવા પહોંચ્યા હતા.

### ડેલનાઝ ઈરાનીએ કહ્યું, 'મારા માટે પૈસા કરતાં માનસિક શાંતિ વધારે જરૂરી હતી'

# 'કલ હો ના હો'ની સ્વીટીએ છૂટાછેડા પછી ભરણપોષણ માંગ્યું નહોતું



એક્ટ્રેસ ડેલનાઝ ઈરાનીએ તાજેતરમાં આપેલા ઈન્ટરવ્યુમાં પૂર્વ પતિ રાજીવ પોલ પાસેથી છૂટાછેડા (2012) પછી ભરણપોષણ ન લેવાની વાત કહી. તેણે જણાવ્યું કે, તેમના લગ્ન 1998માં થયા હતા, બંને 2010માં અલગ થયા હતા અને તેણે કાનૂની લડાઈ કરતાં માનસિક શાંતિને પ્રાધાન્ય આપ્યું.

ડેલનાઝ ઈરાનીએ 'હોટરફ્લાય'ને આપેલા ઈન્ટરવ્યુમાં પોતાના સંબંધો વિશે ખાલીને વાત કરી. તેણે જણાવ્યું કે, તેના માટે છૂટાછેડા લેવાનો નિર્ણય સરળ નહોતો, કારણ કે તે એક પારસી મધ્યમ વર્ગના પરિવારમાંથી આવે છે, જ્યાં છૂટાછેડા સામાન્ય બાબત રહી નથી. તેણે કહ્યું કે, 'મારા પરિવારમાં લાંબા સમય સુધી સંબંધો નિભાવવામાં આવ્યા છે, તેથી આ ભાવનાત્મક રીતે મારા માટે મુશ્કેલ સમય હતો.' ડેલનાઝ ઈરાનીએ 'કલ હો ના હો', 'યસ બોસ', 'ભૂતનાથ' જેવી ફિલ્મો અને 'અકબર બીરબલ' જેવા શોમાં કામ કર્યું છે.

ડેલનાઝ અનુસાર, મીડિયામાં 2010માં સેપરેશનના સમાચાર આવ્યા, પરંતુ તેમના સંબંધોમાં તિરાડ ઘણી પહેલા આવી ગઈ હતી. તેણે એમ પણ કહ્યું કે, તેણે પોતાના માતા-પિતાથી લગ્નમાં ચાલી રહેલી સમસ્યાઓને છુપાવી રાખી હતી. તેના પિતાને 2010માં હાર્ટ એટેક આવ્યો હતો અને 2011માં તેમનું નિધન થયું.એલિમનીને લઈને ડેલનાઝે કહ્યું, 'મને કંઈ પણ મળ્યું નથી. ખરેખરમાં, જે મારું હતું, મેં તેને જવા દીધું. એવું નથી કે મેં કોઈ વસ્તુને પોતાની પાસે રાખી હોય.' એક્ટ્રેસે કહ્યું કે, 'છૂટાછેડા ખૂબ જ જટિલ હતા કારણ કે એક પાર્ટનર છૂટાછેડા ઈચ્છતો હતો અને બીજો નહીં. પણ મેં તેને એમ જ છોડી દીધું. મેં તેને જવા દીધું કારણ કે મેં દરેક વસ્તુથી ઉપર મારી શાંતિ પસંદ કરી.' છૂટાછેડાના થોડા સમય પછી ડેલનાઝ અને રાજીવ રિયાલિટી શો 'બિગ બોસ 6'માં એકસાથે સ્પર્ધક તરીકે જોવા મળ્યાં હતાં. નોંધનીય છે કે, ડેલનાઝ અને રાજીવ પોલની મુલાકાત 1993માં ટીવી શો 'પરિવર્તન'ના સેટ પર થઈ હતી, ત્યારબાદ 1998માં લગ્ન થયા. જોકે, પરસ્પર મતભેદોને કારણે 14 વર્ષ પછી તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો. છૂટાછેડા પછી ડેલનાઝ ઈરાની લાંબા સમયથી ડીજે પર્સી કરકરિયા સાથે રિલેશનશિપમાં છે. જ્યારે, રાજીવ પોલ હાલ સિંગલ લાઈફ જીવી રહ્યા છે. પણ મેં તેને એમ જ છોડી દીધું. મેં તેને જવા દીધું કારણ કે મેં દરેક વસ્તુથી ઉપર મારી શાંતિ પસંદ કરી.' છૂટાછેડાના થોડા સમય પછી ડેલનાઝ અને રાજીવ રિયાલિટી શો 'બિગ બોસ 6'માં એકસાથે સ્પર્ધક તરીકે જોવા મળ્યાં હતાં. નોંધનીય છે કે, ડેલનાઝ અને રાજીવ પોલની મુલાકાત 1993માં ટીવી શો 'પરિવર્તન'ના સેટ પર થઈ હતી, ત્યારબાદ 1998માં લગ્ન થયા. જોકે, પરસ્પર મતભેદોને કારણે 14 વર્ષ પછી તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો. છૂટાછેડા પછી ડેલનાઝ ઈરાની લાંબા સમયથી ડીજે પર્સી કરકરિયા સાથે રિલેશનશિપમાં છે. જ્યારે, રાજીવ પોલ હાલ સિંગલ લાઈફ જીવી રહ્યા છે.